વર્ષ : 7 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2017
સળંગ અંક : 41

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

દિલ્હીની મારી છેલ્લી મુલાકાત વખતે ગાંધીજીને વંદના કરવા માટે જ્યારે હું ગાંધી-સમાધિ પાસે ઊભો હતો ત્યારે મને મનમાં વિચાર આવી રહ્યો હતો કે જેમાં કોઈ દેશનેતાએ રાજકીય મુક્તિ મેળવવા માટે સફળતાપૂર્વક જંગ ખેલીને કેવળ પોતાના દેશબંધુઓનું જ નહીં, પરંતુ જેના શાસનમાંથી પોતે તે દેશના લોકોને મુક્ત કરવામાં સહાય કરી તે રાષ્ટ્રનું પણ કલ્યાણ કર્યું હોય એવું કોઈ બીજું ઉદાહરણ ક્યારેય સાંપડે ખરું ? ગાંધીજીએ ભારત ઉપર શાસન ચલાવ્યા કરવાનું મારા દેશના લોકો માટે અશક્ય બનાવી દીધું અને સાથે સાથે આ કાર્ય એમણે એવી રીતે સિદ્ધ કર્યું કે કોઈ પણ પ્રકારની ભોંઠપ, માનહાનિ કે અપકીર્તિ વહોર્યા વગર બ્રિટિશરો માટે આ દેશમાંથી પાછા હટી જવાનું શક્ય બન્યું. મારે કહેવું જોઈએ કે ગાંધીજીએ મારા દેશની જે સેવા બજાવી છે તે એમણે પોતાના દેશની બજાવેલી સેવાથી લેશમાત્ર પણ ઓછી મહાન નથી. આવું કહેવામાં કોઈ અતિશયોક્તિ હોય એવું લાગતું નથી. કોઈ સામ્રાજ્ય ઉપર આધિપત્ય જમાવવું એ પ્રમાણમાં આસાન કાર્ય છે, પરંતુ એક વખત એવું આધિપત્ય જમાવ્યા પછી તેને જતું કરી દેવું એ તો ભયાવહ રીતે કપરું કાર્ય છે. જ્યારે કોઈ સરકારને લડતનો સામનો કરવો પડે – પછી ભલે એ લડતનૈતિક રીતે વાજબી હોય – ત્યારે બળનો ઉપયોગ કરીને પોતાની સત્તા ટકાવી રાખવાના પ્રયત્નમાં સરી પડવાનું એના માટે ઘણું સહેલું છે, અને જો એક વખત પણ એ લડત હિંસાનું રૂપ ધારણ કરે તો કોઈ પણ પક્ષ માટે એમાંથી હેમખેમ પાર ઉતરવાનું અશક્ય થઈ પડે અને એમાં પણ શાસક પક્ષ માટે તો કોઈ પણ પ્રકારે માનભર્યા માર્ગની કશી સંભાવના રહે નહીં. ઇતિહાસની સામાન્યતમ કરુણતાઓમાંની આ એક છે. ગાંધીજીએ બ્રિટન અને ભારતને એમાંથી ઉગારી લીધાં – અને આ કાર્ય એમણે ક્ષુદ્ર રાજકારણની સપાટીથી પર એવા આધ્યાત્મિક સ્તર ઉપર સારી યે લડતને પ્રતિષ્ઠિત રાખવાની ભારતના લોકોને પ્રેરણા આપીને સિદ્ધ કર્યું.

**આર્નોલ્ડ ટોયન્બી**





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર સંચાલિત વિવિધ શાળાઓના શિક્ષકો પૈકી શ્રેષ્ઠતા હાંસલ કરનાર શિક્ષકોને 'શિક્ષક સજ્જતા કસોટી એવોર્ડ' એનાયત કરવાના પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો : આગળની હરોળ, જમણી બાજુથી : શ્રી મહેશભાઈ પટેલ, શ્રી ડી. ટી. કાપડિયા, ડૉ. કનુભાઈ પટેલ, ગુજરાત રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલ અને શ્રી મનુભાઈ પટેલ.



શ્રી આનંદીબહેન પટેલ ઉદ્‌બોધન કરી રહ્યાં છે.



સમારોહનાં મુખ્ય અતિથિ શ્રી આનંદીબહેન પટેલનું સ્વાગત મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ કરી રહ્યા છે.



'ફરતા આરોગ્ય રથ'નું રિબિન કાપી ઉદ્‌ઘાટન કરી રહેલા માનનીય શ્રી નીતિનભાઈ પટેલ. તેમની બાજુમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.



માનનીય શ્રી નીતિનભાઈ પટેલ 'ફરતા આરોગ્ય રથ'નું ઉદ્‌ઘાટન કર્યા બાદ 'પ્રેસ કોન્ફરન્સ'માં પ્રત્યુત્તર આપી રહ્યા છે. તેમની બાજુમાં શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી ડી. ટી. કાપડિયા વગેરે દ્રશ્યમાન થાય છે.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૭, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૭; સળંગ અંક : ૪૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : મોહનમાંથી મહાત્મા
મણિભાઈ પ્રજાપતિ ૧
● પ્રાસંગિક : શિક્ષક સજ્જતા કસોટી ઍવોર્ડ ૫
૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-
ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી ૧૨
૨. બારડોલી આશ્રમમાં ગાંધીજી
ઉત્તમચંદકાકાના મુખે — નરેશ ઉમરીગર ૧૬
૩. ડૉ. ઠાકોરલાલ પંડ્યા — મોહનલાલ પટેલ ૨૦
૪. વિશ્વની ઉત્પત્તિ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૩
૫. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૧
– યુનિવર્સિટીની સ્થાપનાનો વૃત્તાંત :
ઉત્તર ગુજરાત યુનિવર્સિટી... / કુલીનચંદ્ર યાજ્ઞિક
– એ મને હંમેશાં યાદ રહેશે / આનંદીબહેન પટેલ
– જૈન વિશ્વકોશ : જૈન ધર્મનો સર્વપ્રથમ
એન્સાઈક્લોપીડિયા : ખંડ-૨ / સંપાદકો :
ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા
૬. સંસ્થા સમાચાર
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૯
– શાળા વિભાગ ૪૪

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### મોહનમાંથી મહાત્મા

૨ ઑક્ટોબર, ૨૦૧૭ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૮મી જન્મજયંતીનું પર્વ. પ્રતિવર્ષ આ રાષ્ટ્રીય-પર્વની ઉજવણી ગાંધીવિચારને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ગૌરવ અને હૃદયોલ્લાસ સાથે કરવામાં આવે છે. આ નિમિત્તે 'રાજઘાટ' ઉપર આયોજિત પ્રાર્થનાસભામાં દેશના પ્રધાનમંત્રી, પક્ષ-વિપક્ષના રાજનેતાઓ વગેરે અચૂક જોડાતા હોય છે, જ્યારે સાબરમતી આશ્રમમાં આયોજિત પ્રાર્થનાસભામાં રાજ્યના કોઈ મંત્રીશ્રી, કાર્યકાળ દરમિયાનના કોઈ અધિકારી, કુલપતિ કે આચાર્ય વગેરે એક નાગરિક તરીકે ઉપસ્થિત રહેતા જોવા મળતા નથી. આ પણ એક વિડમ્બના છે. રાષ્ટ્રગૌરવના આ અને આ પ્રકારના અન્ય કાર્યક્રમોમાં આ વર્ગની અનુપસ્થિતિ ઘણુંબધું કહી જાય છે. આકસ્મિક પરિસ્થિતિજન્ય સમયાભાવને બાદ કરતાં આ વર્ગને કયો Protocol - શિષ્ટાચાર - આમ કરવા બાધ્ય કરતો હશે ? આ સાથે બીજું આશ્ચર્ય એ કે આજે સવિશેષતઃ રાજકારણીઓ તથા સમાજસેવકો (સ્વકેન્દ્રી હેતુઓની ગાંધીનિસરણી થકી પ્રાપ્તિને બાદ કરતાં), યુવાવર્ગ વગેરે ગાંધીજીથી વિમુખ થતો જાય છે, તેમજ શાશ્વત ગાંધીમૂલ્યોનો હ્રાસ થતો જોવા મળે છે. વળી, આપણને પ્રસંગોપાત્ત સાંભળવા પણ મળતું હોય છે કે ગાંધીજી / ગાંધીવિચાર દર્શન મને પસંદ નથી. નિખાલસતા સાથે કબૂલ કરવું રહ્યું કે બ્રહ્મચર્ય, રેલવે, ભારે કારખાનાં વગેરે સંબંધી ગાંધીજીના કેટલાક વિચારો કે પ્રયોગો આજે સ્વીકાર્ય ન પણ બની શકે. પરંતુ પ્રશ્ન એ છે કે આ પ્રકારના પ્રતિભાવો આપનારાઓને પૂછવામાં આવે કે આપે મહાત્મા ગાંધી કૃત 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'મંગળપ્રભાત', 'હિંદ સ્વરાજ' વગેરે પૈકી કોઈ એકાદ ગ્રંથ અથવા ગાંધીજી વિષયક લખાયેલા ગ્રંથો પૈકી શું શું વાંચ્યું છે અને શા કારણે આ પ્રકારની વિચારસરણી બંધાઈ છે ત્યારે તેમનો પ્રત્યુત્તર નિરાશ કરે તેવો હોય છે. અર્થાત્ આ પ્રકારના વ્યક્તિઓ પૈકી ઘણાખરાઓ ગાંધીસાહિત્યના વાચનથી

વેગળા જ રહ્યા છે. આવી ધારણાઓ બંધાયા પાછળ ગાંધીવિચાર સંબંધી સાંભળેલી અર્થહીન અને બેબૂનિયાદ વાતો, ગાંધીવિચારદર્શનના ઘણાખરા અનુયાયીઓ કે ખાદીધારીઓનાં કરણી અને કથનીમાં તાલમેલનો અભાવ, ગાંધીસાહિત્યના વાચનથી વિમુખતા વગેરે કારણો જવાબદાર ગણાવી શકાય. એક ડગલું આગળ જઈને કહેવું રહ્યું કે ગાંધીસાહિત્યની વાત તો દૂર રહી પણ 'કમ સે કમ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ના વાંચન સંદર્ભે પ્રાથમિકથી યુનિવર્સિટી શિક્ષણના પ્રચાર-પ્રસારની સ્વેચ્છાએ જવાબદારી સ્વીકારનારા આપણા શિક્ષકો / અધ્યાપકોનો સર્વે કરવામાં આવે તો તેનાં પરિણામો ઓછા આંચકાકારક તો નહીં જ હોય તેવું વિનમ્ર મંતવ્ય એક ગ્રંથાલયી તરીકેના પ્રાયઃ ચાર દસકના અનુભવના આધારે કલ્પી રહ્યો છું.

દિનપ્રતિદિન વધતા જતા હિંસા અને આતંકના આ યુગમાં વાચન પ્રતિ ઉદાસીનતા, મોબાઈલમાં મસ્ત, સામુદાયિક ભાવનાના સ્થાને વ્યક્તિકેન્દ્રી વિચારધારાથી ગ્રસ્ત, મીડિયાથી પ્રભાવિત અને સવિશેષતઃ ભારતીય સંસ્કૃતિનાં મૂળિયાંથી દિનપ્રતિદિન દૂર થતાં જતાં આપણાં બાળકોને, આપણા વિદ્યાર્થીઓને આપણા વ્યવહારજીવનની ગીતા / કુરાન / બાઈબલ સમાન 'સત્યના પ્રયોગો'નું પારાયણ સત્યના આરાધક ગાંધીજીને પામવા માટે તથા બાળકો / વિદ્યાર્થીઓના સંતુલિત વિકાસ માટે ઉપકારક બની રહેશે. સવિશેષતઃ આ 'કથા' અને ગાંધીજી કૃત અન્ય ગ્રંથો આપણાં વિદ્યાર્થીઓ અને યુવાવર્ગ માટે એક સામાન્ય બાળક / વિદ્યાર્થી મોહન – ભણવામાં બહુ તેજસ્વી નહીં. રાજ્યના દીવાનનો પુત્ર, છતાં ઈંગ્લૅન્ડ ભણવા જવાનું થતાં થનાર ખર્ચ પેટે ઘરમાં કોઈ જ સિલક નહીં - 'મહાત્મા'ના સન્માનનો અધિકારી કઈ રીતે બની શક્યો તેના આંતરવિકાસની, પોતે વેઠેલ સંઘર્ષોની અને તેનાં પરિણામોની કથા છે, જે તેના વાચક માટે રોલ મોડેલ બની શકે તેટલી બળૂકી છે. ગાંધીજીએ આ ગ્રંથની પ્રસ્તાવનામાં નોંધેલ શબ્દો : 'મારે આત્મકથા ક્યાં લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે... પણ મૂળથી જ મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારું શક્ય છે તે બધાને સારું શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી થયા, નથી રહ્યા... પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા એ જ ખરાં છે એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી... ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો' તેમની નિખાલસતા, હૃદયની સચ્ચાઈ અને જૈનદર્શનના અનેકાન્તવાદને ખરા અર્થમાં આત્મસાત કર્યાનાં પ્રતીતિકારક બની રહે છે.

મહાત્મા ગાંધીની બાળક મોહનથી શરૂ કરીને અંતિમ વિદાય સુધીની જીવનચર્યા જોતાં તેમના અગણિત ગુણો કે જે આચરણની આકરી ભઠ્ઠીમાં તપીને વિશુદ્ધ થયેલા છે. ઉદા. તરીકે સત્ય, અહિંસા, સાધ્ય-સાધન શુદ્ધિ, ત્યાગભાવના, નિર્ભયતા, નિયમિતતા, સમયપાલન, સાદગી, સેવાભાવના, મનુષ્ય માત્ર સાથે સમાન બંધુભાવ, સારા વાચક વગેરે - જોકે વિષ્ણુસહસ્રનામ / લક્ષ્મીસહસ્રનામની માફક આ યાદી સહસ્રાધિક થાય - સ્પર્શી જાય તેવા છે. આ પૈકી સત્ય અને અહિંસાપાલનમાં આ બધા જ ગુણોનો સમાવેશ થઈ જાય છે અને તેથી જ રામનારાયણ ના. પાઠક 'અલૌકિક સત્યનિષ્ઠાને લીધે જ તેઓ (ગાંધીજી) મોહનમાંથી મહાત્મા થયા' તેમ જણાવે છે. આ સાથે જ માનવ સહજ દોષો જેમકે ચોરી, ધૂમ્રપાન, માંસાહાર, જૂઠ, વેશ્યાગમન કરવું પરંતુ બચી જવું વગેરેનો પરિસ્થિતિવશ શિકાર બનતા પણ જોવા મળે છે. પરંતુ આ વિશે આત્મખોજ કરી સત્ય લાધતાં આ બધી ભૂલોનો એકરાર કરવાની હિંમત પણ કરે છે અને આવા દોષો ભવિષ્યમાં નહીં આચરે તે માટે આજીવન પ્રતિજ્ઞાબદ્ધ પણ બની રહે છે. આ સંબંધી બે ઉદાહરણો પર્યાપ્ત થશે : (૧) સોનાનું કડું કપાવીને કરેલ ચોરી વિશે પિતાને ચિઠ્ઠી લખી હાથોહાથ આપીને કબૂલાત કરવી : 'તેમણે ચિઠ્ઠી વાંચી, આંખોમાંથી મોતીનાં બિંદુ ટપકતાં.... હું પણ રડ્યો.... એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો.... મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો... હું જાણું છું કે મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.' (૨) દરિયાઈ માર્ગે વિલાયત ભણવા જતાં એક ભલા અંગ્રેજે ઇંગ્લૅન્ડમાં માંસાહારની અનિવાર્યતા જણાવી ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે 'તમારી સલાહને સારુ આભાર માનું છું, પણ તે ન લેવા હું મારાં માતુશ્રીની સાથે બંધાયેલો છું. તેથી તે મારાથી ન લેવાય. જો તે વિના નહીં જ ચાલતું હોય તો હું પાછો હિન્દુસ્તાન જઈશ, પણ માંસ તો નહીં જ ખાઉં.' આશ્ચર્ય તો એ છે કે બાલ્યવયના આ બધા જ દોષોની નોંધ 'આત્મકથા'માં કરીને પોતાના વિશે કશું જ છુપાવતા નથી. અરે ! છેક પચાસ વર્ષની ઉંમરે પોતે સરલાદેવી પ્રત્યે મધુર આકર્ષણ અનુભવતા હતા તે વિશે જીવનના સંધ્યાકાળે એટલે કે મહાત્મા તરીકે પ્રસ્થાપિત થઈ ગયા હતા ત્યારે ૧૯૪૭ના માર્ચ માસમાં તેમણે રાજકુમારી અમૃત કૌરને લખ્યું હતું : 'એક અપવાદ બાદ કરતાં મેં કદી કોઈ સ્ત્રીને કામુકતાની નજરે જોઈ નથી. જેની વાત મેં કરી તે એક જ કિસ્સામાં પણ મારો હેતુ તેને ભ્રષ્ટ કરવાનો ન હતો. આમ છતાં મારે કબૂલ કરવું જોઈએ કે એ કિસ્સામાં મારો સ્પર્શ કામુકતા ધરાવનારો હતો' (Raj Mohan Gandhi – The Good Boatman, P. ૧૮૧; ઉદ્ધૃત : ગુણવંત શાહ, ગાંધીની લાકડી પૃ. ૭૪). સ્વીકારવું રહ્યું કે આ કબૂલાત અને બ્રહ્મચર્ય વિશેના તેમના પ્રયોગો એક માત્ર તેઓ જ કરી શકે. આ સાથે જ પોતાની પ્રકૃતિગત કેટલીક મર્યાદાઓ જેમકે શરમાળપણું,

ભીરુતા, વિષયાસક્ત, પ્રારંભિક સમયમાં ભાષણ કરવામાં સંકોચ અને સામાન્ય વાચન મર્યાદિત હોવું વગેરે પણ જાહેર કરવામાં સંકોચ અનુભવતા નથી. તેમણે 'આત્મકથા'ની પ્રસ્તાવનામાં પણ નોંધ્યું છે કે 'મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે, હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઇચ્છા નથી'. નારાયણ દેસાઈના શબ્દોમાં 'ગાંધીની કથા એક સાધારણ - તમારા - મારા જેવો જ માનવી - જો સતત મથતો રહે તો કેટલે સુધી પહોંચી શકે છે, તેની દાસ્તાન છે. સત્યની શોધનો ગુણ ગાંધી માના દૂધમાંથી લઈને આવ્યા છે. એની એમણે તમે અને હું સમજી શકીએ એવી સીધી સાદી વ્યાખ્યા કરી છે - જેવું વિચારવું તેવું ઊચરવું અને જેવું ઊચરવું તેવું આચરવું. મન, વચન અને કર્મની આ સીધી કેડી જ એમને ક્રાંતિ અને સાધનાના અવિચ્છેદ્ય પથ પર એક પછી એક ટૂકો ચડાવતી ગઈ છે.'

**ગાંધીજીના જીવનનું ઊર્ધ્વારોહણ કરાવતી કેટલીક નોંધપાત્ર ઘટનાઓ :**

૩૧ મે, ૧૮૯૩ના રોજ ગાંધીજી પ્રથમ વર્ગની ટિકિટ સાથે રેલવેમાં મુસાફરી દરમિયાન નાતાલના મેરિત્સબર્ગ સ્ટેશને ગોરા અધિકારીએ છેલ્લા ડબામાં જવા કહેવા છતાં તે જાતે ન ઊતર્યા. પોલીસે તેમનો સામાન બહાર ફેંકીને ઉતારી દીધા હતા ત્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં ઠૂંઠવાઈને પડ્યા રહ્યા તેમજ સામાનને પણ હાથ ન અડાડ્યો. બીજા દિવસે રેલવેના વડા અધિકારીને તાર કરતાં તેણે સ્ટેશન માસ્તરને પ્રિટોરિયા જતી બીજી ગાડીમાં ફર્સ્ટ કલાસના વર્ગમાં બેસાડવાની સગવડ કરી આપવા જણાવ્યું. આમ અહીંથી સત્યાગ્રહના શ્રીગણેશ કર્યા.

ચાર્લ્સટાઉન સ્ટેશનેથી ઘોડાગાડીમાં બહારના ભાગમાં બેસીને જોહાનિસબર્ગ જતાં ગોરાએ તેમને તેના પગ પાસે બેસવાનું કહેતાં તેનો અસ્વીકાર કરતાં ઢોર-માર સહન કરતાં પોતાની જગ્યાએ અડગ રહ્યા. રાતે સ્ટેન્ડરટન સ્થળે કંપનીના એજન્ટને ફરિયાદ કરતાં ઘોડાગાડીની અંદર બેસવાની સગવડ કરી આપી. આમ છતાં એ મારનાર ગોરા ઉપર ફરિયાદ કરી કામ ચલાવવાનો વિચાર પણ ન કર્યો.

ગિરમીટિયા બાલાસુંદરમને તેના માલિક પાસેથી છોડાવતાં 'ગાંધીભાઈ'ના હુલામણા નામથી ખ્યાત થયા.

ઈ.સ. ૧૮૯૭માં ડરબન બંદરે ઊતર્યા બાદ ગોરાઓ દ્વારા તેમનો ભારે વિરોધ કરવો અને મૂઢ માર મારવાના કારણે ઇંગ્લેન્ડના વડાપ્રધાન ચેમ્બરલેન અને અન્ય અગ્રણીઓનો વિરોધ કરનાઓ ઉપર કામ ચલાવવાની તૈયારી હોવા છતાં ગાંધીજી દ્વારા તેમને માફ કરવા.

ઈ.સ. ૧૯૦૮માં પ્રિટોરિયામાં દસ આંગળાંની છાપ આપીને પરવાનો કઢાવવાના કિસ્સામાં ગેરસમજણના કારણે ગુસ્સામાં આવીને પઠાણ મીરઆલમ અને તેના સાથીઓ દ્વારા લાકડીઓનો મારો કરી ઘાયલ કરવા છતાં ક્ષમા આપવી.

કસ્તૂરબાની ગંભીર માંદગીના સમાચાર જાણવા છતાં જનરલ સ્મટ્સની કરાર ઉપર સહી ન થાય ત્યાં સુધી પ્રિટોરિયા ન છોડવાનો અડગ નિર્ણય કરતાં એન્ડ્રુઝે જનરલને રૂબરૂમાં મળીને વાત કરી ત્યારે સ્મટ્સે ગાંધીજીએ કામદારોની હડતાલ સંદર્ભે તૈયાર કરેલ સમાધાનના મુસદ્દાને ધ્યાનથી વાંચ્યા સિવાય સહી - સિક્કા કર્યા અને કહ્યું કે 'આખી દુનિયા જોઈ, પણ આવો માણસ ન જોયો.'

સરકાર સાથે તમામ સ્તરે અસહકારનો બૂંગિયો ફૂંકી પ્રજામાં આઝાદી મેળવવા માટે પ્રાણ પૂરવાનું કાર્ય કરતાં સરકારી છાપાંઓએ નોંધ્યું : 'ગાંધીએ આખું હિંદુસ્તાન સળગાવી મૂકયું.'

૧૨ માર્ચ, ૧૯૩૦ ના રોજ દાંડીકૂચ આરંભતાં પ્રતિજ્ઞા કરી કે 'કાગડા - કૂતરાને મોત મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહીં ફરું.' ઈ.સ. ૧૯૪૨ના ઑગષ્ટની ૮મી તારીખે 'અંગ્રેજો ભારત છોડો'ની હાકલ કરી અને 'કરેંગે યા મરેંગે' નો મંત્ર આપ્યો.

**ચાલો, હવે આપણે ગાંધીજીના ઉદાહરણ-સ્વરૂપ આચાર-વિચારો અને કાર્યો કે જે તેમને મહાત્માના પદે પ્રસ્થાપિત કરવામાં કારણભૂત નીવડ્યાં તેને મમળાવીએ અને તેનું અનુસરણ કરવા કૃતનિશ્ચયી બનીએ :**

'મારે દુનિયાને નવું કશું શીખવવાનું નથી. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં તો માત્ર મારાથી બન્યા એટલા વિશાળ પ્રમાણમાં બંનેના પ્રયોગો કર્યા છે. એમ કરવામાં મેં કેટલીક વાર ભૂલો કરી છે અને એ ભૂલોમાંથી હું શીખ્યો છું.'

'અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે; સત્ય મારો ધર્મ છે, ઈશ્વર છે. સત્યને હું ઢૂંઢું છું ત્યારે અહિંસા કહે છે કે મારી મારફત ઢૂંઢો; અહિંસાને ઢૂંઢું છું ત્યારે સત્ય મને કહે છે કે મારી મારફત ઢૂંઢો. ...અહિંસા અને સત્ય મારા બે પ્રાણ છે. તેના વિના હું ન જીવી શકું એમ માનું છું... જગતમાં કોઈ પણ જીવને મન, વચન, કર્મથી હાનિ ન કરવી એનું નામ અહિંસા.'

'મારા અસહકારના મૂળમાં તિરસ્કાર નહીં પણ પ્રેમ છે. મારો જાતિગત ધર્મ મને કોઈનો પણ તિરસ્કાર કરવાનો સખત પ્રતિબંધ કરે છે. આ સાદો પણ ભવ્ય સિદ્ધાંત હું બાર વર્ષનો હતો ત્યારે મારા પાઠ્યપુસ્તકમાંથી શીખ્યો છું.'

'સત્યાગ્રહની સફળતા માટેની જરૂરી શરતો આ છે : (૧) સત્યાગ્રહી પોતાના દિલમાં વિરોધીની સામે કોઈ જાતનું વેર ન રાખે. (૨) સત્યાગ્રહનો મુદ્દો સાચો ને સંગીન હોય. (૩) પોતાના

કાર્યને માટે છેવટ સુધી સહન કરવાને સત્યાગ્રહી તૈયાર હોય... સત્યાગ્રહની લડત તો આત્મબળવાળાને માટે છે, વહેમી કે કાયરને માટે નથી'.

'ઉપવાસ જો અહિંસાની ભાવનાથી તરબોળ હોય અને ધ્યેયને વિશે લેશમાત્ર પણ સ્વાર્થની ભાવના ન હોય તો એ અહિંસક પદ્ધતિના મેરુ સમાન છે.'

'પાપને ધિક્કારો પાપીને નહીં... અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે એ વસ્તુ જિંદગીનું સૂત્ર બની ગઈ છે.

અસ્પૃશ્યતાને તો હું કિશોર હતો ત્યારથી ધિક્કારતો આવ્યો છું... અસ્પૃશ્યતાનિવારણ એ તો ઉચ્ચ વર્ગોના હિંદુઓને સારુ આત્મશુદ્ધિને અર્થે કરવાનું પ્રાયશ્ચિત્ત છે. શુદ્ધિ અસ્પૃશ્યોની નહીં પણ કહેવાતા ઉચ્ચ વર્ગોની પોતાની થવી જરૂરી છે.

સરકારે હિંદુઓથી હરિજનોને જુદા પાડતાં એકવીશ દિવસના ઉપવાસ કર્યા જેના પરિણામે દેશમાં અસ્પૃશ્યતા નિવારણનું આંદોલન ચાલ્યું.

સર્વ ધર્મ સમભાવ તથા હિંદુ-મુસ્લિમ એકતાના આજીવન હિમાયતી બની રહ્યા. આઝાદી મળતાંની સાથે જ હિંદુ - મુસલમાનો વચ્ચે ભયંકર કોમી આગ ફાટી નીકળતાં નિશ્ચય કર્યો કે, 'કાં એ આગ હું ઠારીશ, અથવા એમાં હોમાઈ જઈશ'. નોઆખલી, બિહાર અને દિલ્હીની કોમી આગ ઓલવવા જાતે જ ગયા. ભગ્ન હૈયે કહ્યું કે 'હવે મને સવાસો વરસ જીવવામાં રસ નથી. હે પ્રભુ ! કાં તો આગ શમાવ, નહીં તો મને ઉપાડી લે'. આ આગ શમાવવા દિલ્હીમાં ઉપવાસ શરૂ કર્યા ત્યારે હિંદુ, મુસ્લિમ અને શીખ કોમના આગેવાનોએ તોફાન નહીં કરવાની ખાતરી આપતાં પાંચમા દિવસે પારણાં કર્યાં.

દીન-દુઃખીજનોની હૃદયના ઊંડાણપૂર્વકના પ્રેમથી સેવા-શુશ્રૂષાઃ ઉદા. તરીકે ડરબનના અસહ્ય પીડાકારક રોગી, રક્તપિત્તથી પીડાતા પરચૂરે શાસ્ત્રી, બોઅર યુદ્ધ અને ઝૂલુ બળવા સમયે ઘાયલ સૈનિકો વગેરે, દાંડીયાત્રાના પ્રસ્થાન પૂર્વેની મિનિટોમાં પણ બીમાર લક્ષ્મીને મળવા જવું વગેરે.

પ્રવર્તમાન સમયમાં પ્રાયઃ સમગ્ર વિશ્વ અને સવિશેષતઃ આરબ દેશો આતંકવાદથી ત્રસ્ત છે તેમાંથી છોડાવવા માટે તથા સહઅસ્તિત્વ અને વિશ્વશાંતિ જાળવવા માટે આજે વિશ્વભરનાં બૌદ્ધિકો / ચિંતકો તથા આંતરરાષ્ટ્રીય સંગઠનો ગાંધીજીવનદર્શનને એકમાત્ર ઉપાય ગણાવીને તેને અપનાવવા માટે અપીલ કરી રહ્યાં છે ત્યારે તે દિશા તરફ પ્રયાણ કરવામાં જ આપણું શાણપણ રહ્યું છે. આ હેતુ સૌ પ્રથમ ગાંધીજી કૃત તેમની આત્મકથા અને અન્ય ગ્રંથો ઉપરાંત ગુજરાતી ભાષામાં રચાયેલા દ્વિતીય કક્ષાના સ્રોતો – Secondary Sources - તરીકે આપણા પ્રખર ચિંતક ગુણવંત શાહ કૃત 'ગાંધીની ઘડિયાળ' (૨૦૦૪), 'ગાંધીનાં ચશ્માં' (૨૦૦૬), 'ગાંધીની ચંપલ' (૨૦૧૧) અને 'ગાંધીની લાકડી' (૨૦૧૫) ગાંધીમૂલ્યોની શાશ્વતતા સમજવાની ચાવી તરીકે અગ્રતાક્રમે વાંચવા જોઈએ. આ ગ્રંથોમાં નવી પેઢીના ગાંધીજી વિષયક સંશયો / ભ્રમોનું સાધાર નિરસન કરીને, ગાંધીવિચારના 'ધરાતલનું સાપેક્ષ સત્ય - અભિપ્રાય, હકીકત, પરિસ્થિતિ અને પરિપ્રેક્ષ્યનું સત્ય'ની પૂરી તટસ્થતા સાથે મુલવણી કરીને તેમજ ગાંધીજીની કેટલીક માન્યતાઓ સાથે વિવેકપૂર્ણ અસહમતિ દર્શાવીને તથા દંભીઓ પ્રતિ પોતાની સ્પષ્ટ નારાજગી દર્શાવીને ગાંધીજીને સમજવાનો અને સમજાવવાનો અને તે પણ ગાંધી તીર્થસ્થળોની યાત્રા કરીને તથા ગાંધીસાહિત્યનું ગહન અધ્યયન કરીને તપઃપૂત સ્વાધ્યાય કરવામાં આવ્યો છે. આ ગ્રંથોની મૌલિક વિચારસમૃદ્ધિની સાથે સાથે તેની રોચક શૈલી પણ ધ્યાનાકર્ષક બની રહે છે. ગાંધીસાહિત્ય તો મહાસાગર સમાન છે. આ પૈકી શું પસંદ કરવું અને શું વાંચવું તે વાચકો માટે સમસ્યા છે. આમ છતાં નવીપેઢીએ ગુણવંતભાઈ ઉપરાંત પ્રભુદાસ ગાંધી કૃત 'જીવનનું પરોઢ', રામનારાયણ પાઠક કૃત 'મોહનમાંથી મહાત્મા' કિશોરલાલ મશરૂવાળા કૃત 'ગાંધી-વિચાર-દોહન' અને મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'ગાંધી-ગંગા' ગ્રંથો તો વાંચવા જ રહ્યા અને આ સાથે જ ગાંધીજીવનદર્શનનું અખંડ અમૃતપાન કરાવતું ગાંધી-ગીતાનું બૃહદ ગદ્ય મહાકાવ્ય અથવા કહીશું કે ગાંધી-ગીતાનું નારાયણી ભાષ્ય એટલે કે નારાયણ દેસાઈ કૃત 'મારું જીવન એ જ મારી વાણી' (૨૦૦૩) કેમ વિસ્મરી શકાય ?

સમગ્રતયા મહાત્મા ગાંધીના સમગ્ર વ્યક્તિત્વને ધ્યાને લેતાં 'મહાત્મા'ના પદ સુધી પહોંચવામાં સંનિષ્ઠ અને ભક્તિપરાયણ વૈષ્ણવ કુટુંબનો સંસ્કારવારસો અને તેમાંય માતા પૂતળીબાઈની અનન્ય ઈશ્વરનિષ્ઠા અને પિતા કરમચંદ ગાંધી અને દાદા ઓતા બાપાની સત્ય અને કર્તવ્યનિષ્ઠા તેના પાયામાં હોવાની સાથે સાથે બાળક / યુવા મોહનનાં ટેકીલાપણું, સત્યપ્રતિજ્ઞ, અને સેવાપરાયણ બની રહેવાની પ્રકૃતિ સવિશેષ ઉત્તરદાયી જણાય છે. અને આ સાથે જ જો આપણે પુનર્જન્મમાં માનતા હોઈએ તો ગીતાને અભિપ્રેત એવો આ 'યોગભ્રષ્ટ આત્મા' સ્વીકારવો રહ્યો. અને તેથી જ આવી અસાધારણ ગુણસમૃદ્ધિના કારણે વિખ્યાત ખ્રિસ્તી ધર્માચાર્ય જે. એચ. હોમ્સે કહ્યું છે : 'અમોઘ પ્રેમના શિક્ષક તરીકે ગાંધીજી સંત ફ્રાંસિસ, થોરો ને ટૉલ્સ્ટૉયની હરોળમાં બેસે છે. સર્વકાળના શ્રેષ્ઠ પયગંબરોમાંના એક તરીકે તેઓ લાઓત્સે, બુદ્ધ, જરથુષ્ટ્રને ઈસુના સમોવડિયા છે. પણ એ બધા કરતાં તેમની મહત્તા તો એક નરોત્તમ તરીકેની છે, એક પુરુષાર્થી તરીકેની છે.'

મણિભાઈ પ્રજાપતિ

# પ્રાસંગિક
# શિક્ષક સજ્જતા કસોટી ઍવોર્ડ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠતા હાંસલ કરનાર શિક્ષકોને સન્માનિત કરી 'શિક્ષક સજ્જતા કસોટી એવોર્ડ' એનાયત કરવાનો અને ગુજરાત રાજ્યનાં પૂર્વ - મુખ્યમંત્રી અને કેળવણીવિદ્ શ્રીમતી આનંદીબહેન પટેલ કૃત **'એ મને હંમેશાં યાદ રહેશે'** ગ્રંથના રસાસ્વાદનો સમારોહ શ્રીમતી આનંદીબહેન પટેલના સાંનિધ્યમાં તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે શ્રીમતી આનંદીબહેન પટેલ અને સૌ ઉપસ્થિતોનું હૃદયના ઉમળકાભેર સ્વાગત કરીને મંડળની પ્રવૃત્તિઓની સંક્ષેપમાં ઝલક રજૂ કરી હતી.

માનનીયા શ્રીમતી આનંદીબહેને પોતાના સુચિંતનીય ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સર્વ વિદ્યાલય સાથેનો મારો નાતો અનેરો છે. કારણ કે આ મારી પણ માતૃસંસ્થા છે. સર્વ વિદ્યાલય જ્યારે પણ મને બોલાવશે ત્યારે હું અવશ્ય આવીશ અને ગર્વ અનુભવીશ. સર્વ વિદ્યાલયનો આ પ્રયોગ આવકાર્ય અને અભિનંદનીય છે. આ કાર્ય સર્વ વિદ્યાલય જ કરી શકે. મને પ્રસન્નતા તો એ થાય છે કે ઇનામ મેળવતા શિક્ષકો પૈકી બે - ત્રણ શિક્ષકોએ તો રૂ. ૯૦૦૦૦ જેટલી રકમ આ પૂર્વે એવોર્ડ પેટે મેળવી છે. આપ સૌને મળીને મને ખૂબ જ આનંદ થયો છે. આજે શિક્ષકો સજ્જ બને, પોતાના જ્ઞાનમાં સતત વધારો કરી, વિદ્યાર્થીઓ સાથે દોસ્તી કરે એ જરૂરી છે. મારા શિક્ષણમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગણિત - વિજ્ઞાનના શિક્ષકોની સજ્જતા જાણવા સારુ સોલા ભાગવત ખાતે એક કસોટીનું આયોજન કર્યું ત્યારે પ્રારંભમાં શિક્ષકોએ વિરોધ કર્યો હતો. તેમને આ કસોટીનો હેતુ સમજાવ્યો ત્યારે સૌ કસોટી આપવા સંમત થયા હતા. આશ્ચર્ય તો એ થયું કે બે કલાકના ૫૦ ગુણના પેપરમાં શિક્ષકોએ ૦ થી ૩૦ માર્કર્સ મેળવ્યા હતા. આ સ્થિતિમાં શિક્ષક તરીકે આપણે એ વિચારવાનું છે કે જેમને અને જે ભણાવીએ છીએ તે માટે આપણે સક્ષમ છીએ ખરા ? શિક્ષક પાસે જ્ઞાન હોવું આવશ્યક છે. ૨૧મી સદીનો બાળક ટેક્‌નિકલ જ્ઞાન ઝડપથી મેળવી લે છે તે તેમજ દુનિયામાં પરિવર્તન આવી રહ્યું છે તે ધ્યાને લેવું જોઈએ. આજે આપણી જાતને વધારે સજ્જ કરવાની જરૂરત છે.

પૂ. છગનભાએ ૯૮ વર્ષ પૂર્વે કેવા સજોગોમાં અને કેવા ઉમદા હેતુઓ સાથે આ સંસ્થા સ્થાપી હતી તે આપણને યાદ રહેવું જોઈએ. આજે આ સંસ્થા યુનિવર્સિટી બની ગઈ છે. તેનો મને ભારે ગર્વ છે. આ મંડળ પ્રસ્તાવિત યુનિવર્સિટીનું બીલ જ્યારે વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું તેની આગલી રાતે 'પ્રજ્ઞાદીપ છગનભા'' રાતભર જાગીને વાંચી ગઈ ત્યારે હું ખૂબ જ પ્રભાવિત થઈ ગઈ હતી. આ સંસ્થાએ વિસનગર, પિલવાઈ, બલોલ, શેરથા વગેરે પ્રદેશોમાં જ્ઞાનજ્યોત પ્રસરાવી હતી. આપણા છગનભાની સાથે સાથે પિલવાઈના છગનભાઈએ પણ પિલવાઈની શિક્ષણ સંસ્થાના વિકાસ માટે પ્રશંસનીય કાર્ય કર્યું હતું, જે ધ્યાને લેવા જેવું છે.

હું જ્યારે શિક્ષણમંત્રી હતી ત્યારે ગાંધીનગરની સરકારી શાળાઓની હાલત કથળતી જતી હતી ત્યારે મને વિચાર સ્ફુરેલો કે જો આ શાળાઓને સર્વ વિદ્યાલય દત્તક લે તો સર્વ વિદ્યાલય જેવું સ્વસ્થ વાતાવરણ સરકારી શાળાઓમાં પણ સ્થપાય. મારા એ વિચારને સર્વ વિદ્યાલયે મૂર્તિમંત કર્યો છે. તે માટે સર્વ વિદ્યાલય પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું. આજે શિક્ષક સજ્જતા કસોટીમાં સરકારી શાળાના શિક્ષકોએ પણ સન્માન પ્રાપ્ત કર્યું છે. સર્વ વિદ્યાલય સિવાય આ કામ

અશક્ય જ હતું. હું તમામને અભિનંદન પાઠવું છું. શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રી હતી ત્યારે ઘણી જગ્યાએ ફરવાનું થયું છે. કોઈ એક અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં પાણીની કે ઓરડાઓની સગવડ ન હતી ત્યાં કામ કરતાં શિક્ષકોને - બાળકોને જોઈ હું ગદ્ગદિત થઈ જતી હતી. પાણીની અછતવાળા એક અંતરિયાળ વિસ્તારમાં શિક્ષક દંપતીએ વૃક્ષોનાં વાવેતર અને ઉછેર કરીને પ્રેરણાદાયી કાર્ય કર્યું હતું. આવા શિક્ષકો શ્રેષ્ઠ કહેવાય. સર્વ વિદ્યાલય વગર સરક્યુલરે કાર્ય કરે છે. તેમને કોઈ G.R.ની જરૂર નથી. તમામ સંસ્થાઓ આ રીતે કાર્ય કરે તો શિક્ષણજગતનો ભારે મોટો વિકાસ થાય. 'એ મને હંમેશાં યાદ રહેશે' ગ્રંથમાં ગ્રંથસ્થ સ્વાનુભવોની છણાવટ કરતાં તેમણે જણાવ્યું કે આ ગ્રંથ આપ સૌ વાંચશો. મારા કેટલાય અનુભવોએ મને વિચાર કરતી કરી મૂકી છે. તમે પણ તમારા વિચારોને આ ગ્રંથના માધ્યમથી વાગોળી શકશો.

આ પ્રસંગે મંડળ સંચાલિત બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો પૈકી સતત પાંચ વર્ષ સુધી 'એ' ગ્રેડ પ્રાપ્ત કરનાર ૩૧ શિક્ષકોને રૂપિયા ૩૭૦૦૦ થી ૭૫૦૦ સુધીના પુરસ્કાર અને પ્રમાણપત્રો બહેનના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. મંડળ દ્વારા આ અન્વયે કુલ રૂપિયા ૫.૫૦ લાખ જેટલી રકમ પુરસ્કાર પેટે આપવામાં આવી હતી. આ ઉપરાંત 'એ' ગ્રેડ પ્રાપ્ત કરનાર શિક્ષકોને 'પ્રમાણપત્ર' આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વધુમાં આ કસોટીનું આયોજન કરનાર ડૉ. વીણાબહેન પટેલ, શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ અને ડૉ. કિરણબહેન પટેલને તથા તમામ શાળાઓના આચાર્યશ્રીઓને બહેનના હસ્તે 'એ મને હંમેશાં યાદ રહેશે' ગ્રંથ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઉપસ્થિત સૌ શિક્ષકોને પ્રસ્તુત ગ્રંથ બહેનશ્રી દ્વારા ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. સમારોહના અંતમાં શ્રીમતી કૌશલ્યાબહેન પરીખે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે જાણીતા કેળવણીવિદ્ અને સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય તથા મંડળના મંત્રીશ્રી મનુભાઈ પટેલ તથા શ્રી મહેશભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી રૂપેશભાઈ પટેલ, શ્રી બીપીનભાઈ પટેલ મંત્રીશ્રીઓએ ખાસ ઉપસ્થિત રહી સમારોહને ગૌરવ બક્ષ્યું હતું.

## રોકડ પુરસ્કારથી પુરસ્કૃત શિક્ષકો :



૧. **પટેલ વિરાજબહેન** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૩૭,૫૦૦/- અનુભવ : ૧૨ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ શારીરિક શિક્ષણ વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૫ / ૧૬ / ૧૭ નો એવોર્ડ : રૂ. ૩૦,૦૦૦/- શારીરિક શિક્ષણ વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૨ / ૧૩ / ૧૪ નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૮,૫૦૦/-.



૨. **દેસાઈ દેવરાજભાઈ** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યાશાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૩૭,૫૦૦/- અનુભવ : ૧૮ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ તત્ત્વજ્ઞાન વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭ નો અવૉર્ડ : રૂ. ૩૦,૦૦૦/- તત્ત્વજ્ઞાન વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૨ / ૧૩ / ૧૪નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૮,૫૦૦/-.

૩. **પટેલ રાજેશકુમાર** (સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી). ઇનામની રકમ રૂ. ૩૭,૫૦૦/- અનુભવ : ૨૨ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ ગણિત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૫ / ૧૬ / ૧૭ નો એવોર્ડ : ૩૭,૫૦૦/- ગણિત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૦ / ૧૨ / ૧૩ નો એવોર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૨,૫૦૦/-.



૪. **પટેલ આશાબહેન** (શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૩૦,૦૦૦/- અનુભવ : ૧૫ વર્ષ ભૌતિકશાસ્ત્ર વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૫ / ૧૬ / ૧૭નો અવૉર્ડ : રૂ. ૩૦,૦૦૦/- વર્ષ ૨૦૧૫ / ૧૬માં બેસ્ટ શિક્ષક તરીકેનો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૪૫,૦૦૦/-.



૫. **દવે સુનિલકુમાર** (શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૩૦,૦૦૦/- અનુભવ : ૧૨ વર્ષ સતત ૩ વર્ષ 'એ' ગ્રેડ કમ્પ્યૂટર વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૫ / ૧૬ / ૧૭નો અવૉર્ડ : રૂ. ૩૦,૦૦૦/- આજદિન સુધી મેળવેલ ઈનામની કુલ રકમ : રૂ. ૩૦,૦૦૦-



૬. **પટેલ મહેન્દ્રભાઈ** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યાશાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૩૦,૦૦૦/- અનુભવ : ૨૬ વર્ષ સતત ૩ વર્ષ 'એ' ગ્રેડ બી.એ. વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭નો અવૉર્ડ : રૂ. ૩૦,૦૦૦/- આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૩૦,૦૦૦/- .



૭. **વ્યાસ ઉર્વશીબહેન** (ક્રિએટીવ ઝોન, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૨૫,૦૦૦/- અનુભવ : ૧૬ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ સંસ્કૃત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭નો એવોર્ડ : રૂ. ૧૭,૫૦૦/- સંસ્કૃત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૨ / ૧૩ / ૧૪નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૪૬,૦૦૦/-.



૮. **પટેલ પુષ્પાબહેન** (શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૨૫,૦૦૦/- અનુભવ : ૨૩ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ અંગ્રેજી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- અંગ્રેજી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૦ / ૧૨ / ૧૩ નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૫૮,૦૦૦/-.



૯. **સુતર કમલેશભાઈ** (શ્રી દશુભાઈ એ. પટેલ ટેકિનકલ હાઈસ્કૂલ, કડી). ઈનામની રકમ રા. ૩૦,૦૦૦/- અનુભવ : ૧૨ વર્ષ સતત ૩ વર્ષ 'એ' ગ્રેડ ગણિત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭નો એવોર્ડ : ૩૦,૦૦૦/- આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૫૫,૦૦૦/-.



૧૦. **દવે અશોકકુમાર** (રાજરત્ન શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી). ઇનામની રકમ રા. ૩૦,૦૦૦/- અનુભવ : ૨૯ વર્ષ સતત ૩ વર્ષ 'એ' ગ્રેડ એકાઉન્ટન્સી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૫ / ૧૬ / ૧૭નો એવોર્ડ : રૂ. ૩૦,૦૦૦/- આજદિન સુધી મેળવેલ ઈનામની કુલ રકમ : રૂ. ૩૦,૦૦૦/-.



૧૧. **પટેલ પ્રવિણાબહેન** (શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૨૫,૦૦૦/- અનુભવ : ૨૨ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ વિજ્ઞાનમાં બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭ નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- વિજ્ઞાન વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૪ / ૧૫ / ૧૬નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૪૬,૦૦૦/-.



૧૨. **પટેલ હેતલકુમારી** (શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રા. ૨૫,૦૦૦/- અનુભવ : ૧૩ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ વિજ્ઞાનવિષયના બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭ નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૪૩,૦૦૦/-.



૧૩. **શર્મા કમલેશભાઈ** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યા શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૨૫,૦૦૦/- અનુભવ : ૧૨ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ અંગ્રેજી વિષયના બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭નો એવોર્ડ : ૧૭,૫૦૦/- અંગ્રેજી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૨ / ૧૩ / ૧૪નો એવોર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૮,૦૦૦/-.



૧૪. **પટેલ લલિતકુમાર** (શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય, ગાંધીનગર). ઈનામની રકમ રા. ૧૭,૫૦૦/- અનુભવ : ૨૪ વર્ષ સમાજશાસ્ત્ર વિષયના બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૧૭,૫૦૦/-.



૧૫. **પટેલ ભાવિકકુમાર** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૧૭,૫૦૦/- અનુભવ : ૭ વર્ષ રસાયણશાસ્ત્ર વિષયના બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૧૭,૫૦૦/-.



૧૬. **પટેલ વિષ્ણુભાઈ** (શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૧૭,૫૦૦/- અનુભવ : ૨૮ વર્ષ જીવવિજ્ઞાન વિષયના બેસ્ટ શિક્ષક તરીકે વર્ષ ૨૦૧૬ / ૧૭નો અવૉર્ડ : ૧૭,૫૦૦/- જીવવિજ્ઞાન વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૪ / ૧૫ / ૧૬નો એવોર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૪૨,૫૦૦/-.



૧૭. **પટેલ ગીતાબહેન** (શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, કડી). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૫ વર્ષ સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ ગુજરાતી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૦૯ / ૧૦ / ૧૨ તથા ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ 'ડૉ. અબ્દુલ કલામનું જીવન ચરિત્ર' અને 'પૂજ્ય છગનભાઈ' નાટકની રચના કરી. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૫૫,૫૦૦/-.



૧૮. **પટેલ વિમલભાઈ** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યા શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૭ વર્ષ વિષય : રસાયણશાસ્ત્ર સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ રસાયણશાસ્ત્ર વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૦ / ૧૨ / ૧૩ તથા ૨૦૧૪ / ૧૫ / ૧૬નો અવૉર્ડ વર્ષ ૨૦૧૫ / ૧૬નો બેસ્ટ શિક્ષક અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૮૪,૫૦૦/-.



૧૯. **પરીખ યતિનભાઈ** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૬ વર્ષ વિષય : આંકડાશાસ્ત્ર સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આંકડાશાસ્ત્ર વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૦૯ / ૧૦ / ૧૨ તથા ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ વર્ષ ૨૦૧૫ / ૧૬નો બેસ્ટ શિક્ષક અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૯૦,૫૦૦/-



૨૦. **પટેલ કેતકીબહેન** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૭ વર્ષ વિષય : અર્થશાસ્ત્ર સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ અર્થશાસ્ત્ર વિષયમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૦૯ / ૧૦ / ૧૨ તથા ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૭૫,૫૦૦/-.



૨૧. **પટેલ કાનનબહેન** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૬ વર્ષ વિષય : અંગ્રેજી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ અંગ્રેજી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૩ /૧૪ / ૧૫નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૫૦૦૦



૨૨. **ત્રિવેદી સંજયકુમાર** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૬ વર્ષ વિષય : ગુજરાતી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ ગુજરાતી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૪ / ૧૫ / ૧૬નો અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૩૮,૫૦૦/-.



૨૩. **પટેલ રશ્મિબહેન** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યા શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૨૬ વર્ષ વિષય : અર્થશાસ્ત્ર અર્થશાસ્ત્ર વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૦ / ૧૨ / ૧૩ તથા ૨૦૧૪ / ૧૫ / ૧૬નો અવૉર્ડ. સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૯,૫૦૦/-.



૨૪. **પટેલ નયનાબહેન** (શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૮ વર્ષ વિષય : હિન્દી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ હિન્દી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૦૯ / ૧૦ / ૧૨ તથા ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ વર્ષ ૨૦૧૪ / ૧૫નો બેસ્ટ શિક્ષક અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૬,૫૦૦/-.



૨૫. **પટેલ અલકાબહેન** (શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શળાા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૨૫ વર્ષ વિષય : ગણિત સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ ગણિત વિષયમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૦૯ / ૧૦ / ૧૨ તથા ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ વર્ષ ૨૦૧૫ / ૧૬નો બેસ્ટ શિક્ષક અવૉર્ડ. આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૬૬,૫૦૦/-.



૨૬. **પટેલ નિમેષચદ્ર** (શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૫ વર્ષ વિષય : ગણિત ગણિત વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૩ / ૧૪ / ૧૫નો અવૉર્ડ. સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૨૨,૫૦૦/-.



૨૭. **પટેલ વિનોદભાઈ** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રા. ૭,૫૦૦/- અનુભવ : ૧૭ વર્ષ વિષય : એકાઉન્ટન્સી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૫૦,૫૦૦/- એકાઉન્ટન્સી વિષયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વર્ષ : ૨૦૧૨ / ૧૩ / ૧૪નો અવૉર્ડ.



૨૮. **પટેલ દિનેશકુમાર** (શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક કન્યા શાળા, ગાંધીનગર). ઇનામની રકમ રૂ.૭,૫૦૦/- અનુભવ : ૨૪ વર્ષ વિષય : ગણિત સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૨૫,૫૦૦/-



૨૯. **પટેલ રામક્રિનભાઈ** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૪ વર્ષ વિષય : એકાઉન્ટન્સી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ.૧૩,૫૦૦/-.



૩૦. **પટેલ વિમલેશભાઈ** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૬ વર્ષ વિષય : અંગ્રેજી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૨૫,૫૦૦.



૩૧. **પટેલ પ્રવિણભાઈ** (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર). ઇનામની રકમ રૂ. ૭,૫૦૦/- અનુભવ : ૧૭ વર્ષ વિષય : ગુજરાતી સતત ૫ વર્ષ 'એ' ગ્રેડ આજદિન સુધી મેળવેલ ઇનામની કુલ રકમ : રૂ. ૭,૫૦૦/-.



ગાંધીજીના જમાનાથી કાર્યકરો વિશે મારી એક ફરિયાદ રહી છે કે ઉત્તમ કામમાં પરોવાયેલા આપણા લોકો વિચારોનું અધ્યયન ઓછું કરે છે. કામ તો સતત કરવાનું જ છે, પણ સાથોસાથ વિચારોનું આપણું અધ્યયન પણ ચાલતું રહેવું જોઈએ. જ્યારે અધ્યયનના ઊંડાણ તરફ ધ્યાન નથી અપાતું, ત્યારે કામ નિષ્ફળ થતું જાય છે અને સંસ્થાનો આકાર ગમે તેટલો મોટો થયો હોય છતાં તે પ્રાણ વિનાના ખોળિયા જેવી બની રહે છે. આપણી સંસ્થાઓનો જીવનરસ જોતજોતામાં ઊડી જાય છે તેનું કારણ સ્વાધ્યાયનો અભાવ છે.

– *વિનોબા ભાવે*

*'આપણા ગાંધી બાપુ' સંપા. મહેન્દ્ર મેઘાણી*

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઇતિહાસની અટારીએથી

**૧. શ્રી નગીનદાસ પટેલનો જ્ઞાતિ સુધારણામાં ટેકો આપવા માટે શ્રી છગનલાલ પટેલને પત્ર**

વીરમગામના શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ દ્વારા શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલને સંવત ૧૯૭૫ના વૈશાખ સુદ પૂનમના દિવસે ઊંઝામાં યોજાનાર ઉમિયા મેળામાં હાજર રહેવા અને જ્ઞાતિસુધારણામાં ટેકો આપવા લખેલ પત્રનો સાર

તમે સમાજસુધારણાના કાર્યમાં ખૂબ રસ ધરાવો છે અને ઘણા સક્રિય છો એ વિશે ઘણું જાણ્યું છે. ક. પા. પરિષદે પોતાની સામે રાખેલા ધ્યેયને પાર પાડવાનું કાર્ય જે જે પરગણાઓમાં જ્ઞાતિહિતચિંતકોએ ઉપાડી લીધું છે એમાં તમારા વિસ્તારમાં તમે સારું કાર્ય કર્યું છે એ જાણવામાં આવ્યું છે. પણ સઘળા સમાજને લક્ષમાં લેતાં એવું લાગે છે કે પરિષદ અને સ્થાનિક મંડળો સમાજસુધારણા અર્થે અનેક પ્રયત્નો કરી રહ્યા હોવા છતાં સઘળા સમાજને જલદીથી અસર કરે એવાં પરિણામ જોવા મળતાં નથી.

એક પ્રયત્નથી બધું ધારેલું લક્ષ સિદ્ધ થાય એવી કળ શોધવાનો જ્ઞાતિહિતચિંતક પુરુષોત્તમદાસ લલ્લુભાઈનો વિચાર હતો અને એ એવા વિચાર ઉપર આવેલા કે આદર્શ કેળવણીનો બહોળો પ્રચાર થાય તેવી સંસ્થા શરૂ કરવી અને બનતા પ્રયત્નથી દરેક ચળવળ કડી પ્રાંતમાં જ કરવી. કારણ તેની અસર અન્ય સ્થળે થઈ શકે એવી જ્ઞાતિની ગૂંથણી છે. પણ પુરુષોત્તમદાસ તો પરલોકવાસી થયા. કાર્ય તો કરવું જ એવો એમના માર્ગદર્શન હેઠળ કામ કરનાર સાથીદારોનો નિશ્ચય હોવાને લીધે આ કાર્યમાં રસ ધરાવનાર ભાઈઓનો સતત સંપર્ક કરવાનું અમે ચાલુ રાખ્યું. અને જે કાર્યકર કહી શકાય એવા આગેવાનોને વારંવાર મળવાનું ચાલુ રાખ્યું. આ સંપર્ક અને મળવામાં એક વર્ષ વીતી ગયું. છતાં કોઈ તલમાં તેલ દેખાયું નહીં. છતાં અમે નિશ્ચય કર્યો કે હવે વધારે રાહ જોયા સિવાય અને કોઈ અમુક જ વ્યક્તિઓ ઉપર આધાર રાખ્યા સિવાય સં. ૧૯૭૫ની અક્ષય તૃતિયાના દિવસે આ હેતુ માટે કંઈક કરવા કડી પ્રાંતનાં ગામોમાં નીકળી પડવું. એ નિર્ણય મુજબ દસ-બાર દિવસ જુદાંજુદાં ગામોની મુલાકાત લીધી. શેરથા ગામમાં સારો ઉત્સાહ જણાયો અને ટેકો મળવાની આશા પણ બંધાઈ. વિશેષ વિચારને અંતે એવો નિર્ણય કર્યો કે વૈશાખ સુદ પૂનમના દિવસે ઊંઝા મુકામે ઉમિયા માતાના મેળામાં આ અંગે સાર્વત્રિક ઊહાપોહ કરવો.

તમારા સાથ અને ટેકાની સારી આશા જણાયાથી કેટલાક અન્ય આગેવાનોની સાથે તમને પણ પત્ર લખીએ છીએ. જ્ઞાતિસુધારણાના આ કાર્યમાં અમારી શ્રદ્ધા પાર પડે એ રીતે તમે જરૂર પધારશો.

(શ્રી મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' (૨૦૦૭), પૃ. ૪૧-૪૨માંથી સાભાર)

❖

## 2. દાસકાકાના પત્રો

**૨.૧ વકીલશ્રી ધનાભાઈ હ. પટેલ તથા છગનભાઈને**

ભાઈશ્રી ધનાભાઈ તથા છગનભાઈ,

મને લાગે છે કે ગુજરાતના પ્રધાનમંડળમાં ફેરફાર આવી રહ્યો છે.

હમણાં તો અહીંની કામગીરીમાં રોકાઈ ગયો છું. સંસ્થાના કામમાં હું હમણાંથી રસ લેતો નથી એ કારણે તમે બંને ઉદાસીનતા સેવશો નહીં. એ થશે તો સંસ્થાને નુકસાન થશે.

મુ. રામચંદ્રભાઈની ઉંમર થઈ છે. શરીર પણ નબળું પડેલું લાગે છે અને ઉશ્કેરાઈ જાય છે. મારો સ્વભાવ સ્પષ્ટ કહેવાનો છે, એના પરિણામે બીજા લોકોને

મનભેદ કે મતભેદ જેવું લાગે. મેં એમને મુરબ્બી માન્યા છે અને તેથી એમને દુઃખ લાગે એવું કરવું નથી. એમને દુઃખ લગાડવા સિવાય સંસ્થાની પ્રગતિ અને વિકાસ માટે હું મહેનત કરવાના મતનો છું. મારા વિચારો કડી સંસ્થાના તેમજ આપણી શાખાનાં વિદ્યાલયો અને આશ્રમ સંબંધમાં જુદા છે. આપણી શાખાઓ, વિદ્યાલયો અને આશ્રમોનો આપણા ઉપર હક કડીની સંસ્થાથી સહેજ પણ ઓછો નથી અને આપણે આપણી મુખ્ય સંસ્થા અને શાખાઓનો વિચાર કરવો જોઈએ અને એમના વિકાસને માટે કડીની સંસ્થાથી ઓછા પ્રયત્નો નહીં કરવા જોઈએ. વડનગર અને બલોલ બંને સારા વિદ્યાર્થીઆશ્રમ માગી લે છે. આપણે એ માટે રસ ના લઈએ તો એમને લાગે છે કે કડીની સંસ્થા હકૂકત માગે છે જ્યારે જવાબદારી ઉપાડતી નથી. આ લાગણી અટકાવવી જોઈએ.

ગયા વર્ષ દરમિયાન મેં આપણી બધીએ સંસ્થાઓની મુલાકાત બે-ત્રણ વખત લીધી અને તેમાં મને આ જણાયું. આ લાગણી વધે તો પરિણામે છૂટાછેડા લેવા પ્રેરાય. વિસનગર વિદ્યાલયનો અનુભવ આપણને છે.

એ સિવાય મને લાગે છે કે મધ્યસ્થ કારોબારીએ વિશેષ રસ આ સંસ્થાઓમાં લેવો જોઈએ.

આપણી કેળવણીની સંસ્થાઓ છે, પણ એ પાછળ આપણી સામાજિક અને આર્થિક બાબતો છે. આપણે આટલી સંસ્થાઓથી સંતોષ ના લઈએ પણ મહેસાણા જિલ્લામાં વિશેષ જવાબદારીઓ ઉપાડીએ. એનાથી મહેસાણા જિલ્લાને ફાયદો થાય. સંસ્થાઓની એકતા બધામાં એકતા લાવે.

આ હું એટલા માટે લખું છું કે છેવટે હું કડી આવ્યો ત્યારે તમો બંને સ્ટેશન ઉપર આવ્યા હતા અને મારો વિષાદ જોઈ તમો પૈકી એક બોલ્યા કે, ત્યારે આપણે પણ છૂટા થઈ જઈએ. પણ એથી સંસ્થાને નુકસાન થાય.

ભવિષ્યની રૂપરેખા અગ્રણીઓ વિચારે અને એ રીતે કામ કરે તો ખૂબ ફળદાયી થાય એમ લાગે છે.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

✳

૧૫, સાઉથ એવેન્યૂ, ન્યૂ દિલ્હી,

તા. ૨૮-૮-૬૩

ભાઈશ્રી,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે મારી જમીન સંપાદન કરવાનું કામ ચાલે છે તેની નોટિસ મળી છે. કાંઈ વાંધો નથી. ખાસ જમીન સંપાદન અધિકારીને મળી કામ વહેલું પૂરું થાય અને સંસ્થાને જમીન મળી જાય એમ કરશો. હું નોટિસનો જવાબ આપતો નથી.

સિનેમા પાસે એક નાની મુસ્લિમની દુકાન છે તે મને બીડીઓ મોકલી આપે છે. તેને કહેશો ને મને બે બંડલો મોકલી આપેલાં તે પૈકી એક બંડલની બીડીઓ તદ્દન ખરાબ નીકળી છે. મહેસાણા આવ્યા પછી પરત કરીશ. તેને સારી તાજી એક હજાર બીડીઓ મહેસાણા વહેલી તકે મોકલી આપવા કહેશો. આપનો અને મુ. અમીન સાહેબના પત્રો મળ્યા.

કામકાજ લખશો.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

✳

**મહેસાણા, તા. ૯-૯-૭૫**

ભાઈશ્રી,

આપનો લાગણીભર્યો પત્ર મળ્યો. મને ૭૭ વર્ષ થયાં. શરીર હવે દોડાદોડી કરવાની ના પાડે છે. ભલે હું ઉંમરનો મોટો રહ્યો પણ કુટુમ્બમાં પણ વડીલ મર્યાદા ના સાચવે તો અપમાનીત થાય. સંસ્થાની બાબતમાં પણ એમ જ. હું કેટલાં વર્ષ જીવવાનો ? યુવાન મંત્રીઓએ સંસ્થાની જવાબદારી ઉપાડી લીધી છે તે આનંદની વાત છે. હવે તો હું ઉંમરના કારણે જુનવાણીમાં ખપું. થાય છે કે બિલકુલ ફારગ થાઉં પણ નાનપણથી આ સંસ્થા પ્રત્યે પ્રેમ છે તે છૂટતો નથી. હમણાં ગૌશાળા ઉપર ધ્યાન આપું છું. એમાં અખતરા કરું છું. એમાં સફળતા મળે કે ના મળે પણ પ્રયત્નો કરવા માગું છું. ગૌશાળા ગાયો અને ખેતી માટે તાલુકાના ખેડૂતોને માર્ગદર્શક બને તેમાં જ તેની સાર્થકતા છે. ચીલાચાલુ તો સમાજ ચાલે છે. કામકાજ લખશો.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

✳

મહેસાણા, તા. ૧૩-૧૧-૭૫

ભાઈશ્રી,

નૂતન વર્ષાભિનંદન માટે આભાર.

સંસ્થાની મીટિંગોમાં આપ હાજરી આપતા નથી તે સારું કરતા નથી. એ સંસ્થાના હિતમાં નથી. સંસ્થાનું કામ કરવા માટે મક્કમતા જોઈએ. કામ કરે તેની ટીકા થાય. ટીકાથી બીએ છે તે કામ કરી શકતા નથી. નૂતન વર્ષે મારી આપની પાસે માગણી છે કે મક્કમ બનો અને ટીકાથી ગભરાવાનું છોડી દો. મને સિત્તોતેર વર્ષ થયાં. હું ક્યાં સુધી ખેંચી શકીશ ? બે ચાર માણસો સંસ્થાનો વિચાર કરતા નહીં થાય તો સંસ્થા ટકશે પણ તેમાં પ્રાણ નહિ રહે. પ્રગતિ સાધી શકશે નહિ. હમણાં તો ગૌશાળા ઉપર મેં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચોખ્ખા પચીસ હજાર ના મળે તો ચાલે નહિ. દર વરસ ખાધમાં ગૌશાળા ચાલે તો નભી શકે નહિ. ખેતીનો અને ગાય-ઉછેરનો અનુભવ મને ઓછો છે. પણ મારા સ્વભાવ પ્રમાણે પ્રયોગો કરી આગળ વધવા માગું છું.

કામકાજ લખશો.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

✳

મહેસાણા, તા. ૧૨-૭-૭૬

ભાઈશ્રી,

પરમદિવસે ઊંઝા ગયો હતો. શ્રી શંકરલાલ ગુરુ મળી શક્યા નહીં. પણ જાણવા મળ્યું કે ગાંધીનગરને માટે એ ખૂબ રસ લે છે. તેમને ગાંધીનગરની વાત ગમી છે. તેમને આપ મળશો અને તેઓ ફંડ ઉઘરાવવામાં મદદગાર થશે તેવું મને લાગે છે.

હાઈસ્કૂલ અને છાત્રાલયના ક્લાસ તૈયાર થઈ ગયા છે. તેની નીચે જે જમીન રોકાય છે તેના પંચાવન હજાર રૂપિયા થાય છે. છાત્રાલય સાથે રસોડું અને ગૃહપતિનિવાસ, હાઈસ્કૂલ સાથે મુતરડી અને જાજરૂ.

શેઠશ્રી જયકૃષ્ણભાઈના માણસો હજી કડી આવ્યા નથી. તેમને પત્ર લખ્યો છે. જરૂર પડશે તો તેમને મળી તેમનું ઉકેલવાનું કરીશ. મને શ્રદ્ધા છે કે એ થશે.

કામકાજ લખશો.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

મહેસાણા, તા.૧૦-૮-૮૨

સ્નેહી ભાઈશ્રી,

અમેરિકાનો મહોત્સવ ફંડનો પ્રવાસ કરી સફળતાથી મેળવી તે માટે આપને તથા ચિ. મોહનભાઈને ધન્યવાદ. સંસ્થાની સારી સેવા કરી અને બાર લાખ ઉપરાંત અમૃત મહોત્સવનું ફંડ મેળવ્યું, જાણીને આનંદ થયો.

ચિ. મિલન વધુ અભ્યાસ માટે અમેરિકા જવા તા. ૨૫-૮-૮૨ના દિવસે નીકળી મુંબઈ જશે, ત્યાંથી એર ફ્રાન્સથી અમેરિકા.

આપનું અને શ્રી મોહનભાઈનું શરીર સારું રહેવું અને સુખરૂપભારને આવી પહોંચશે એ આશા.

અમેરિકા અને અન્ય પરદેશોમાં આપણા વિદ્યાર્થી ઘણા છે. તેમને સંસ્થા માટે પ્રેમ છે. એમને સંસ્થામાં ભેગા કરવાની જરૂર છે. તેવી આપની લાગણી સાથે હું સંમત થાઉં છું. વિદેશોમાં રહેતા આપણા વિદ્યાર્થીઓને વર્ષમાં એક વાર લીફલેટ તૈયાર કરી મોકલવાનું રાખીએ તો એની સારી અસર થાય તેવું મારું માનવું છે. લીફલેટ ટૂંકામાં સંસ્થાની પ્રવૃત્તિઓ અને ટૂંકો હિસાબ.

આપનો

**પુરુષોત્તમદાસના જયહિંદ**

✳

## ૨.૨ મંત્રીશ્રી ભાઈલાલભાઈને પત્રો

મહેસાણા, તા. ૨૪-૧૨-૭૨

ભાઈશ્રી ભાઈલાલભાઈ,

શ્રી મગનભાઈ પટેલના અધ્યક્ષપદનો કૃષિપંચના અહેવાલની એક નકલ હું લેતો આવ્યો છું. ગૌશાળા, પાંજરાપોળ, શિક્ષણ સંસ્થા વગેરે ટ્રસ્ટોની જમીનોને અપવાદ એક્ઝમ્પ્શનમાં મૂકવા ભલામણ કરી છે. અનુકૂળતાએ મહેસાણા જિલ્લા ગૌશાળા પાંજરાપોળ સંઘની મીટિંગ મહેસાણામાં રાખશો. આપણા સંઘ તરફથી કૃષિપંચના અહેવાલની એક નકલ મોકલી આપવા માન. મંત્રીશ્રી મહેસૂલ ખાતુ, સચિવાલય, ગાંધીગરને પત્ર લખશો.

લોખંડ ખૂબ મોંઘુ થયું છે. હોસ્ટેલ લીન્ટર્સ સુધી આવી છે. ઈંટો પણ મોંઘી છે. પણ ખરીદ્યા વિના છૂટકો નથી. સુથાર સાથે ઇંદોર જવાનું રાખશો.

મુંબઈથી શિક્ષક તથા વિદ્યાર્થીઓ આવી ગયા હશે. તેમના સમાચાર જણાવશો.

**પુ. ર. પટેલ**

✳

મહેસાણા, તા. ૨૨-૯-૭૮

ભાઈશ્રી ભાઈલાલભાઈ,

શ્રી રોયને અમીન સાહેબ, નાથાભાઈ તથા છગનભાનાં ચિત્રો કરવા આપ્યાં છે, તે તૈયાર થયાં ? મેં શ્રી રોયને સરદારસાહેબનું ચિત્ર કરવા આપ્યું છે તે થયું ? આજે બપોરે ગાંધીનગર સરદાર વલ્લભભાઈ સ્મારક સમિતિ તરફથી ફોન આવ્યો અને તેમને મેં ચિત્ર કરવા આપ્યું છે, તે ચિત્ર જોવું છે. એમની ઇચ્છા એવા ચિત્ર બનાવવાની હોય એમ જણાય છે. રોયને ઇચ્છા જણાવશો.

ગાંધીનગર પ્રાથમિક શાળા શરૂ કરવાની અરજી આપી દીધી છે.

**પુરુષોત્તમ ર. પટેલ**

✳

ગાંધીનગર, તા. ૨૮-૯-૭૮

ભાઈશ્રી ભાઈલાલભાઈ,

હોસ્ટેલ સંબંધનો રીઝોલ્યુશન મળ્યો હતો. તે આપ ફરી વાંચી જશો. જે જમીન આપણને આપી છે, જેની સનદ આપણને આપી છે. તે જમીનમાં હોસ્ટેલ બાંધવા પરવાનગી આપતો આ રીઝોલ્યુશન છે. તે ભૂલભરેલો છે. મંત્રીશ્રીના મંતવ્ય વિરુદ્ધ સચિવો ઠરાવ કરે છે. તેનો આ નમૂનો છે.

મંત્રીશ્રીએ ફરી સચિવને લખ્યું છે, એ કાગળ ફરતો થયો છે. આપણી માગણી બીજી ૬.૫ એકર જમીન છે, જેમાં હોસ્ટેલ બાંધવા જમીન માટેની છે. મંત્રીશ્રી પણ આ જમીન આપવાના મતના છે. પણ સચિવો રમાડે છે. આપણું તંત્ર કેવું ચાલે છે, તેનો આ નમૂનો છે.

કામકાજ લખશો.

આપનો

**પુરુષોત્તમ ર. પટેલ**

✳

ભાઈશ્રી ભાઈલાલભાઈ

મારું શરીર ઠીક છે. દવા ચાલે છે, દાક્તર ત્રણ મહિના બિલકુલ આરામ લેવાનું દબાણ કરે છે, પણ તેમ કરું તો શરીર કામ કરવા માટે ન રહે, અને ગાંધીનગરનું કામ મારાથી છોડી શકાય તેમ નથી. બાજરી કેટલી થઈ ? બીજો કોઈ પાક લીધો ? એન્જિન વેચી દેશો. મોટર એકાદ કૂવા ઉપર મૂકી રાખી હોય તો સારું. પ્રસંગે સબમર્સિબલ પંપ બગડે તો પાક સુકાય નહિ. શેડ માટે પતરાં મેળવવા તજવીજ કરશો. બધીયે ગ્રાન્ટ શેડ માટે વાપરવા માટે અભિપ્રાય છે.

આપનો

**પુ. ર. પટેલના જયહિન્દ**

(મંગુભાઈ રા. પટેલકૃત 'કર્મયોગી દાસકાકા : પુરુષોત્તમદાસ ર. પટેલ', કડી : સર્વવિદ્યાલય કેળવણીમંડળ, ૧૯૯૦, અનુક્રમે પૃ. ૨૪૯-૨૫૩ અને ૨૨૪-૨૨૫માંથી સાભાર)

---

૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખ ને શુક્રવારે એમનું મૃત્યુ થયું તે દિવસે પણ એ સદાના સામાન્ય માનવી હતા. એમની પાસે ધન ન હતું, સંપત્તિ ન હતી, એ કોઈ સરકારી પદ પર ન હતા, એમણે એવું ઉચ્ચ કોટિનું શિક્ષણ નો'તું મેળવ્યું, નો'તી મેળવી એવી વૈજ્ઞાનિક સિદ્ધિ, નો'તી એમનામાં કશી કલાત્મક પ્રતિભા; છતાં શાસનના ને સેનાના દોર હાથમાં રાખીને ફરનારા લોકોએ ૭૮ વર્ષના એ લંગોટીધારી આદમીને નિવાપાંજલિ અર્પી. દુનિયાનાં કરોડો લોકોએ પોતાનું જ સ્વજન ગુમાવ્યું હોય તેમ આંસુ સાર્યાં. એમના જમાનાની કોઈ પણ જીવિત વ્યક્તિએ મહા બળવાન પ્રતિપક્ષીઓ સામેની લાંબી ને વિકટ લડતમાં પણ સચ્ચાઈ, દયા, ત્યાગ, વિનય, સેવાવૃત્તિ ને અહિંસાયુક્ત વ્યવહાર ચલાવવાનો આટલો કઠોર પ્રયત્ન નથી કર્યો, ને તે પણ આટલી સફળતાથી. તેઓ પોતાના દેશ પર પકડ જમાવી બેઠેલા બ્રિટિશ શાસન સામે ને પોતાના જ દેશવાસીઓની ક્ષતિઓ સામે અવિરતપણે લડત આપતા રહ્યા, પરંતુ એ લડતમાંય એમણે એમના ચારિત્ર્ય પર ડાઘ સરખો બેસવા દીધો નહીં.

*– લુઈ ફિશર (અનુવાદક : સોમાભાઈ પટેલ, મગનભાઈ નાયક)*

*'આપણા ગાંધી બાપુ' સંપા. મહેન્દ્ર મેઘાણી*

# બારડોલી આશ્રમમાં ગાંધીજી

## ઉત્તમચંદકાકાના મુખે

નરેશ ઉમરીગર

'કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વગર પાછો અહીં ન આવું' એવા શબ્દો સાથે ગાંધીજીએ દાંડીકૂચનો આરંભ કરેલો. સ્વરાજ આશ્રમ બારડોલીના વયોવૃદ્ધ ઉત્તમચંદકાકાએ વાત આગળ ચલાવી.

અને ગાંધીજી તો વચનને વળગી રહેનારા. એ સાબરમતી આશ્રમમાં ન ગયા. પણ બારડોલી વિશે એવી પ્રતિજ્ઞા ક્યાં હતી ? એટલે સરદાર પટેલે સમય જોઈ એમની સાથે કાગળ લખી દલીલ કરી. 'આપે સાબરમતી આશ્રમ ન જવાનું પણ લીધું છે. પણ બારડોલી સ્વરાજ આશ્રમ વિશે આપને શો વાંધો છે ?' આ મતલબનો સરદારનો પત્ર ગયો. પરિણામે ગાંધીજી નિયમિત બારડોલી આવે એવું નક્કી થયું. એક માસ બારડોલી આશ્રમમાં રહે અને પછી દિલ્હી કે બીજે જ્યાં નક્કી હોય ત્યાં જાય.

દર વરસે ડિસેમ્બરની દસમી તારીખે આવે અને જાન્યુઆરીની દસમી તારીખે ચાલ્યા જાય. આ ક્રમ છેક ૧૯૩૫થી ૧૯૪૧ સુધી ચાલુ રહ્યો.

અને કાકા કહે કે ગાંધીજી એક મહિનો અહીં રોકાય એ દરમિયાન આશ્રમ અનેક નાનામોટા માણસોથી ઊભરાય. રસોડું ધમધોકાર ચાલે. કોંગ્રેસ કારોબારીની અહીં મીટિંગો થાય અને રાષ્ટ્રીય કક્ષાના અનેક નામાંકિત નેતાઓ અને બીજાં ક્ષેત્રોના માણસો પણ અહીં હરતાફરતા જોવા મળે.

'આ બધા દિવસોમાં તમે શું કામગીરી કરતા ?'

'હું સામાન્ય રીતે તો રસોડું સંભાળતો. કેટલુંક ટપાલનું કામ પણ કરવું પડતું. અને બાપુજી અને સરદારના સંદેશા લઈ જવાનું અને લાવવાનું કામ તો ખરું જ. મુલાકાતીઓ આવે ત્યારે તેમની સારસંભાળ રાખવાનું કામ પણ કરવાનું અને ગાંધીજી ને સરદાર માટે તો સદાય સ્ટેન્ડ બાય રહેવું પડે.'

'એક વાર આચાર્ય ક્રિપાલાની આવ્યા. સાથે સુચેતા ક્રિપાલાની પણ.'

'ક્રિપાલાની તો ગૂજરાત વિદ્યાપીઠમાં તમારા પ્રોફેસર પણ ખરા ને ?'

'હાસ્તો. એ જ કહું છું. એક વાર વિદ્યાપીઠમાં ડિબેટ થઈ. વિષય હતો : 'જીવનમાં લગ્નની જરૂરિયાત ખરી ?' ક્રિપાલાની સાહેબ પ્રમુખ. ઘણા વિદ્યાર્થીઓ બંને બાજુ બોલ્યા. ક્રિપાલાનીએ ઉપસંહાર કરતાં એક વાક્ય આવું કહ્યું : 'Don't marry whom you love. (જેને તમે ચાહો તેની સાથે લગ્ન કરશો નહીં.)'

સુચેતા અને ક્રિપાલાની આવ્યાં એટલે ગાંધીજીએ મને કહ્યું, 'ઉત્તમચંદ, ખબર છે ને ક્રિપાલાની તાજા જ પરણીને આવેલા છે. એમના ઓરડામાં બધું બરાબર છે કે નહીં એ જોઈ આવજે. એમની કાળજી રાખજે.'

'હું ગયો. મને જોતાં જ ક્રિપાલાની કહે, 'ઓહ, ઉત્તમચંદ તુમ યહાં હો ?' ક્રિપાલાની પાસે જઉં તે પહેલાં સરદારે પણ મને આ નવાં જોડાંની સંભાળ વિશે કહેલું.

'મુઝે સરદાર સાહબ ઔર બાપુજીને આપકી...'

''હું બોલી રહું તે પહેલાં ક્રિપાલાની કહે, 'દેખા તુમ્હારા સરદાર... સરદાર અને ક્રિપાલાની બંને એકબીજાની ગમ્મત કરતા અને એકબીજાની ઉડાવતા પણ થોડી વાતચીત પછી મેં એમને પેલી ડિબેટ અને પેલા એમણે કહેલા શબ્દો 'ડોન્ટ મેરી હુમ યૂ લવ' યાદ દેવરાવ્યા. ક્રિપાલાની હસતાં હસતાં કહે : આસ્ક સુચેતા... સુચેતાને પૂછ, મેં ક્યાં એની સાથે લગ્ન કર્યાં છે ? એણે (સુચેતાએ) મારી જોડે લગ્ન કર્યાં છે !'

* * *

'તમે કહો છો એ પ્રસંગોને હું સીધા જ કાગળ પર નોંધું છું. ગાંધી-ઇતિહાસની તવારીખમાં જઈ એને ચકાસતો નથી.' મેં કહ્યું, 'મને જેટલું યાદ છે અને જેટલું મારા જાતઅનુભવનું છે એ જ હું તમને કહું છું. મારે ક્યાં તમને ખોટી વાત કરવી છે. કોઈક વાર સ્મૃતિદોષ થાય ખરો... અને તેય કોઈક તારીખ કે માસ સંબંધી હોય. પણ લગભગ બધા જ પ્રસંગોનો હું એક યા બીજી રીતે સાક્ષી રહ્યો છું. અથવા જે બન્યું તે સાવ નજીક બન્યું હોય અને અથવા તો મેં સાંભળ્યું હોય... કાકાએ કહ્યું.

ઉત્તમચંદકાકાએ આગળ ચલાવ્યું. ગાંધીજીના આગમન સાથે આખો આશ્રમ ચેતનાથી ધબકતો થઈ જાય.

'ગાંધીજી માટે પૂજ્યભાવ છે માટે આમ કહો છો ?'

'ના, ભાઈ, ના. આ પુરુષ જ કોઈ અદ્‌ભુત હતો. આમ તો સાવ સામાન્ય લાગે... આપણા જેવા જ... અમારે તો એમને સાવ નજીકથી જોવાનું થતું અને મળવાનું થતું... કામને માટે મને તો વારંવાર બોલાવતા. પણ આ પુરુષમાં એક ઘડીનો પણ પ્રમાદ મેં જોયો નથી... સદાય જાગ્રત...'

ઘડિયાળમાં ચારને ટકોરે ઊઠી જાય. ચાર વાગે હું બેલ મારું. ચાર અને ઉપર ૧૫ મિનિટે બીજો બેલ મારું. ૧૫ મિનિટમાં બધાંએ પ્રાર્થના માટે આવી જવાનું. પ્રાર્થનામાં આવવું કમ્પલસરી નહીં. આપણે બેઠા છીએ તેના માથા પર જે ઓરડો છે તે ગાંધીજીનો ઓરડો. પ્રાર્થના પણ ત્યાં જ થાય. નીચે આ બાજુના ઓરડામાં વલ્લભભાઈ રહે. તેઓ ચાર વાગે ઊઠે ખરા. પણ અહીં આપણે બેઠા છીએ તે લૉબીમાં આંટા મારે. પ્રાર્થનામાં નહીં જાય...'

'તે વખતે આશ્રમમાં વીજળી તો નહીં, ખરું ?'

'વીજળી કેવી ? સવારે આશ્રમના કેમ્પસ પર બધાં ફાનસ ફરતાં હોય એમ લાગે... ઍસીનેવું ફાનસ સાંજના તૈયાર કરી દેવામાં આવે... સરોજિની નાયડુનું ફાનસ... મૌલાના અબુકલામનું ફાનસ, નેહરુનું ફાનસ, ખાન અબદુલ ગફ્ફારખાનનું ફાનસ, વલ્લભભાઈનું ફાનસ, મહાદેવનું ફાનસ અને ગાંધીજીનું પણ મોટું સરસ ફાનસ... ચોમેરે રાતે એને વહેલી સવારે ફાનસ ચાલતાં દેખાય'

પ્રાર્થના વીસેક મિનિટ ચાલે. પ્રાર્થનામાં ગીતાનો એક એક અધ્યાય પણ બોલાય અને ગાંધીજી સાથેના કાર્યકર્તાઓને એ મોઢે જ હોય. પછી સૌ પોતપોતાના કામે લાગે.

ગાંધીજી છમાં પાંચ કમ હોય ત્યારે ફરવા જાય. સાથે એકબે સાથીદારો હોય. બારડોલી રેલવે-સ્ટેશનથી રેલના પાટે પાટે ચાલે. દોઢ-બે કિલોમીટર ચાલે. સાંજે પણ એ જ કાર્યક્રમ. મારે તો સવારે રાષ્ટ્રીય નેતાઓની તહેનાતમાં રોકાવું પડે. તેમાં ખાસ કરીને મૌલાના સાહેબ (આઝાદ) અને નેહરુને ખાસ સંભાળી લેવા પડે. નેતાઓ પોતપોતાના ઓરડામાં સૂતા હોય. બારણું ફક્ત બંધ હોય, અંદરથી સાંકળ નહીં. મૌલાના સૂતા હોય ત્યારે અમે હળવેકથી એમના રૂમમાં જઈએ, સ્ટવ સળગાવી કીટલી પર પાણી ગરમ કરવા મૂકીએ. સ્ટવના અવાજથી જાગી જાય અને 'બેટે આ ગયે...' કહી ઊઠે. દૂધનો પ્યાલો, ચા, બટર, બિસ્કિટ અને એક સિગારેટનું પાકિટ મૂકવાં પડે. સિગારેટના ભારે શોખીન.

કૉંગ્રેસની વર્કિંગ કમિટીની મીટિંગ ચાલતી હોય ત્યારે પણ એમને સિગારેટ જોઈએ. પણ ગાંધીજીની આમાન્યા રાખે. પછી તો ગાંધીજીએ જ એમને ચાલુ મીટિંગમાં પણ સિગારેટની છૂટ આપી.

નેહરુ, ખાન અબદુલ ગફ્ફારખાન, એમનો દીકરો વલીખાન અને ઇન્દિરા ચારે એક ઓરડામાં રહે. આ બધાંને સવારે આઠદસ કપ કૉફી, મલાઈના બે મોટા વાટકા અને મોટી ટ્રે ભરીને બિસ્કિટ આપવાં પડે. કૉફીમાં મલાઈ નાખતા જાય અને ખાતા જાય. અને શું ખાય ! બધું સફાચટ કરી જાય... અને આ બધાં તે દિવસોમાં તો જુવાન. શરીરને કસે પણ અને સતત દેશનું ચિંતન કરનારાં...

મારે તો મારી ફરજ તરીકે રાઉન્ડ લેવા પડે. એક દિવસ નેહરુના ઓરડામાં ડોકિયું કર્યું. પંડિતજી કંઈ લખવાના કામમાં ગૂંથાયેલા હતા. મેં વિવેક ખાતર પૂછ્યું : 'પંડિતજી, આપકો કુછ પાનીબાની ચાહીએ.' પાણીનું માટલું તો બાજુમાં જ હતું. ડોકું ઊંચું કરી તરત જ ભભૂકી ઊઠ્યા. 'ક્યા પાનીબાની ચાહીએ... મૈં ક્યા નહીં લે સકતા....' મને થયું કે આમને ક્યાં મોઢું આપ્યું. હું પાછો વળી બહાર નીકળતો હતો ત્યાં જ બોલ્યા, 'અરે, ઉત્તમચંદ, યહાં આઓ.' જવાહર બહુ ઊર્મિશીલ. રોષ પણ પવનની લહેરખી જેવો, નજીક બોલાવી પૂછ્યું કે આશ્રમનું રસોડું કોણ સંભળાવે છે ? જ્યારે મેં મારું નામ દીધું તો કહે, 'યે ક્યા તૂફાન મચા રખા હૈ ? હરરોજ દાલભાત, રોટી, શાક... દાલભાત, રોટી, શાક...'

મેં સરદારને વાત કરી. સરદાર સમજી ગયા. ગામના ખેડૂત ઇબ્રાહીમ પટેલને બોલાવી મંગાવ્યા. સરદારે ઇબ્રાહીમને કહ્યું કે તમે નેહરુને મળો અને એમને આજે સાંજે તમારા ત્યાં દાવત માટે બોલાવો. ઇબ્રાહીમે નેહરુને હાથ જોડી 'હમ ઈસ ગાંવકે ગરીબ નેક મુસ્લિમ હૈં ઔર હમ ચાહતે હૈં કિ આજ આપ હમારે યહાં ભોજન કે લિયે પધારેં... હમ આપકો દાવત દેનેકે લિયે આયે હૈં' એમ કહ્યું. એટલે નેહરુએ સરદારને પૂછવા કહ્યું. સરદારની તો સંમતિ હતી જ. તે સાંજે નેહરુ, મૌલાના, સરોજિની ઇબ્રાહીમ પટેલને ત્યાં ગયાં, અને ભાવતું ભોજન કર્યું.

આશ્રમના નિયમો આશ્રમ માટે બરાબર હતા. બહાર સ્વતંત્રતા હતી. અને આ બધા માણસો પણ તેવા જ સ્વતંત્ર હતા. ગાંધીજીના બધા ફૉલોઅર્સ ખરા, પણ પોતપોતાની રીતે સ્વતંત્ર પણ ખરા.

* * *

આશ્રમમાં તો અનેક માણસો આવે. મેં તમને વાલચંદ હીરાચંદની વાત કરેલી. આશ્રમને રસોડે તો બધાંને સાદી પણ તાજી અને પૌષ્ટિક રસોઈ મળે જ. પણ કોઈક વાર અપવાદ પણ કરવો પડે. અને શ્રી વાલચંદ હીરાચંદ તો આશ્રમ નિભાવે. દસબાર હજાર રૂપિયા મોકલી આપે. અને સરદાર જ આ બધું ગોઠવે. એ જ 'હોસ્ટ', એટલે 'ગેસ્ટ'ની સરભરા સરદારના કહ્યા પ્રમાણે કરવી પડે. એટલે પોતાના

કેમ્પ દરમિયાન ગાંધીજીનો આદેશ સાદા ભોજનનો હોવા છતાં કોઈક વાર પૂરણપોળી જેવી વાનગી પણ બનાવવી પડે. અને ગાંધીજી મને પૂછે ત્યારે મારે તો 'બાપુજી આપ તો અમારા ગેસ્ટ છો. હોસ્ટ તો અમે, સરદાર સાહેબ છીએ. અને મારે તો હોસ્ટનું કહ્યું માનવાનું એમ કહી ગાંધીજી આગળ ઊભા રહેવું પડે. અને આ પુરુષ પણ નિખાલસ એવા જ. આપણી વાત સાચી હોય તો હસીને સ્વીકારી લે. આવી દલીલ કરી હું એમને નમન કરવા વાંકો વળ્યો તો મારી પીઠ પર જોરથી ધબ્બો મારી ઉત્તમચંદ, તારી વાત સાચી છે એવા શબ્દો સાથે એમની સહજતા અને નિરભિમાનપણાનું ભાન કરાવ્યું. ગાંધીજીમાં રિજિડિટી (જડતા) ભાગ્યે જ જોવા મળે.

* * *

ગાંધીજી ૧૯૩૫થી ૧૯૪૧ સુધી આવતા રહ્યા. એક મહિનો એમના રસાલા સાથે રહે. અને આ વરસો દરમિયાન તો એમનો સૂરજ માથે તપતો. સ્વરાજની વાત સાથે એમના મનમાં હિંદુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતાનિવારણ વગેરેના વિચારો સતત ચાલ્યા કરે. એ બાબતમાં ચર્ચાઓ થાય, નામી-અનામી માણસો ગાંધીજી સાથે ચર્ચાવિચારણા કરવા આવે.

એક દિવસ ખબર આવ્યા કે ખોજાઓના ધર્મગુરુ આગાખાન ગાંધીજીને મળવા આવે છે. નવ-સવા નવ વાગે એમની સ્પેશિયલ ટ્રેન બારડોલી સ્ટેશને આવી પહોંચી. એમની બોગીઓ જુદી. એકમાં રસોડું, એકમાં ઑફિસ, એકમાં આરામગૃહ વગેરે...'

આગાખાન આઝાદીની લડતને એક્ટિવ ટેકો આપતા હતા ?

એવું તો કદાચ નહીં પણ એ સજ્જન પુરુષ હતા, અને ગાંધીજીને પોતે કઈ રીતે મદદરૂપ થઈ શકે એ જાણવા માગતા હતા. એટલા માટે જ એ ગાંધીજીને મળવા માગતા હતા. આગાખાન આવે છે એવા સમાચારથી આશ્રમમાં ચેતનાની એક લહેર પ્રસરી ગઈ. ગાંધીજીએ એમને અગિયાર વાગે મળવાનો સમય આપ્યો. વળી, એમના સમય દરમિયાન આશ્રમમાં ભોજનનો પણ સમય થતો હતો. એટલે કોઈકે યાદ આપ્યું કે એમને જમવાનું આમંત્રણ પણ આપો ને ? ગાંધીજીએ એમનું અહીં સ્વાગત છે એવો ટૂંકો કાગળ લખ્યો. તેમાં એક વાક્ય આમ પણ લખ્યું : Will you kindly break bread with us ? (તમે કૃપા કરી અમારી સાથે ભોજન લેશો ?)

'તમે કાગળ વાંચેલો ?'

'હા, એ કાગળ મેં જાતે વાંચેલો અને છેલ્લું વાક્ય break-bread તો બરાબર યાદ છે.'

આગાખાન ટાંગામાં આવ્યા. આ પગથિયાં પાસે ગાંધીજીએ એમનું સ્વાગત કર્યું.

થોડી વાતચીત પછી આ બાજુના જ ઓરડામાં ગાંધીજીએ એમને જમવા બેસાડ્યા. એક નાની ટિપોય પર ખાદીનો રૂમાલ પાથરી એના પર આગાખાનની ભોજનની ડિશ મૂકવા ગાંધીજીએ સૂચના આપી. આગાખાન ખુરસી પર બેસી જમતા જાય અને ગાંધીજી બાજુમાં ઊભા રહી જમાડતા જાય. ગાંધીજીએ મને કહી મૂકેલું કે એક-પછી-એક વાનગી લઈ આવવાની એટલે બાજરીનો રોટલો, કઢી, અને ત્યાર પછી લીલવા (પાપડીના લીલા દાણા)નું શાક અને રવૈયાં બનાવેલાં તે મૂક્યાં. એમને તો રવૈયાં ખૂબ ગમ્યાં. ગાંધીજી બાજુમાં જ ઊભા રહી વાત કરતા જાય, અને મહેમાન માટે કઈ આઈટમ લાવવી તે કહેતા જાય.

આગાખાન કહે, એમને લંડન અને પેરિસમાં પણ આવું સ્વાદિષ્ટ ખાવાનું નથી મળ્યું. એમાં થોડો વિવેક હશે. પણ મહેમાનના ચહેરા પર ખુશાલી જોઈ શકાતી હતી. ખાસ તો ગાંધીજી સાથેની મુલાકાતનો આનંદ પણ ભોજનની પ્રશંસામાં આવી જતો હતો. ૧૯૪૦નો આ પ્રસંગ છે.

* * *

ગાંધીજી સ્વરાજ આશ્રમમાં આવે ત્યારે અહીં કંઈ ને કંઈ અવનવું બનતું હોય. આપણા ગોરધનદાસ ચોખાવાળાના વિવાહ અહીં થયેલા. ગાંધીજીએ સગાઈ કરેલી. વાત એમ બની : ગાંધીજીની સેવામાં તો અનેક માણસો હોય. તેમાં એક શારદા નામની છોકરી પણ હતી. તે કુંવારી. ગાંધીજીની સેવા કરે. એક દિવસ અમે બધા ગાંધીજી પાસે બેઠા હતા. ગાંધીજીએ શારદાને પૂછ્યું, 'શારદા, તું કેટલાં વરસની થઈ.' 'એકવીસ-બાવીસ વરસ હશે,' શારદાએ કહ્યું. 'તો તું અમારી સાથે ક્યાં સુધી રહેવાની. પરણી જા ને.' ગાંધીજીએ કહ્યું.

'તમારી સાથે તો મને નવું નવું શીખવાનું મળે. કેટકેટલા માણસો અહીં આવે એ બધાં વિશે જાણવાનું મળે.' 'પણ અમારો શું ભરોશો. આજે અહીં છીએ. આવતી કાલે જેલમાં હોઈએ. એટલે મારું કહ્યું માનતી હોય તો પરણી જા.'

શારદા ઘડીભર ચૂપ રહી. પણ પછી એ દરરોજના પરિચયે, સહજ રીતે બોલી : 'તો બાપુજી, તમે જ મારે માટે યોગ્ય માણસ શોધી આપો ને ?'

ગાંધીજી જરા વિચારમાં પડ્યા. હું, મહાદેવ ગાંધીજીની બાજુમાં જ બેઠા હતા. મને ચોખાવાળાની ખબર હતી કે તે કુંવારો છે. વળી ચોખાવાળાની પ્રતિજ્ઞા પણ જળવાતી હતી.

'શું પ્રતિજ્ઞા હતી એમની ?'

'એ સમયમાં જુવાનો જાતજાતની પ્રતિજ્ઞા રાખતા. કોઈ પોતાના હાથે કાંતેલાનું કપડું બનાવી પહેરવાનું પણ લેતા, કોઈ વળી ખુલ્લા પગે ચાલવાની કે ગામડામાં જઈ સેવાની વાતને

વળગી રહેતા. ચોખાવાળાએ પોતાની જ્ઞાતિમાં ન પરણવાની પ્રતિજ્ઞા લીધેલી. એટલે મેં મહાદેવને ધીરેકથી ચોખાવાળા વિશે કહ્યું. મહાદેવે ગાંધીજીને કહ્યું. એટલે ગાંધીજીએ મને તરત જ કહ્યું કે 'જા સુરતથી ચોખાવાળાને બોલાવી લાવ.'

ચોખાવાળા પણ ગૂજરાત વિદ્યાપીઠના મારા પછીના સ્નાતક. અમને બંનેને સારું બને. એટલે બપોર પછીની ગાડીમાં હું ચોખાવાળાને લઈ આવ્યો. ગાંધીજીએ એક નજર ચોખાવાળા પર નાંખી, અને એમને એ શારદા માટે યોગ્ય લાગ્યો, 'આ બંનેને એક ઓરડીમાં અર્ધા કલાક માટે સાથે બેસાડો અને બંનેની સંમતિ હોય તો અહીં લઈ આવો.' ગાંધીજીની આજ્ઞા થતાં આ સામે (કાકાએ સામેની એક ઓરડી તરફ બતાવતાં કહ્યું) ઓરડી છે તેમાં હું, શારદા અને ચોખાવાળાને લઈ ગયો. બારણું વાસીને ગાંધીજીના કહ્યા પ્રમાણે હું બહાર બેઠો. અર્ધા કલાક પછી આ બંને બહાર આવ્યાં. તેઓ રાજી હતાં.

બીજી સવારે સરદાર ભવન (આપણે જ્યાં બેઠા છીએ તેના માથા પરના ઓરડા)ના ઉપરના મોટા ઓરડામાં શારદા-ચોખાવાળાના વિવાહ થયા. આશ્રમમાં વાત ફેલાઈ ગયેલી. એટલે આખો ઓરડો માણસોથી ભરાઈ ગયેલો. કસ્તૂરબાએ બંનેને કપાળે તિલક કર્યું, ચોખા ચોડ્યા. પછી બંને વારાફરતી બધાંને પગે લાગ્યાં. પહેલાં કસ્તૂરબા અને ગાંધીજીને, પછી સરદાર, મહાદેવ, રાજકુમારી અમૃત કૌર વગેરેને. ગાંધીજીના જૂના મિત્ર કૅલનબેક પણ હાજર હતા. કૅલનબેકે ચોખાવાળા સાથે હસ્તધૂનન કર્યું, અને તે ઠીક ઠીક લંબાયું. બાજુમાં ઊભેલા સરદારે આ લાંબું હસ્તધૂનન જોઈ ગમ્મત કરી. સરદાર કહે, 'મિ કૅલનબેક વાય ડુ યુ ટેઈક સો મચ ઇન્ટરેસ્ટ ઈન ધીસ ?' સરદારનો ઇશારો કૅલનબેક જીવનભર કુંવારા રહ્યા તે તરફ હતો. કૅલનબેક ઘડીભર તો અવાક્ રહ્યા. પણ તે સરદારની વિનોદની ધાર તરત જ પામી ગયા. કૅલનબેક કહે, 'ઇફ આઈ એમ સચ ટૂડે, ઈટ ઈઝ બિકૉઝ ઑફ ધ સીન ઑફ ધીસ ઑલ્ડ મૅન.' ['મારી જો આજે આવી દશા હોય તો તે આ બુઢ્ઢા (ગાંધીજીને બતાવીને)ને પાપે છે.'] બધા ખડખડાટ હસ્યા. એટલે ગાંધીજી બોલ્યા. 'મિ. કૅલનબેક, ડોન્ચ્યુ નૉ નાવ આઈ ઍટૉન ફૉર ધેટ... ગાંધીજીએ આ વિવાહવિધિ તરફ નિર્દેશ કરીને કહ્યું કે આમ કરીને (આવાં લગ્ન કરાવીને) હવે હું એનું પ્રાયશ્ચિત્ત કરું છું.'

ગોરધનદાસ અને શારદાનાં લગ્ન સેવાગ્રામમાં લેવાયાં. કસ્તૂરબાએ લાપસી બનાવી. સ્થાનિક લોકો ઢોલક લઈ આવ્યા. નાચ્યાં. આમ એક યાદગાર લગ્ન તદ્દન અનોખી રીતે થયાં. એ નવાઈ જેવું લાગતું કે ગાંધીજીની હાજરીમાં તમામ ચીલાચાલુ પરંપરાઓ ગાયબ થઈ જતી. એક નવી જ આહ્‌લાદકતા આપણા કાર્યને વિચારને ઘેરી વળતી.

* * *

શરૂઆતમાં ગાંધીજી પણ આશ્રમમાં કૉમન પાયખાને જતા. પણ એમની સંભાળ રાખનાર સરદાર પટેલ અને બીજા એમની અંગત સેવામાં હાજર રહેનારા જોતા કે એમને આશ્રમના કૉમન પાયખાને જતાં થોડી તકલીફ રહેતી. મેડા ઉપરથી ઊતરવાનું અને દૂર પાયખાનાની જગ્યા સુધી જવાનું. એટલે સરદારની સૂચનાથી મેડા પર જ ખપરડાનું બૉક્સ જેવું પાયખાનું ઊભું કરવામાં આવ્યું. અને ત્યાં જ કમોડ રાખવાની વ્યવસ્થા કરી. ગાંધીજી તો કમોડ જાતે જ સાફ કરવાનો આગ્રહ રાખતા. પણ એમને જ જો એ કરવાનું હોય – એ માટે વળી નીચે ઊતરવાનું હોય તો તો પાયખાનું બનાવવાનો કોઈ અર્થ પણ નહીં. એટલે અમે કમોડ લેવાને માટે ખડે પગે તૈયાર રહેતા. મોટા ભાગે મારે પાયખાના બહાર ઊભા રહેવું પડતું.

ગાંધીજીને આ વ્યવસ્થા ગમી. 'ઉત્તમચંદ, આ સારું કર્યું.' પછી કહે, 'પણ મારે પાયખાનામાં બહુ સમય જાય છે. લગભગ ચાળીસેક મિનિટ મારે કમોડ પર બેસી રહેવું પડે છે. એટલે તારે મારા માટે પાયખાનામાં કંઈ વાંચનની વ્યવસ્થા કરવાની.'

એક વખત એમણે આકાશદર્શન વિશેનાં પુસ્તકો પાયખાનામાં મૂકવા કહ્યું. મને ઘણી વાર વિચાર આવતો કે ગાંધીજી આખો દિવસ તો કંઈ ને કંઈ લેખન-વાચન ચર્ચામાં ગૂંથાયેલા રહેતા. અહીં પાયખાનામાં એટલો સમય શાંતિથી બેસતા હોય તો. એક દિવસ પાયખાનામાંથી બહાર આવી મારે ખભે હાથ મૂકી ચાલતા હતા ત્યારે મેં કહ્યું, 'બાપુજી, આપ આખો દિવસ તો કામમાં રોકાયેલા રહો છો. આપને પાયખાનાનો સમય મળે છે તેમાં ન વાંચો તો ન ચાલે ? આપને એટલી શાંતિ મળે. અને આપે ક્યાં ઓછું વાંચ્યું છે ?'

મારા ખભા પર એમનો હાથ હતો. એટલે મારો કાન પકડી જોરથી આમળી કહે, 'ઉત્તમચંદ, આપણે હંમેશાં નવું શીખવું જોઈએ.' અને પછી અંગ્રેજીમાં કહે, ''Every man or woman is a life-long student'' (દરેક પુરુષ કે સ્ત્રી જીવનભર વિદ્યાર્થી છે.)

કંઈ ને કંઈ વાંચવું, જાણવું એવું ગાંધીજી આશ્રમના જુવાનોને કોઈક આવા પ્રસંગે કહેતા. પણ કહેવા કરતાં એમનો દાખલો જ અમારી આગળ તો મોજૂદ હતો.

[જનકલ્યાણ, ઑક્ટોબર : ૨૦૦૧]

('શાશ્વતગાંધી' સપ્ટેમ્બર ૨૦૧૭

પૃ. ૩૧-૩૫માંથી સાભાર)

# ડૉ. ઠાકોરલાલ પંડ્યા

**મોહનલાલ પટેલ**

ઈ. સ. ૧૯૧૮માં ડૉ. ઠાકોરલાલ પંડ્યાનું અવસાન થયું ત્યારે પાટણની પ્રજા ભારે આઘાત સાથે ઘેરા શોકમાં ગરકાવ થઈ ગઈ. ત્રણ-ત્રણ દિવસ બજારો બંધ રહ્યાં અને કડિયા-મજૂર કામે ન ચઢ્યા. ડૉ. પંડ્યાના મરણનો ઘા એવો વસમો હતો કે એમની સ્મૃતિ સાથે જ લોકોની આંખ વરસી પડતી.

ડૉ. ઠાકોરલાલ રણછોડલાલ પંડ્યા આમ તો, પાટણની પુરુષ અધ્યાપન પાઠશાળાના પ્રિન્સિપાલ. કોઈ શૈક્ષણિક સંસ્થાનો આચાર્ય માત્ર હોદ્દાને કારણે મરણ નિમિત્તે પ્રજાનાં આટલાં માન અને પ્રેમ મેળવી શકે ખરો ? ડૉ. પંડ્યાએ અન્ય રીતે એ મેળવ્યાં. એમણે પાટણની પ્રજા ઉપર એવું તે શું કામણ કર્યું કે એમને પ્રજાનો આવો અનર્ગળ પ્રેમ સાંપડ્યો ?

ડૉ. પંડ્યાએ પાટણની પ્રજાનો આટલો પ્રેમ મેળવ્યો એની પાછળ એમના ઉજ્જ્વળ બલિદાનની કથા કારણરૂપ છે. ડૉ. પંડ્યાનું બલિદાન ભારતના ડૉ. કોટનિસે ચીનમાં જઈને માનવપ્રાણરક્ષા માટે આપેલા બલિદાન કરતાં કોઈ રીતે ઊતરતું નથી. ડૉ. પંડ્યાએ જે સંજોગોમાં અને જેટલા વ્યાપમાં કામ કર્યું એ જોતાં એમનું બલિદાન ડૉ. કોટનિસના બલિદાન કરતાં ચઢિયાતું લાગે.

ઈ. સ. ૧૯૧૬માં પાટણ શહેર પ્લેગના રોગચાળામાં બૂરી રીતે સપડાયું હતું. માણસો ટપોટપ મરતાં હતાં. એક એક ઘરમાંથી ઉપરાઉપરી બબ્બે ત્રણ-ત્રણ નનામીઓ નીકળતી હતી. શરૂશરૂમાં તો ખબરદાર માણસો આ સેવા ખડે પગે બજાવતા હતા, પણ પછી તો રોગચાળો એટલો વકર્યો કે આ ખબરદાર માણસો પણ હિંમત હારી ગયા અને એ પણ શહેરના બીજા માણસોની જેમ શહેર છોડીને સલામત સ્થળો તરફ ભાગવા માંડ્યા. પણ ડૉ. પંડ્યાએ રોગગ્રસ્ત શહેરને ન છોડ્યું. રોગમાં સપડાયેલા દર્દીનો ઉપચાર તેમ જ સેવા કરવાનું કામ કપરું હતું. ડૉ. પંડ્યા એમણે સ્થાપેલા સેવા મંડળના સભ્યોને સાથે રાખીને દર્દીઓની સારવારનું કામ ધીરજ, કાળજી અને નિષ્ઠાથી કશા છોછ વગર કરતા. દર્દીની દુર્ગંધ મારતી ફાટેલી ગાંઠને એ પોતે સાફ કરી એમાં દવા નાખતા અને પછી પાટો બાંધતા. શહેરમાં દર્દીઓને દવા પહોંચાડવાનું કામ ત્વરિત અને પૂરતા પ્રમાણમાં થાય એની વ્યવસ્થા પણ ડૉ. પંડ્યાએ સુચારુ રીતે ગોઠવી હતી. આ કાર્યમાં સેવાદળના સભ્યો ખૂબ ઉપયોગી થતા. (પાટણમાં આવ્યા પછી ડૉ. પંડ્યાએ સૌથી પહેલું કામ સેવાભાવી સભ્યોનું સેવાદળ સ્થાપવાનું કર્યું હતું.)

સાજાનરવા દેખાતા માણસને પ્લેગ ક્યારે પોતાની ઝપટમાં લેશે એ કંઈ કળી શકાતું નહોતું. કાળનો કોળિયો બની ગયેલા માનવીના મોત પછીનો વિધિ કોઈ પણ જાતના ઊર્મિ-આવેગ વગર થતો. ક્યારેક એવું પણ બનતું કે મરનારનાં સગાં જીવ બચાવવા વગડામાં જઈ વસ્યાં હોય અને ખાંધ ડૉ. પંડ્યાએ આપી હોય.

પાટણનું સ્મશાન શહેરથી લગભગ સાડા ત્રણ કિલોમીટર દૂર સરસ્વતી નદીના હરિહરેશ્વરના આરે બ્રહ્મકુંડના સાન્નિધ્યમાં હતું, પણ રોગચાળાના આવા સંજોગોમાં એ સ્મશાનનો ઉપયોગ લગભગ અશક્ય હતો. વળી, મરનારની સંખ્યાના પ્રમાણમાં એ સ્મશાનની જગ્યા સાંકડી પડે અને અગ્નિદાહ માટે જરૂરી લાકડાંનો પુરવઠો પણ ઉપલબ્ધ ન હોય.

પ્લેગમાં મરનારનાં શબોનો નિકાલ કેવી રીતે થતો હતો એની સ્પષ્ટ અને ચોક્કસ જાણકારી નથી. પણ ઘણાં વર્ષો પહેલાં સાંભળવા મળ્યા મુજબ શબોના નિકાલ માટેનું સ્થળ ગુંગડી તળાવની પાળ હતું. આ તળાવ ગુંગડી દરવાજાથી ખૂબ નજીક હતું.

વીસમી સદીની ત્રીશીના અરસામાં ગુંગડી તળાવ જ્યારે એના મૂળ સ્વરૂપે હતું ત્યારે કોઈ પણ તળાવને ન હોય એવી ઊંચી, પહોળી અને ધીંગી પાળ આ તળાવને હતી એ જોવામાં આવેલું. આના આધારે શબોના નિકાલની સાંભળેલી વાત ગળે ઊતરે એવી ખરી.

રોગચાળાનાં વળતાં પાણી થયાં અને એ પૂરો

કાબૂમાં આવ્યો ત્યાં સુધી ડૉ. પંડ્યા પગ વાળીને બેઠા નહીં. થાકને એમણે નજીક ઢૂકવા દીધો નહીં અને ઊંઘને ગણકારી નહીં.

ડૉ. પંડ્યાની પાટણ સાથે એવી તે શી નિસબત હતી કે એમણે એ શહેરનાં માનવીઓ માટે મૃત્યુના સતત જોખમ વચ્ચે રહીને પણ આ સેવા બજાવી ? દુનિયાની રીત પ્રમાણે હિસાબ માંડીએ તો એમને પાટણ સાથે કશું સ્નાનસૂતક નહીં. એમનું વતન ખેડા જિલ્લાનું સરસવણી ગામ. એમનું માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વડોદરામાં. ઈ. સ. ૧૯૦૬માં એ વિજ્ઞાન વિષયો સાથે સ્નાતક થઈ વડોદરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. એમની તેજસ્વી કારકિર્દીના આધારે એમને વડોદરા રાજ્ય તરફથી શિક્ષણશાસ્ત્રના વધુ અભ્યાસ માટે અમેરિકા મોકલવામાં આવ્યા.

અમેરિકામાં એમણે મિ. ગેસ્ટને ત્યાં રહેવાનું રાખ્યું. મિ. ગેસ્ટે ડૉ. પંડ્યા વિશે જે કહ્યું એમાં ડૉ. પંડ્યાના સ્વભાવની સારી એવી ઝલક મળી રહે છે. મિ. ગેસ્ટે ડૉ. પંડ્યા માટે આમ કહ્યું હતું : 'અમારા દેશમાં ડગલે ને પગલે સ્વાર્થ ઊભરાય છે. નીતિ જેવી વસ્તુનો ઉપહાસ થાય છે. સાદગી તો કોઈ સમજતું જ નથી. સહૃદયતાની ઊણપ છે. ભાઈ પંડ્યાની પ્રામાણિકતા તથા સૌજન્ય જોઈને અમને આશ્ચર્ય થાય છે. હિંદમાં આવાં પ્રભુનાં માણસો વસે છે એવો અમને ખયાલ જ નહોતો, પરંતુ પંડ્યાના સહવાસ પછી હિંદ સંબંધી અમારો ખયાલ ઘણો બદલાઈ ગયો છે.

ઈ. સ. ૧૯૧૨માં એમણે શિક્ષણશાસ્ત્રમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી. એ વડોદરા પાછા ફર્યા એટલે એમની નિમણૂક વડોદરાની પુરુષ અધ્યાપન પાઠશાળા (મેલ ટ્રેનિંગ કૉલેજ)ના પ્રિન્સિપાલ તરીકે થઈ. થોડો સમય પછી એમની બદલી પાટણમાં ચાલતી મેલ ટ્રેનિંગ કૉલેજનાં પ્રિન્સિપાલના પદ ઉપર થઈ. પાટણ સાથે ડૉ. પંડ્યાની નિસબત જે ગણો તે, ૧૯૧૩થી ઈ. સ. ૧૯૧૮ સુધીની ફક્ત પાંચ વર્ષ ! એ યુગમાં સરકારી અધિકારીઓ પ્રજા સાથે ઝાઝી નિસબત રાખતા નહીં. રોગચાળાના સમયમાં કોઈ કૉલેજનો પ્રિન્સિપાલ જાત સાચવીને બેસી રહેવાને બદલે મદડાં ખભે કરતો હોય એવું ભાગ્યે જ જોવા મળે. ડૉ. પંડ્યાએ એ કર્યું. જાત ભાંગી જાય એટલો શ્રમ ઉઠાવીને એ કર્યું.

પ્લેગના રોગચાળાનો અંત આવ્યો એ પછી એમણે સેવાનાં બીજાં ક્ષેત્રોમાં પુરુષાર્થ આદર્યો. અગાઉ કહ્યું તેમ પાટણમાં પગ મૂકતાં જ એમણે સેવાદળની સ્થાપના કરી હતી. હવે એમણે 'યુવક મંડળ'ની સ્થાપના કરી. આ મંડળનું મુખ્ય કામ ગામેગામ શિક્ષણનો પ્રચાર થાય અને લોકોમાં શિક્ષણ અંગે જાગૃતિ આવે એ હતું.

યુવક મંડળની સ્થાપના પછી શિક્ષણનું એક ઘણું મોટું કામ અભ્યાસગૃહના નિર્માણનું થયું. અભ્યાસગૃહની સ્થાપના પાછળનું લક્ષ્ય મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકો રહેવા-જમવાની વ્યવસ્થા મેળવીને શહેરની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી શકે એ હતું. આજે પણ એ અભ્યાસગૃહ આરંભમાં સ્થપાયેલાં ધોરણો સાથે ચાલે છે. ત્યાં રહીને અભ્યાસ કરી ગયેલા સેંકડો વિદ્યાર્થીઓએ રાષ્ટ્રની સેવા કરીને અભ્યાસગૃહનું નામ ઉજાળ્યું છે. એ વર્ષોમાં અભ્યાસગૃહ સાથે સંકળાયેલા કાર્યકરો મકરસંક્રાન્તિના દિવસે શહેરના મહોલ્લે મહોલ્લે ફરીને અભ્યાસગૃહના વિદ્યાર્થીઓના લાભાર્થે વિદ્યાદાનરૂપે નાણાં ઉઘરાવતા. પાટણના વતની અને પાટણ હાઈસ્કૂલના ગણિતશાસ્ત્રના પ્રસિદ્ધ શિક્ષક મણિભાઈ મા. દવેએ જીવનના અંત સુધી અભ્યાસગૃહનું સુકાન સંભાળ્યું. પાટણ શહેરના લોકોના હૈયે મણિભાઈ દવેનું નામ એક આદર્શ શિક્ષક અને આદરણીય વ્યક્તિ તરીકે અંકાયેલું હતું.

અભ્યાસગૃહ એ તો યુવકમંડળની પ્રવૃત્તિનું પહેલું સોપાન હતું. યુવક મંડળ દ્વારા માત્ર પાટણની જ નહીં પણ સારાયે ઉત્તર ગુજરાતમાં વિવિધ પ્રવૃત્તિઓ અને સંસ્થાઓની સ્થાપના દ્વારા પ્રજાનો ઉત્કર્ષ સાધવાનો ડૉ. પંડ્યાનો સંકલ્પ હતો. આ કાર્ય માટે એમનાં જોમ અને ઉત્સાહ અદમ્ય હતાં. યુવક મંડળ અને સેવાદળ એમનો પડતો બોલ ઝીલીને એમના ઉત્સાહમાં વધારો કરતાં હતાં. પણ કુદરત એક પછી એક એવા પ્રતિકૂળ સંજોગો ઊભા કરતી હતી કે ડૉ. પંડ્યાએ વિચારી રાખેલી યોજનાઓના અમલ માટે તક મળતી નહોતી.

પ્લેગના રોગચાળાનો અંત આવ્યો એના બીજા જ વર્ષે કપરા દુષ્કાળે ઉત્તર ગુજરાતને એની પકડમાં લીધું. ડૉ. પંડ્યાનું મનોતંત્ર આ કુદરતી આફત ઉપર કેન્દ્રિત થયું. પાટણથી થોડા અંતરે ખલીપુર ગામે એક વિશાળ પાંજરાપોળ હતી. ઘણાં પશુઓને એમાં આશ્રય મળતો હતો. દૂબળાં, અશક્ત, ઘરડાં પશુઓ તો ખરાં પણ ભેંસને પાડો અવતરે તો તેને પણ પશુપાલકો ખલીપુરની પાંજરાપોળમાં મૂકી આવતા. આ વિશાળ પાંજરાપોળનું તંત્ર મહાજનના હસ્તક હતું. ઢોરના નિભાવ માટે ગૃહસ્થો અને શ્રેષ્ઠીઓ તરફથી ઉદાર હાથે નાણાં મળતાં. કેટલાક

સમજદાર ખેડૂતો પણ આ પાંજરાપોળમાં ઘાસચારો-પૂળા પહોંચતા કરતા. પણ આ વર્ષે કારમો દુષ્કાળ હોવાથી પાંજરાપોળ માટે દાનરૂપે ઘાસચારો અને પૂળા મેળવવાનું કામ મુશ્કેલ હતું. પાંજરાપોળ માટે ઘાસ-પૂળા ખરીદવા પડે એમ હતું. તંગી એટલે ચીજ મોંઘી. ઘાસપૂળા ખરીદવા માટે મોટા નાણાભંડોળની જરૂર પડે એમ હતું. અને ડૉ. પંડ્યાએ આ જવાબદારી માથે લીધી. સ્થાનિક પ્રજા આ માટે ઝાઝી મદદ કરી શકે એમ નહોતી. સ્થાનિક પ્રજામાં દાનની ભાવના નહોતી એવું નહોતું, પણ પ્રજાની મર્યાદિત શક્તિને લીધે કાર્યસિદ્ધિ પાછળ ઘણો સમય જાય અને ભંડોળ પણ કદાચ પૂરતા પ્રમાણમાં એકત્રિત ન થાય. આ કાર્ય માટે મુંબઈ તરફ નજર કરવી પડે. પાટણના ઘણા શ્રેષ્ઠીઓ ધંધાર્થે ઘણા સમયથી મુંબઈમાં વસેલા છે. પાટણ માટે એમને પ્રેમ અને ભક્તિ પણ ખરાં. પાટણ ઉપર આફત હોય ત્યારે એને નિવારવા એ જરૂરી સહાય પણ કરે. અને એમાં આ કામ માટે ડૉ. પંડ્યા મુંબઈ જાય ત્યારે બાકી શું રહે ? ડૉ. પંડ્યા 'પંડ્યાસાહેબ'ના હુલામણા સંબોધનથી ખ્યાત થયેલા. મુંબઈ નિવાસી પટણી શ્રેષ્ઠીઓએ 'પંડ્યાસાહેબ'ને પ્રેમથી વધાવી લીધા. વળી, જે કાર્ય લઈને એ આવ્યા હતા એ જીવદયાનું કામ હતું. ખૂબ પ્રેમથી ડૉ. પંડ્યાની ઝોળી ભરાવા લાગી. થોડા જ સમયમાં બે લાખ રૂપિયાનું ભંડોળ એકઠું થઈ ગયું. ઈ. સ. ૧૯૧૭-૧૮માં બે લાખ રૂપિયાનું મૂલ્ય તો કલ્પનાથી જ સમજી શકાય. ડૉ. પંડ્યા પાંચ લાખ રૂપિયા ભેગા કરવાનો અંદાજ લઈને મુંબઈ ગયા હતા. એટલું ભંડોળ તો કશી તકલીફ વગર એકઠું થઈ જાત. પણ ફરી એક વાર કુદરતે પાટણ ઉપર કાળપંજો વીંઝ્યો. સમાચાર આવ્યા કે પાટણ ઇન્ફ્લુએન્ઝાના રોગચાળામાં સપડાયું છે. આ સમાચાર અણધાર્યા હતા. ૧૨૦૦૦ માઈલ દૂર અમેરિકા સ્પેનિશ ફ્લૂના ભરડામાં સપડાયું હતું. અને લોકો વાયરસની અસર હેઠળ ઓચિંતાં મરતાં હતાં એ હકીકત વિચક્ષણ બુદ્ધિવાળા ડૉ. પંડ્યા ન જાણતા હોય એવું કેમ બને ? આ રોગચાળાનું વાદળ પ્રચંડ વેગે દુનિયા ઉપર પ્રસરવા લાગ્યું હતું એની પણ ડૉ. પંડ્યાને ખબર ન હોય એ પણ કેમ બને ? પણ વેગીલા આ વાયરસની છાયા આમ ઓચિંતી પાટણ સુધી પહોંચી હશે એ તો સાવ કલ્પના બહારની વાત હતી.

હવે ડૉ. પંડ્યા મુંબઈમાં એક દિવસ પણ વધારે કેમ રોકાઈ શકે ? એ પાટણ પહોંચી ગયા, અને ઈ. સ. ૧૯૧૬માં પ્લેગ વખતે જે ઝનૂનથી કામ કર્યું હતું એના કરતાં સવાઈ તાકાતથી કામ આરંભી દીધું. સવાઈ તાકાત એટલા માટે કે પ્લેગ વખતે દર્દી પાસે પહોંચી જવાય એટલો સમય રહેતો હતો. સારવારથી દર્દી સાજા થયા હોય એવા ઘણા કેસ હતા. આ રોગચાળાની વાત જુદી હતી. ઠંડી-તાવ અને મરણ જાણે એકબીજાંથી રેણાયાં હતાં. જેને આ તાવ આવ્યો એ ગયો જ એવી સ્થિતિ હતી. હમણાં જ માણસ કોઈ સમસ્યા કે પ્રશ્નની ચર્ચા કરીને ગયો હોય અને અર્ધા કલાકમાં એની મરણપોકના સમાચાર આવે ! વધારે આઘાતજનક સ્થિતિ તો એ હતી કે આમાં જુવાન કે પ્રૌઢ વયનાં માણસો વધારે મરતાં હતાં.

ડૉ. પંડ્યા ન હિંમત હાર્યા કે ન હતાશ થયા. રાત પરોઢ કે સાંજ-બપોર જોયા સિવાય દર્દીનો ઇશારો મળતાં ભાગતા રહ્યા, ભાગતા રહ્યા. એક પાગલની જેમ અણથક રહીને એકશ્વાસે દર્દીઓ વચ્ચે ઘૂમતા રહ્યા.

પણ આ વખતે એ પોતાની જાતને બચાવી ન શક્યા. દર્દીઓની સેવા કરવામાં પોતે દર્દનો ભોગ બન્યા અને એમાં અવસાન પામ્યા.

ડૉ. પંડ્યાના અવસાન સમયને વીત્યે નવ દાયકા કરતાં વધારે સમય પસાર થયો છે. આજ પાટણના કોઈ પણ મહોલ્લામાં જઈને ઊભા રહો ત્યાંના રહીશો આગળ ડૉ. પંડ્યાનું નામ લો. કોઈના ચહેરા પર કશો ભાવપલટો જોવા નહીં મળે. તમે ડૉ. પંડ્યા વિશે સહેજ વાત કરશો તો સાંભળનારા જ કદાચ તમને પૂછશે, 'ભલા ભાઈ, તમે કહો છો તે ડૉક્ટર પંડ્યા કોણ છે ?'

સમયનો કેવો પ્રભાવ ! લોકો જેને સમયની બલિહારી કહે છે તે જ આ. જે માણસના અવસાનના કારણે ત્રણ ત્રણ દિવસ સુધી શહેરના લોકોની આંખ સુકાઈ નહોતી એનું નામ એ જ શહેરનાં લોકોને આજ અજાણ્યું લાગે છે !

આશ્ચર્યની વાત તો એ છે કે આ પુરુષનું પાટણમાં પ્રજાએ ઊભું કરેલું કોઈ સ્મારક નથી. જે અભ્યાસગૃહ છે એ તો ડૉ. પંડ્યાએ પોતે યુવક મંડળના સહયોગમાં સ્થાપેલી સંસ્થા છે. ડૉ. ઠાકોરલાલ પંડ્યાનું નામ આજે તો પાટણની પ્રજામાં લગભગ અજાણ્યું છે.

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી
સેટેલાઈટ, ભાવનિર્માણ પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
મો. ૯૯૦૪૪૮૦૫૨૨

(કુમાર ૯૮૫, જાન્યુઆરી ૨૦૧૦ પૃ. ૪-૬માંથી સાભાર)

# વિશ્વની ઉત્પત્તિ

વિઠ્ઠલભાઈ અં. પટેલ


**પ્રસ્તાવના**

આપણે તારાઓ, તારામંડળો (constellations) અને તારાવિશ્વોનો (Galaxies) જુદોજુદો અભ્યાસ કર્યો, હવે આપણે આ બધાનો એકસાથે અભ્યાસ કરીએ. આ અભ્યાસને અંગ્રેજીમાં કૉસ્મોલૉજી (Cosmology) કહે છે જે વિશ્વને એક ગણીને અભ્યાસ કરે છે. તારાવિશ્વોમાંના એક તારાવિશ્વમાંથી આપણે વિશ્વને જોઈએ છીએ. જ્યાં સુધી નજર પડે છે ત્યાં સુધી બધે જ તારાવિશ્વો દેખાય છે. કેટલા સુધી જોવું તેની સીમા વિશ્વે નક્કી કરી નથી, પણ તેનો આધાર આપણાં દૂરબીનો ઉપર છે. વિશ્વની રચના ગમે તે હોય, પણ આપણે તો તેનો થોડોક જ ભાગ જોઈ શકીશું. આ જે થોડોક જ ભાગ આપણે જોઈએ છીએ તેના ઉપરથી આપણે આખાયે વિશ્વનું ચિત્ર રચવાનું છે. આના માટે આપણે અમુક વસ્તુઓ ધારવાની રહેશે જ. જેમ કે જે ભાગ આપણે સીધે સીધા જોઈ શકતા નથી તે ભાગના સરેરાશ ગુણધર્મો જે ભાગને આપણે જોઈએ છીએ તેના જેવા જ છે, બીજા શબ્દોમાં કહીએ તો જે વિશ્વના ભાગને આપણે જોઈએ છીએ તે ભાગ કોઈ પણ રીતે બીજા ભાગો કરતાં જુદો નથી. કદાચ સ્થાનિક વિગતોમાં નજીવો ફેર હોય.

કોઈ પણ જગ્યાએથી વિશ્વને જોનાર એક જ જાતનું વિશ્વનું ચિત્ર જોશે. આ ધારણા, કોઈ પણ જગ્યાએથી વિશ્વ એક જાતનું દેખાશે તે વિશ્વવિદ્યાનો (Cosmology) સિદ્ધાંત કહેવાય છે. આનું સાચાપણું આપણે કોઈ દિવસ સાબિત કરી શકવાના નથી. આ વિશ્વાસની વાત છે. આપણે વિશ્વવિદ્યાનો અભ્યાસ કરવાના હોઈને, વિશ્વનો કોઈ ભાગ આપણાથી અત્યંત દૂર હોઈને તેનો અભ્યાસ આપણાથી ન થઈ શકે. આના માટે આપણે કોઈક ધારણા કરવાની રહેશે. પ્રસરતું વિશ્વ, સમયની શરૂઆત, વાંકું વળેલું અવકાશ, વિશ્વ મર્યાદિત કે અમર્યાદિત વગેરેમાં વૈજ્ઞાનિક સુગંધ કરતાં કલ્પનાની સુગંધ વધારે છે.

**ડૉપ્લર અસર (Doppler Effect)**

કોઈ પણ પદાર્થ જેનાથી તરંગો પેદા થતા હોય તેવા પદાર્થની ગતિ તરંગોને અસર કરે છે. આ ડૉપ્લર અસર તરીકે ઓળખાય છે. ડૉપ્લરે આની નોંધ 1842માં લીધેલી. આ તરંગો પાણીના, અવાજના કે પ્રકાશના હોઈ શકે. દાખલા તરીકે આપણે રેલવે સ્ટેશને ઊભા હોઈએ અને ગાડી આવતી હોય તો તેની સિસોટીનો અવાજ જેમ જેમ ગાડી આપણી નજીક આવતી હોય તેમ તેમ તીવ્ર બને છે અને જેમ જેમ ગાડી આપણાથી દૂર જતી જશે તેમ તેમ સિસોટીના અવાજની તીવ્રતા ઘટતી જશે. અહીંયાં સિસોટી અવાજના તરંગો પેદા કરે છે અને ગાડીની ગતિ સિસોટીની ગતિ છે. સિસોટીની ગતિ અવાજના તરંગોને તીવ્ર બનાવે છે અને અવાજના તરંગોની તીવ્રતા પણ ઘટાડે છે. આકૃતિ 1 અને 2



આકૃતિ 1 આકૃતિ 2

આ તીવ્રતા સમજવામાં મદદરૂપ થશે. સિસોટીમાંથી આવતો અવાજ નિયમિત આવે તે રીતે હાથથી કે મશીનથી ગોઠવી શકાય. ધારો કે અવાજનાં મોજાંઓ 1m/s આકૃતિ-1માં બતાવ્યા પ્રમાણે મુસાફરી કરે છે. આ જ્યારે ગાડી સ્થિર હોય ત્યારે અવાજના મોજાંની મુસાફરી બતાવે છે. હવે ધારો કે ગાડી આપણી તરફ આવે છે અને ગાડીની ગતિ 1/2 m/s છે. આ ગતિના કારણે આકૃતિ-2માં બતાવ્યા પ્રમાણે આપણી દિશામાં મોજાંઓ એકબીજાની નજીક વધારે આવે છે અને આ મોજાંઓ વચ્ચેની જગ્યા 1/2m છે. જ્યારે સામેની બાજુએ મોજાંઓ એકબીજાથી વધારે દૂર છે અને આ મોજાંઓ વચ્ચેની જગ્યા $1\frac{1}{2}$ મીટર છે. એક બાજુએ મોજાંઓ વચ્ચેની જગ્યા ઘટી છે જ્યારે બીજી બાજુએ મોજાંઓ વચ્ચેની જગ્યા વધી છે. આને ડૉપ્પલર અસર તરીકે ઓળખવામાં આવે છે. અવાજના અને પ્રકાશના મોજાંઓમાં આ અસર ખાસ જોવા મળે છે. ટૂંકમાં જ્યારે મોજાંઓ પેદા કરતો પદાર્થ જોનારની દિશામાં મુસાફરી કરે છે ત્યારે જોનાર મોજાંઓ વચ્ચેની જગ્યા ઓછી થયેલી જોશે જ્યારે મોજાંઓ પેદા કરનાર પદાર્થ જોનારની ઊલટી દિશામાં મુસાફરી કરે છે ત્યારે જોનાર મોજાંઓ વચ્ચેની જગ્યા વધેલી જોશે. ડૉપ્પલર આને સમીકરણના સ્વરૂપમાં દર્શાવી શકેલા જે

$$\ell = L\left(1 - \frac{v_s}{v_w}\right)$$ છે. અહીંયાં

L પદાર્થ જ્યારે સ્થિર હોય ત્યારે બે મોજાંઓ વચ્ચેની જગ્યા,
$\ell$ પદાર્થ જ્યારે ગતિમાં હોય ત્યારે બે મોજાંઓ વચ્ચેની જગ્યા,
$v_s$ મોજાંઓ પેદા કરનાર પદાર્થની ગતિ અને
$v_w$ મોજાંઓની ગતિ છે.

ધારો કે ગાડીની ગતિ 100 Km/h છે જ્યારે અવાજનાં મોજાંઓની ગતિ 1000 m/h છે. આથી

$\ell = L\ (1 - \frac{100}{1000}) = o.\ 9L$ છે. જ્યારે L=1 હોય ત્યારે $\ell = 0.9$ થશે. આના કારણે તીવ્રતા વધારે છે. જોનારથી ઊલટી દિશામાં ગાડી જતી હશે ત્યારે

$\ell = L\ (1 + \frac{100}{1000}) = 1.1L$ છે. આથી અવાજની તીવ્રતા ઓછી લાગે છે.

રાતનો સમય હોય તો ગાડીના આગળના ભાગમાં પ્રકાશ માટે લાઇટ હશે. પ્રકાશનાં મોજાંઓની ગતિ 30,000 km/sec હોઈને


$\ell = L\ (1 - \frac{100}{30{,}000 \times 3600}) = 0.9999\ L$ છે. જ્યારે L=1 હોય ત્યારે $\ell = 0.999...$ છે. આપણી આંખો આ ભેદ જોઈ શકશે નહિ.

આકાશના તારાઓના પ્રકાશને પણ ડૉપ્પલર અસર થવાની, કારણ કે તારાઓ ગતિમાં છે. તારાઓની ગતિના કારણે પ્રકાશની તરંગ લંબાઈને અસર થવાની. આ તરંગ લંબાઈમાં થયેલા ફેરફારની અસર આપણને પ્રકાશના વર્ણપટમાં થયેલા ફેરફારથી મળે. વર્ણપટમાં થતો ફેરફાર 1865માં વિલિયમ અને માર્ગરેટ હુગિન્નસે વ્યાધ (Sirius) તારાના વર્ણપટમાં જોયો. વ્યાધ તારાના પ્રકાશના વર્ણપટની શોષકરેખાઓ લગભગ સૂર્યના પ્રકાશના વર્ણપટની શોષકરેખાઓ જેવી છે. સિવાય કે વ્યાધના તારાના પ્રકાશની તરંગલંબાઈ 0.015 ટકા વધી છે. જ્યારે પ્રકાશ આપનાર તારો જોનારથી દૂર જતો હોય ત્યારે તરંગલંબાઈ વધે છે. તરંગલંબાઈના વધવાને ઘણી વખત 'લાલતરફ (Redshift)' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે પ્રકાશના લાલ રંગના ભાગના પ્રકાશની તરંગલંબાઈ બધા

રંગોની તરંગલંબાઈ કરતાં વધારે છે. તે જ રીતે તારાની ગતિ જોનાર તરફ હોય ત્યારે પ્રકાશની તરંગલંબાઈમાં ઘટાડો થાય છે. તરંગલંબાઈ ઘટે તેને 'વાદળી તરફ (Blueshift)' તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે પ્રકાશના વાદળરંગના પ્રકાશની તરંગલંબાઈ બધા રંગોના તરંગલંબાઈ કરતાં ઓછી છે. આ બંને તરફની તરંગલંબાઈઓ આકૃતિ 3માં આપી છે. આ માટે ડૉપ્પલર સમીકરણ

$\lambda = L\left(1 - \frac{v_s}{v_{iv}}\right)$ છે. અહીંયાં

$v_s$ તારાની ગતિ, $v$ પ્રકાશની ગતિ, $\lambda_s$ હાલના તારાના પ્રકાશની તરંગલંબાઈ છે અને $\lambda$ સૂર્યના પ્રકાશની તરંગલંબાઈ છે.




આકૃતિ 3

વ્યાધ તારાની તરંગલંબાઈમાં 0.015 ટકા વધારો થયેલો હોઈને $\lambda_s$ = 9.000 15 $\lambda$ છે જ્યાં $\lambda$ સૂર્યના પ્રકાશની તરંગલંબાઈ છે. આથી $\lambda_s = \lambda\left(1 - \frac{v_s}{v}\right)$

$\therefore$ 1.000 15 = $1 - \frac{v_s}{v}$

$\therefore$ $v_s$ = -0.00015 $v$

= -0.00015 x 300000


= - 45 km/s

આથી વ્યાસ તારો પૃથ્વીથી દૂર ભાગે છે.


ડૉપ્પલર અસરથી ગતિ માપી શકાય છે તે તદ્દન નવી જ શોધ હતી. આ શોધે ખગોળશાસ્ત્રને ઘણી રીતે ખૂબ જ મદદ કરી છે. ફક્ત ખગોળશાસ્ત્ર જ નહિ પણ અમેરિકામાં રસ્તાઓ ઉપર વધારે ઝડપથી વાહનો ચલાવનારને પકડવામાં પણ પોલીસ-અધિકારીઓ આનો ઉપયોગ કરે છે. વીસમી સદીની શરૂઆતમાં વર્ણપટમીટરો (Spectrometer), રાક્ષસી દૂરબીનો અને ફોટોગ્રાફ માટેની પ્લેટોની ત્રિપુટીએ તારાઓ શેના બનેલા છે અને તેમની ગતિ કેટલી છે તે શોધવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે. 1912માં એલચી ખાતાની ઉજ્જ્વળ કારકિર્દી મૂકી દઈને ખગોળશાસ્ત્રનો અભ્યાસ કરનાર વીસ્ટો સ્લિફરે (Visto Slipher) ફ્લેગસ્ટાફ, એરિઝોનાની લોવેલ વેધશાળાનું 24 ઇંચનું દૂરબીન વાપરીને 25 તારાવિશ્વોની ગતિ મેળવેલી. આમાંથી 21 તારાવિશ્વો પૃથ્વીથી દૂર ભાગતા હતા અને ચાર તારાવિશ્વો પૃથ્વી તરફ આકર્ષાતાં. એમાંયે ખાસ તો દેવયાની (એન્ડ્રોમેડા) જે પૃથ્વી તરફ 300 km/sથી આકર્ષાય છે. જ્યારે મોટા ભાગના ખગોળશાસ્ત્રીઓ એમ માનતા કે તારાવિશ્વો સ્થિર છે અને અવકાશમાં તરતા છે ત્યારે આમાંનું કશું નીકળવાના બદલે આ વેગ ઘણો વધારે ગણાય. વીસ્ટો સ્લિફર ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા. આ પરિણામો ઉપર વિશ્વાસ રાખી શકાય ?

**હબલનો નિયમ :**

હબલે નિહારિકાઓના પૃથ્વીથી અંતરો માપીને જ્યારે સાબિત કર્યું કે ઘણી નિહારિકાઓ સ્વતંત્ર તારાવિશ્વો છે ત્યારથી તેમની ગણના અગત્યના ખગોળશાસ્ત્રી તરીકે થવા લાગી. તારાવિશ્વો (ઘણાં) આપણાથી દૂર ભાગે છે તે પરિણામો તેમણે સ્લિપરના કામમાં જોયા. આથી હબલને આ કામમાં રસ પડ્યો. આ કામ માટે 100'' વ્યાસનું દૂરબીન, તેની જોડે જોડેલો નવો કૅમેરા અને વર્ણપટ મીટર હતાં. તેમને મદદરૂપ થાય તેવા સ્ટાફના હુમાસન (જેમના વિશે સર્વ વિશ્વ વિદ્યાલયવૃત્તમાં લખાયું છે) પણ હતા. બંને જણે તેમનાં કામ વહેંચી લીધાં. હુમાસન ડૉપ્લર અસર માપીને તારાવિશ્વની ગતિ મેળવતા જ્યારે હબલ તારાવિશ્વનું અંતર મેળવતા. બધાં સાધનો સરસ હોઈને તેમનું કામ સરળ બન્યું, પણ રાતોની રાતો કામ કર્યું. અને આ કામ સ્લિફરના કામ જોડે સરખાવતા ગયા. 1929 સુધીમાં તેમણે લગભગ 46 તારાવિશ્વોના અંતરો અને ગતિ મેળવ્યાં. તારાવિશ્વો ખૂબ જ દૂર હોઈને તેમની દૃષ્ટિએ જે પરિણામોમાં ઓછી ભૂલ લાગેલી તે પરિણામો લઈને હબલે તારાવિશ્વોનાં અંતરો અને ગતિનો આકૃતિ 4માં બતાવ્યા પ્રમાણેનો આલેખ દોર્યો, અને શક્ય એટલા બિંદુઓના નજીકથી પસાર થતી સુરેખા દોરી. આ સુરેખા એવું દર્શાવે છે કે તારાવિશ્વની ગતિ તારાવિશ્વના પૃથ્વીના અંતર ઉપર આધારિત છે. આ પરિણામો છ પાનાના સંશોધન પેપર, ''A relation between Distance and Radial Velocity among Extra - galacti Nabulae''માં આપ્યાં છે. આ આલેખનાં ઘણાં બિંદુઓ દોરેલી સુરેખાથી દૂર હોઈને ઘણા બધા ખગોળશાસ્ત્રીઓ આ પરિણામ સ્વીકારવા તૈયાર ન હતા. હબલ અને હુમાસને બીજાં બે વર્ષ રાતના ઉજાગરા કરીને જુદા જ તારાવિશ્વોનાં અંતરો અને ગતિ મેળવીને આકૃતિ 5મા બતાવ્યા પ્રમાણે આલેખ મેળવેલો. આ આલેખનાં તારાવિશ્વો અગાઉના આલેખનાં તારાવિશ્વોથી પૃથ્વીથી દસગણાં અંતરોએ આવેલા છે. આ આલેખનાં બિંદુઓ સુરેખાની આસપાસ જ છે. આ આલેખ ઉપરથી જરૂર કહી શકાય કે વિશ્વ પ્રસરે (Expand) છે. તારાવિશ્વોની ગતિ તેમના પૃથ્વીના અંતરો ઉપર આધાર રાખે છે જે હબલના તારાવિશ્વના નિયમ તરીકે ઓળખાય છે. આ પરિણામને સરળ સમીકરણ




આકૃતિ 4




આકૃતિ 5


$$\mathcal{V} = H_0 \, d$$

માં પણ દર્શાવી શકાય છે. અહીંયાં $\mathcal{V}$ તારાવિશ્વની ગતિ, d તારાવિશ્વનું પૃથ્વીથી અંતર અને $H_0$ એ સરળ અચળ સંખ્યા છે જે હબલ અચળ તરીકે ઓળખાય છે. તેની કિંમત વારંવાર ચર્ચાય છે. આ નિયમ ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ ચોક્કસ (exact) કિંમત આપતું નથી. આ કાયદો વર્ણન કરતો નિયમ હોઈને ઘણાં બધાં પરિણામો માટે સાચો છે પણ કોઈ વખત સાચો ન પણ હોય.

આ સમીકરણ જો સાચું હોય તો તારાવિશ્વો ગમે તેમ ફરતાં નથી, તેમની ગતિ પૃથ્વીથી તેમના અંતર ઉપર આધાર રાખે છે. આનો અર્થ બીજો પણ થાય. તારાવિશ્વો વર્ષો પહેલાં એકબીજાની નજીક હશે અને એથીયે વર્ષો

પહેલાં તેઓ એકબીજાની ખૂબ જ નજીક હશે. સમય એવો હશે કે જ્યારે આ બધું એકદમ ભેગું હશે. બીજી રીતે આને ફિલ્મને પાછળથી જોવાની સાથે સરખાવી શકાય. આપણે આ બધાની ફિલ્મ તૈયાર કરીને પાછળથી પહેલા જોઈએ. બધાં જ તારાવિશ્વો, તારાઓ અને તારામંડળો એકદમ ભેગાં થયેલાં હશે. અને આથીયે આગળ જઈએ તો આ બધું એકદમ નાના સ્વરૂપમાં હશે.

સાપેક્ષવાદના કહેવા પ્રમાણે દ્રવ્ય (matter) અને અંતરિક્ષ (Space) વચ્ચે સંબંધ છે. જો અંતરિક્ષ ઉપર જાળી (grid) પાથરી હોય તો દ્રવ્ય આ જાળીને વિકૃત કરી શકે છે. દ્રવ્યના પ્રસરણને આપણે મોટો ધડાકો (big bang) કહીએ છીએ, તે તેની સાથે જાળી લઈ જશે. ધડાકાની સાથે બધું પ્રસરે છે. અને પ્રસરવાનું સમજવા માટે બલૂન લઈએ છીએ. આ બલૂન ઉપર આવેલાં ટપકાં જેને આપણે તારાવિશ્વથી ઓળખીશું. આવા કોઈ પણ ટપકા ઉપર તમે ઊભા છો. હવે તમે આ બલૂનમાં હવા પૂરો છો. આ હવા પૂરવાથી બલૂન પ્રસરે છે. હવે તમને એવું લાગશે તે તમારાથી બીજા બધા ટપકાઓ દૂર ભાગે છે. આના કારણે તમને એવું લાગશે કે તમે કોઈ ખાસ જગ્યાએ ઊભા છો, પણ તે નથી. આકૃતિ 6મા બતાવ્યા પ્રમાણે દરેક ટપકા ઉપર ઊભો રહેલો માણસ તેની જાતને નિશ્ચલ (sttionay) માને છે અને બીજા બધા તેનાથી દૂર ભાગે છે.



આકૃતિ 6

**પ્રચંડ ધડાકો (Big Bang)**

જ્યારે વિશ્વની મોટા ધડાકાથી શરૂઆત થઈ ત્યારે વિશ્વનું ઉષ્ણતામાન ખૂબ જ ઊંચું હશે. ભૌતિકશાસ્ત્રીઓ જાણે છે કે જો પદાર્થનું ઉષ્ણતામાન 0kથી વધારે હોય તો તે પદાર્થ ઊર્જાનું પ્રસરણ (energy radiate) કરે છે. કઈ જાતની ઊર્જાનું પ્રસરણ થાય છે તે પદાર્થના ઉષ્ણતામાન ઉપર આધાર રાખે છે. ઇલેક્ટ્રિક સ્ટવ જ્યારે ચાલુ કરીએ છીએ ત્યારે લાલમાંથી નારંગી થાય છે. આંખે દેખાય તેવું પ્રસરણ સ્ટવ આપે છે. જ્યારે આપણે સ્ટવ બંધ કરીએ ત્યારે પણ ઊર્જાનું પ્રસરણ થાય છે. આપણને આ પ્રસરણ દેખાતું નથી. પણ સ્ટવની નજીક હાથ રાખીશું તો હાથને ગરમી લાગે છે. આ પ્રસરણ આંખે દેખાતું નથી કારણ કે તેનો વર્ણપટ ઇન્ફ્રારેડની મર્યાદામાં છે. વિશ્વ લાંબા સમય પહેલાં ખૂબ જ ગરમ હતું અને જેમ જેમ વિશ્વ વિકસતું (expand) જાય છે તેમ ઠંડું પણ થયે જાય છે. ઇલેક્ટ્રિક સ્ટવની જેમ ઊર્જાનું પ્રસરણ પણ કરે જશે. જેમ પદાર્થ વધારે ઠંડો, તેમ તેનાથી થતી ઊર્જાનું પ્રસરણ પણ ઓછું. આપણી આંખોથી જોઈ શકાતા પ્રસરણ કરતાં આ ઠંડા પદાર્થની ઊર્જાનું પ્રસરણ ઘણું ઓછું હોઈને તેને શોધવા માટેનાં સાધનો ઘણાં સારાં જોઈએ.

**જ્યૉર્જ ગેમોવ (George Gamow)**

જ્યૉર્જ ગેમોવ યુક્રેનમાં જન્મેલા અને રશિયામાં ભણેલા અને રશિયામાં ભૌતિકશાસ્ત્રમાં અને એમાંયે અણુકેન્દ્રીય ભૌતિકશાસ્ત્રમાં (Nuclar Physics) ખૂબ જ મોટા જાણીતા ભૌતિકશાસ્ત્રી હતા. તેમનાં પત્ની પણ ભૌતિકશાસ્ત્રી હતાં. રશિયાની સરકારની વિજ્ઞાનની નીતિથી ત્રાસીને રશિયાથી ત્રીજા પ્રયત્ને ભાગીને અમેરિકા આવેલા. અમેરિકામાં યુનિવર્સિટી ઑફ વૉશિંગ્ટનમાં (University of Washington) ભૌતિકશાસ્ત્રના અધ્યાપક હતા. તેમણે પ્રચંડ સ્ફોટકનો (Big Bang) અભ્યાસ શરૂ કર્યો. વિશ્વની પ્રચંડ સ્ફોટકથી શરૂઆત થઈ તે લઈને હાલમાં વિશ્વની પરિસ્થિતિ છે તે મેળવવી હતી. આથી ઊલટાથી શરૂ કર્યું. વિશ્વના હબલના પ્રસરણના માપ ઉપરથી


ઊલટી દિશામાં સમય લઈને ગણતાં વિશ્વ સંકોચાતું મળે. ગેમોવનું સંકોચાતું વિશ્વ જે ઘડીએ વિશ્વની શરૂઆત થઈ ત્યાં પહોંચતા ઘણી ઘનતાવાળું હતું. આપેલા કદમાં કેટલા અણુઓ છે તે ઘનતા દર્શાવે છે. જેમ ઘનતા વધારે તેમ બે અણુઓની અથડાવવાની અને ભેગા થવાની શક્યતા વધારે. જેમ ઉષ્ણતામાન વધારે તેમ ઊર્જા પણ વધારે અને અણુઓ ઝડપથી ફરે.

સાદા અને સરળ ગણિતની મદદથી ગેમોવ કોઈ પણ સમયે વિશ્વના દ્રવ્યની ઘનતા અને ઉષ્ણતામાન મેળવતા. ગેમોવનું પહેલું પગલું તે ધારવાનું હતું કે ખૂબ જ ગરમીના કારણે બધાં દ્રવ્યોનું નાનામાં નાના અણુઓમાં વિભાજન થશે તે સમયે ન્યુટ્રોન, પ્રોટોન અને ઇલેક્ટ્રોન જાણીતા હોઈને બધા દ્રવ્યોનું વિભાજન આ ત્રણે અણુઓમાં થઈને આ ત્રણે અણુઓનો રસો (Soup) થશે જેને આઈ-લેમ (eye-lem) તરીકે ઓળખતા. શરૂઆતમાં આ આઈ-લેમ એટલો બધો ગટ્ટ હશે કે જેમાંથી કશુ જ બહાર નીકળી શકશે નહિ. આ સિવાય પ્રક્ષુબ્ધ (Turbulent) પ્રકાશ પણ છે, આમાંથી ગેમોવને બતાવવું હતું કે આપણે હાલમાં જ્યાં છીએ ત્યાં પહોંચી શકાય. આ બધું ગણવા માટે મદદનીશ (Ralph Alpher) રાલ્ફ ઍલ્ફર Ph.D.ના વિદ્યાર્થી મળ્યા. આ બંને જણાનું અસાધારણ સાહસ હતું. અસ્પષ્ટ પ્રચંડ ધડાકા વિચારને વાસ્તવિક ભૌતિકશાસ્ત્ર વાપરીને વિશ્વની શરૂઆતના પ્રસંગો અને પરિસ્થિતિને અનુરૂપ ગાણિતિક મોડલ બનાવવાનો વિનમ્ર પ્રયાસ હતો.

વિશ્વના પ્રસરણ દરમિયાન આ ઊકળતો રસો ઠંડો થશે જેમ વિશ્વનું પ્રસરણ થશે, તેમ રસાની ઘનતા અને ઉષ્ણતામાન ઘટશે. અને ધીરેધીરે 6000° f જે અણુઓ બનવા માટે યોગ્ય ઉષ્ણતામાન છે ત્યાં આવશે. આ ઉષ્ણતામાને પ્રકાશ અને ઊર્જા ગમે ત્યાં મુસાફરી કરી શકશે. જે ઊર્જા તે સમયે છૂટી પડીને વિશ્વમાં મુસાફરી કરતી, તે જ ઊર્જા હજુયે વિશ્વમાં મુસાફરી કરે છે. વિશ્વ સમયની સાથે પ્રસરણ કરે છે. જેમજેમ અંતરિક્ષ ખેંચાય તેમ તેમ તરંગલંબાઈ પણ ખેંચાશે. આ વિશ્વ તે ઊર્જાથી અને પ્રકાશથી ભરેલું છે. ગેમોવની ટીમે તે ઊર્જાનું ઉષ્ણતામાન કેલ્વીન 5થી 50 વચ્ચે માનેલું, પણ તે 3 કેલ્વીન છે. ગેમોવની ટીમનું કામ ભુલાઈ ગયું. પ્રચંડ સ્ફોટકથી વિશ્વની શરૂઆત થઈ તેને ઘણા બધા યાદ કરે છે અને તેમાં કામ પણ કરે છે.

અમેરિકાની ટેલિફોન અને ટેલિગ્રાફ કંપની એટીઍન્ડટીએ (AT&T) 1928માં રેડિયો તરંગ ઉપર કામ કરતી ટેલિફોનની સર્વિસ શરૂ કરી અને તે વખતે આનો ચાર્જ પહેલી ત્રણ મિનિટ માટે $ 175 હતા જે આજના ડૉલરના ભાવે લગભગ $ 1000 થાય. આવો સરસ ધંધો ન બગડે તે માટે તે સમયની જાણીતી બેલ લેબોરેટરીઝને (Bell Laboratories) ટેલિફોનમાં અવાજની સાથે પૂર્વપીઠિકામાં (Background) આવતા અવાજનો કુદરતી મૂળનો અભ્યાસ કરવા જણાવ્યું. આ સર્વે કરવાનું કામ 22 વર્ષના કાર્લ જેન્સ્કીને (Karl Jansky) સોંપવામાં આવ્યું. કાર્લ જેન્સ્કી ભૌતિકશાસ્ત્ર વિષય લઈને યુનિવર્સિટી ઑફ વિસ્કોન્સિનમાંથી (University of Wisconsin) તાજા જ ગ્રેજ્યુએટ થયેલા.

નજરે દેખાતા પ્રકાશનો વર્ણપટ વિદ્યુત ચુંબકીય વર્ણપટનો ભાગ છે. આકૃતિ 7માં વર્ણપટના તરંગોની તરંગલંબાઈ આપી છે. રેડિયો મોજાંઓની તરંગલંબાઈ નજરે દેખાતા પ્રકાશના વર્ણપટના મોજાંઓની તરંગલંબાઈ કરતાં ઘણી મોટી છે. છતાંયે રેડિયો મોજાંઓ જોઈ શકાતા નથી. જે રીતે દેખાતા પ્રકાશ માટે દૂરબીન છે, તે જ પ્રમાણે રેડિયો મોજાંઓ માટે દૂરબીન, એક્સરે માટે દૂરબીન, ઈનફ્રારેડ માટે દૂરબીન બનાવ્યાં છે. આ બધાનો ઉપયોગ કરીને ખગોળશાસ્ત્રીઓ વિશ્વનો અભ્યાસ કરે છે. નજરે દેખાતા




આકૃતિ 7

પ્રકાશની તરંગલંબાઈ $10^{-6}$ની આસપાસ છે જ્યારે રેડિયો તરંગોની તરંગલંબાઈ $10^{-2}$ મીટરથી $10^{2}$ મીટર સુધીની હોઈને જેન્સ્કીએ 14.6 મીટરના રેડિયો તરંગો શોધી શકે તેવા લાંબા સંવેદનશીલ એન્ટેના (Antenna) હોલ્મડેલ, ન્યૂ જર્સીમાં (Holmdel, New Jersey) તૈયાર કર્યા. 1930માં આ એન્ટેના તૈયાર કર્યા પછી દિવસોના જુદાજુદા સમયે અને જુદીજુદી દિશામાંથી આવતા રેડિયો તરંગોની શક્તિ માપતા. એન્ટેનાની જોડે લાઉડસ્પીકર પણ જોડી દીધેલું જેથી સુસવાટ, તડતડાટ અને બીજા કોઈ અવાજો સાંભળી શકે.

રેડિયો મોજાંઓને મંદ પાડતા ખલેલો જેન્સ્કીના મગજમાં બરાબર બેસી ગયા. આ ખલેલો નીચે મુજબના છે.

(1) કોઈ કોઈ વખત સ્થાનિક વીજળીના કડાકાઓ

(2) નબળા પણ સતત તડતડાટ વરસાદ

(3) આ બધાથી નબળા પણ સતત ખૂબ જ સ્થિર સુસવાટા. આ સુસવાટા ક્યાંથી આવે છે તે સમયે કોઈનેય ખબર ન હતી.

બીજું કોઈ હોત તો નબળામાં નબળા ત્રીજી જાતના ખલેલોનું તપાસ કરવાનું મૂકી દીધું હોત. જ્યારે જેન્સ્કીએ આ ખલેલ ક્યાંથી આવે છે તેની તપાસ કરવામાં ઘણા મહિના કાઢ્યા. આ ખલેલ દર ચોવીસ કલાકે વધારેમાં વધારે હોય છે. ટૂંકમાં આ ખલેલનાં મોજાંઓની તરંગલંબાઈ 24 કલાકની છે. બરાબર બધું ગણતાં 23 કલાક અને 50 મિનિટ હતી. આના કારણે આ ખલેલના મોજાંઓ સૂર્યમંડળની બહારથી આવતાં હોવાં જોઈએ. આ મોજાંઓની દિશા નક્કી કરવા પ્રયત્ન કર્યો, ત્યારે ખ્યાલ આવ્યો કે આ મોજાંઓ તો આપણી આકાશગંગાના કેન્દ્રમાંથી આવે છે.

26 વર્ષની વયે જેન્સ્કીએ બહારથી આવતા રેડિયો તરંગો શોધી કાઢ્યા અને અભિન્નપણે જોડી શક્યા તે એક ઐતિહાસિક શોધ ગણાય. એવામાં અમેરિકામાં મોટી મંદી આવી. મોટી મંદીના કારણે બેલ લેબ આ ખર્ચ ચાલુ રાખી ન શકી. આ કારણે જેન્સ્કીને આ કામ મૂકી દેવું પડ્યું.

**પેન્ઝિઆસ અને વિલ્સન (Pengias and wilson)**

બેલ લેબ કૃત્રિમ ઉપગ્રહોના ધંધામાં હતી, ત્યારે ઉપગ્રહોના સંદેશા વીણી કાઢવા માટે 20' લાંબો એન્ટેના હતો. સરકારની નીતિના કારણે બેલ લેબને આર્થિક રીતે ન પોષાતા આ કૃત્રિમ ઉપગ્રહના ધંધાનું કામ બેલ લેબે બંધ કર્યું, પણ પેલો મોટો એન્ટેના કામ વગરનો થઈ ગયો. આનો ઉપયોગ કરીને રેડિયો ખગોળશાસ્ત્રને આગળ ધપાવવા માટે બે તાજા જ કૉલેજના ગ્રેજ્યુએટ પેન્ઝિઆસ અને વિલ્સનને રાખેલા.

સંદેશા અને ઘોંઘાટ વચ્ચે ભેદ છે અને બંને વચ્ચે લડાઈ પણ છે. આદર્શરૂપે તો સંદેશો ઘોંઘાટ કરતાં વધારે સ્પષ્ટ અને જોમવાળો હોય છે. દૂરના તારાવિશ્વોમાંથી જે સંદેશા આવે છે તે મોટા ભાગે નબળા હોય છે અને ઘોંઘાટ મુખ્ય ભાગ બને છે. આ સંદેશા સમજવા માટે જેટલો બને તેટલો ઓછો ઘોંઘાટ હોય તો સારું. રેડિયો દૂરબીનનો પોતાનો પણ ઘોંઘાટ હોઈ શકે. બધુ બરાબર તૈયાર કરી દીધું જેથી પોતાનો ઘોંઘાટ ઓછામાં ઓછો હોય. આનો ટેસ્ટ કરવા રેડિયો દૂરબીનને એવી દિશામાં ગોઠવ્યું કે જે દિશામાંથી રેડિયો સંદેશાઓ આવવાની જરાયે શક્યતા ન હતી. અને તેમના ભારે આશ્ચર્ય વચ્ચે તેમણે અણધાર્યો ઘોંઘાટ જોયો ત્યારે બંને જણા નિરાશ થઈ ગયા. ઘોંઘાટનું પ્રમાણ એટલું બધું ખરાબ ન હતું કે જે સંદેશાઓને સમજવામાં અડચણરૂપ થાય.

આમ છતાંયે બંને જણ આ ઘોંઘાટ ક્યાંથી આવે છે તે શોધીને કાયમને માટે ઘોંઘાટ દૂર કરવા મંડી પડ્યા. ઘોંઘાટ બે પ્રકારના હોઈ શકે. પહેલો પ્રકાર આજુબાજુના વાતાવરણનો. ન્યૂજર્સીની બાજુમાં ન્યૂયૉર્ક આવેલું હોઈને ન્યૂયૉર્કના ટ્રાફિકનો અવાજ, ગાડીઓ અને પ્લેઈનનો અવાજ, તેમણે રેડિયો દૂરબીન ન્યૂયૉર્ક ભણી ગોઠવીને જોયું તો ઘોંઘાટમાં કોઈ પણ ફેર ન પડ્યો. જે ઘોંઘાટ સતત આવતો તે વધ્યા ઘટ્યા વગર આવતો જ રહ્યો. ટૂંકમાં ગમે ત્યાં અને ગમે તે દિશામાં રેડિયો દૂરબીન ગોઠવીએ તોપણ અચળ અને સતત ઘોંઘાટ મળ્યા કરતો.

છેલ્લો પ્રયત્ન રેડિયો દૂરબીનનો પોતાનો. આ દૂરબીનમાં એવું તો કંઈ નથી જે આ ઘોંઘાટ પેદા કરતું હોય.

આ રેડિયો દૂરબીનમાં ઘણા ભાગો આવેલા હોઈને, તે બધા ભાગોનું વાયરિંગ, ઇલેક્ટ્રોનિક્સના ભાગો વગેરેની બરાબર તપાસ કરીને ફરીથી બધા ભાગો જોડ્યા. અરે, એન્ટીનાની આસપાસ કબૂતરો બેસતાં અને તેમની અઘાર ઘણી જગ્યાએ ચોંટેલી હતી તે પણ ખૂબ જ ધ્યાનપૂર્વક સાફ કરાવી અને તે કબૂતરોને પાંજરામાં પકડીને 50થી 60 માઈલ દૂર મૂકી આવ્યા. પણ ફરીથી તે તો પાછાં આવ્યાં. ફરીથી સાફ કરાવ્યું. એક વર્ષની આવી સખત મહેનતથી ઘોંઘાટ થોડોક ઓછો થયો. બંને જણાએ રેડિયો દૂરબીનમાં આવતો ઘોંઘાટ ઓછો કરવા ખૂબ જ પ્રયત્ન કર્યો છતાંયે જે ઘોંઘાટ છેલ્લે રહ્યો તે જાણે કે કોઈ રેડિયો તરંગો દરેકે દરેક દિશામાં અવિતરપણે મોકલતું હોય તેવું લાગ્યું. આ બંને ખગોળશાસ્ત્રીઓને તે સમયે જરાયે ખ્યાલ ન હતો કે તેઓ શું કરી રહ્યા છે. બંને જણે આટલા બધા પ્રયત્નથી શોધી કાઢ્યું કે કશું જ બદલાયું નથી. ઘોંઘાટ રહ્યો છે. તેમના માટે બધું ભારે મુશ્કેલ હતું.

1964ના અંતમાં પેન્ઝિઆસ મૉન્ટ્રીઅલમાં (Montreal) ખગોળશાસ્ત્રની કૉન્ફરન્સમાં ગયેલા માસાચુટેસ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીના બર્નાર્ડ બુર્કની (Bernard Burke) સાથે વાત કરતાં તેમના ઘોંઘાટના પ્રશ્નની વાત જણાવી. થોડાક મહિનાઓ પછી બુર્કે પેન્ઝિઆસને ફોન કર્યો અને જણાવ્યું કે તેમને પ્રિન્સ્ટન યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રી રૉબર્ટ ડિક (Robert Dicke) અને જેઈમ્સ પીબ્લીસના (James Peebles) સંશોધનનો પ્રાસ્તાવિક અહેવાલ (Preliminary Report) મળ્યો છે. આ સંશોધન પેપરમાં જણાવ્યા પ્રમાણે તેઓ પ્રચંડ ધડાકાનો (Big Bang) અભ્યાસ કરી રહ્યા છે અને તેમના જણાવ્યા પ્રમાણે સર્વત્ર વ્યાપી ઊર્જા આવેલી છે અને આ ઊર્જાની હાલની તરંગલંબાઈ એક મિલીમીટર છે જે રેડિયોતરંગો તરીકે પણ ઓળખાય છે. રેડિયોતરંગો વર્ણપટનો ગૌણવર્ગ જે માઈક્રોવેવ્સ (Microwaves) તરીકે ઓળખાય છે તે ભાગ પ્રચંડ ધડાકાના આ પડઘાઓ હોઈને અંગ્રેજીમાં કૉસ્મિક માઈક્રોવેવ બ્રેકગાઉન્ડ (Cosmic Microwave Backgrond, CMB) રેડીએશન તરીકે પણ ઓળખાય છે. પંદર જ વર્ષ પહેલાં ગૅમોવ, ઍલ્ફર અને હર્મને આની આગાહી કરેલી.

પેન્ઝિઆસના મગજમાં આ બધું બંધ બેસી ગયું. આખરે એ ઘોંઘાટ ક્યાંથી આવે છે તે પણ સમજાયું. પેન્ઝિઆસે ડિકને ફોન કરીને જણાવ્યું કે જે તેઓ તેમના સંશોધન પેપરમાં રેડિયોતરંગો કે CMB ઉષા શોધે છે તે તેમને મળ્યા છે. ડિક આ સમયે જ રેડિયોતરંગો કઈ રીતે શોધવા તેની જ મીટિંગમાં જઈ રહ્યા હતા. જાણે કે ડિકના ગ્રૂપ માટે આનંદનો પ્રસંગ ન હતો, કારણે કે CMB ઉષા શોધવાની તક જતી રહી. ડિક અને તેમની ટીમ બીજા દિવસે પેન્ઝિઆસ અને વિલ્સનની મુલાકાતે ગઈ ત્યાં રેડિયો દૂરબીનને લગતી માહિતી અને બીજી માહિતી મેળવી. CMB ઉર્ષા શોધવાની હરીફાઈમાં બેલ લેબ જીતી ગઈ. 1965ના ઉનાળામાં પેન્ઝિઆસ અને વિલ્સને તેમનાં પરિણામો એસ્ટ્રોફિસિકલ જર્નલમાં (Astrophysical Journal) પ્રસિદ્ધ કર્યા. આ જ અંકમાં ડિક અને તેમની ટીમે આ બધાની બરાબર સમજૂતી આપી. કેવો સમન્વય !! વિજ્ઞાનમાં ભાગ્યે જ આવું બનતું હોય છે. ભૌતિકશાસ્ત્રનું 1978નું નૉબેલ ઇનામ પેન્ઝિઆસ અને વિલ્સનને CMB ઉષા શોધવા બદલ આપવામાં આવ્યું અને આના કારણે વિશ્વની ઉત્પત્તિ પ્રચંડ ધડાકાથી થઈ તે ઘણા ખગોળશાસ્ત્રીઓ માનતા થયા.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.


(1) Singh, Simon. Big Bang the Origin of the Universe. Harper Parennial, 2005.

(2) Weinberg, Steven, The First three Minutes : A modern view of the Origin of the Unverse, second ed. Basif Book, 1993.

(3) Fox, Karen, The Big Bang Theory : What it is, Where it came from, and Why it works. John Wiley & Sons, Inc. 2002



**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

સ્વરાજ, નરસિંહજી મંદિર પાસે, મુ. પો. શેરથા,

તા. જિ. ગાંધીનગર-382323 મો. 9428019042

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**યુનિવર્સિટીની સ્થાપનાનો વૃત્તાંત : ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (સંભારણાં સહ) : ૧૯૮૬-૧૯૯૨ /** કુલીનચંદ્ર યાજ્ઞિક. પાટણ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ૨૦૧૭. XIV, ૨૨૬ પૃ., ૮ રંગીન ચિત્રો.

ઇતિહાસની વિભાવના સ્પષ્ટ કરતાં ગુજરાતના જાણીતા ઇતિહાસવિદ્ ડૉ. ધારૈયાએ નોંધ્યું છે કે - 'ઈતિહાસ એ ભૂતકાળના બનાવોનું માત્ર યથાવત્ વિવરણ કરતું શાસ્ત્ર નથી. તેમાં ઘટના તથા તેની પાછળના વિચારદર્શનનું સમાન મહત્ત્વ છે.' આ ઉપરાંત ૧૯મી સદીના સુપ્રસિદ્ધ ઇતિહાસકારો નિબ્હુર, રાન્કે અને એક્ટન 'અનુભવમૂલક તથા વિવેચનનિષ્ઠ' ઇતિહાસના હિમાયતી રહ્યા છે, જ્યારે વિશ્વવિશ્રુત ગ્રંથ 'A Study of History' (૧૨ vols, ૧૯૩૪-૧૯૬૧)ના સર્જક ઈતિહાસવિદ્ - સંસ્કૃતિવિદ્ આર્નોલ્ડ ટોયન્બી (૧૮૮૯ - ૧૯૭૫) ઇતિહાસ નિરૂપણમાં અન્ય બાબતો ઉપરાંત 'અનુભવમૂલક અને અવલોકન'ને પણ પ્રાધાન્યતા આપે છે. ઇતિહાસની આ વિભાવના અને ઇતિહાસના અભ્યાસુ - ઇતિહાસ વિષયમાં મુંબઈ યુનિવર્સિટીની અનુસ્નાતક ડિગ્રી ધરાવનાર તથા સેવાનિવૃત્ત I.A.S. અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (હવે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી), પાટણના પ્રથમ કુલપતિ (૧૯૮૬ - ૧૯૯૨) શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબ (૧૯૨૬) કૃત ઇતિહાસ ગ્રંથ 'યુનિવર્સિટી સ્થાપનાનો વૃત્તાંત...' તથા આ ઈતિહાસ-ગ્રંથ સંબંધી લેખકનું મંતવ્ય : 'ઇતિહાસ સમાજને રૂઢિચુસ્ત બનાવવા માટે નથી, પણ તેમાંથી બોધપાઠ લઈ આગામી સમયમાં ભૂલો ટાળવા અને ઉત્તમ પ્રયાસો જાળવવા માટે છે... માત્ર હકીકતોના જુમલા જેવો ચીલાચાલુ ઇતિહાસ હું લખી શકું નહિ. એમાં મારા અંગત અનુભવો, અભિપ્રાયો અને મંતવ્યો આપો આપ વણાઈ જ જાય. વળી, તેમ થવાથી પુસ્તક વધારે ઉપયોગી પણ બને... મારી જાતને કામમાં ઓગાળી દીધી હોવાથી સ્મૃતિઓ તાજી અને તાદશ્ય રહી છે અને કયાંય અસત્યને અંદર આવવા દીધું નથી' - સુપ્રસિદ્ધ ઇતિહાસવિદોની ઇતિહાસની વિભાવના સાથે કંઈક અંશે સૂર પુરાવતું હોઈ ધ્યાનાર્હ બની રહે છે.

અહીં ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે આ ગ્રંથના લેખક સ્વયં યુનિવર્સિટીના ઘડતર અને ચણતરના સ્થપતિ રહ્યા છે અર્થાત્ યુનિવર્સિટીના ઇતિહાસના સર્જક રહ્યા હોવાથી નિરૂપિત પ્રત્યેક ઘટનામાં સ્વાનુભવનો સ્વાધ્યાય અને તે ઘટના પાછળનું એક કેળવણીવિદ્ તરીકેનું વિચારદર્શન સ્વાભાવિક રીતે વણાયેલું જોવા મળે છે. અને તેથી યુનિવર્સિટીના વિકાસની માત્ર હાડ-માંસની ગાથા (ભૌતિક વિકાસ)ના સ્થાને 'યુનિવર્સિટીનો આત્મા' અર્થાત્ યુનિવર્સિટીનું હાર્દ, યુનિવર્સિટીના અસ્તિત્વને સાર્થક કરતી પ્રવૃત્તિઓની પ્રસ્થાપના અને તેને કાર્યાન્વિત કરવાની મથામણો અને તેની ફલશ્રુતિની ઝલકનું પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું છે. બીજા શબ્દોમાં કહીશું કે અહીં યાજ્ઞિકસાહેબ યુનિવર્સિટીની સંકલ્પનાનો ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે પૂર્ણતઃ ભક્તિભાવથી પ્રેરાઈને ઘૂંટી ઘૂંટીને રંગ લાવ્યા છે અને તેમાં જ આ યુનિવર્સિટીની અને આ ગ્રંથની આગવી ઓળખ અને મહત્તા બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં યુનિવર્સિટીના સ્થાપનાકાળનાં પ્રથમ ૬ વર્ષ (૧૯૮૬-૧૯૯૨)નો સમયગાળો કે જે આ ગ્રંથના લેખકનો કુલપતિ તરીકેનો પણ કાર્યકાળ રહયો છે તે આવરી લેવામાં આવ્યો છે. ગ્રંથનું વિષય-વસ્તુ પ્રમુખ ૪ ભાગોમાં વર્ગીકૃત કરીને નિરૂપિત કરવામાં આવ્યું છે, જે પ્રથમ દષ્ટિએ જ ધ્યાનાકર્ષક બની રહે છે. ભાગ-૧ : 'આવશ્યક કાર્યો' હેઠળ યુનિવર્સિટીના સંચાલન માટે પ્રાથમિક આવશ્યક એવાં યુનિવર્સિટી એકટ તથા સ્ટેચ્યૂટ, મહેકમ, જમીન, મકાનો, ગ્રંથાલય, અનુસ્નાતક વિભાગો, સત્તામંડળ, પરીક્ષા, યુનિવર્સિટી

પ્રતીક, ધ્યાનમંત્ર અને યુનિવર્સિટી ગાન, દાન વગેરે બાબતોનો સમાવેશ કરીને પ્રત્યેકની આવશ્યકતા, મહત્તા અને પ્રક્રિયાની સારગર્ભિત ચર્ચા કરીને પ્રત્યેક કાર્યને સુચારુ રીતે સંપન્ન કરવા માટે પોતે હાથ ધરેલ પ્રવૃત્તિઓ, વેઠેલ સંઘર્ષો વગેરેની કડીબદ્ધ વિગતોને સાદી અને સરળ ભાષામાં કૃતકતાવિહીન પ્રસ્તુત કરવામાં આવી છે. વળી, અહીં ગ્રંથસ્થ વિગતો પૈકી કેટલીક જ અને તે પણ નિશ્ચેતન માળખાગત બાદ કરતાં ભાગ્યે જ યુનિવર્સિટીના આર્કાઈવ્સમાં કે અન્યત્ર (સ્થાનિક પત્ર-પત્રિકાઓમાં થયેલ ઊહાપોહ બાદ કરતાં) શબ્દબદ્ધ થયેલી જોવા મળે ! - ઉદા. તરીકે યુસુફ નાંદોલિયા મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના રાજકીય ટેકેદાર હોવા છતાં નાંદોલિયાની જમીન પ્રાપ્તિના કેસમાં ચીમનભાઈનું અલિપ્ત રહેવું, જમીનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કુલપતિશ્રીની ફળાહાર ઉપર રહેવાની ટેક, જિલ્લા પંચાયત ઉપર દબાણ લાવવા માટે પાટણના નગરજનો દ્વારા સ્વયં હડતાલ પાડવી, જમીન પ્રાપ્તિ સંદર્ભે કુલપતિશ્રી દ્વારા પાટણના નાગરિકો સાથે સમયાન્તરે નિયમિત બેઠકો યોજવી, જમીન પ્રાપ્તિ માટે પત્રકાર મહેન્દ્ર ખમાર, ગંગારામ પટેલ અને લલિત પટેલ (પાટણની આટ્‌ર્સ કૉલેજના પ્રવર્તમાન પ્રિન્સિપાલ)નો ભારે મોટો સહયોગ, સરકારી જમીન અને ખેડૂતોની જમીન વચ્ચે સરકારી પોલિટેક્નિકની જમીનમાંથી રસ્તો કાઢી આપવા માટે તત્કાલીન ડાયરેક્ટર ઑફ ટેક્નિકલ એજ્યુકેશન શ્રી નિરંજન દવેની દૂરંદેશિતા વગેરે. આ ઉપરાંત કર્મચારીઓ માટે તાલીમનું આયોજન, ગુજરાતની યુનિવર્સિટીઓમાં ક્યાંય અસ્તિત્વમાં ન હોય તેવું 'કચેરી કાર્યપદ્ધતિ મેન્યુઅલ' તૈયાર કરવું અને રિસેસમાં ચાના સમયે અધિકારીઓ સાથે કુલપતિશ્રીની અનૌપચારિક ગોષ્ઠિ અને આ બધી ક્રિયા - પ્રક્રિયાઓનું અને તેની અસરનું આલેખન અહીં જોવા મળે છે. આમ અહીં તો યાજ્ઞિક સાહેબની કોઠાસૂઝ, સનદી અધિકારી તરીકેનો સુદીર્ઘ અનુભવ અને અંગત સંબંધોની સુવાસ, સરકારી વિભાગો સાથે કાર્ય કરવાની કુનેહ અને ખાસ તો ફરજ પ્રત્યેની નિષ્ઠાનો સુભગ સમન્વયનાં દર્શન પદે પદે થાય છે. પરિણામે આ ગ્રંથ સવિશેષતઃ નવ નિયુકત કુલપતિ કે નવી સ્થપાયેલ યુનિવર્સિટીના કુલપતિ માટે અને સાથે સાથે અધિકારીઓ માટે કયાં કાર્યો પ્રાથમિક આવશ્યકતાનાં છે તે સંદર્ભે ભોમિયાનો પર્યાય બની રહે છે.

ભાગ-૨ : 'ઈતર પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો' અંતર્ગત યુનિવર્સિટીને આગવી ઓળખ અપાવે તેવી કેટલીક innovative - પહેલવૃત્તિવાળી તથા નવપ્રસ્થાનકારક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી, જે શિક્ષણજગતમાં ભારે સમાદર પામતાં અનુકરણીય બની રહી. ઉદા. તરીકે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો, વિદ્યાર્થીઓ અને સમાજ સાથે અનુબંધ જાળવી રાખવાના હેતુસર સેતુરૂપ સુનિયોજિત પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' યુનિવર્સિટી ગ્રંથાલયના માધ્યમથી શરૂ કરવામાં આવ્યું અને પોતે જ પ્રત્યેક અંકની ચીવટ રાખતા રહેતા. આ વૃત્તપત્રથી પ્રભાવિત થઈને 'શ્રી એચ. એમ. પટેલે સૂચન કર્યું હતું કે ઉત્તર ગુજરાત જેવી સાવ નાની યુનિવર્સિટીમાં વૃત્તપત્ર નિયમિત ચાલે છે, તો તેમની યુનિવર્સિટીમાં કેમ શરૂ ન થઈ શકે ?' આ ઉપરાંત વૃત્તપત્રમાં 'પત્રમૈત્રી' વિભાગ અંતર્ગત નોંધાતા પત્ર-મિત્રોને કુલપતિ સ્વયં પ્રત્યુત્તરો આપતા હોવાથી વિદ્યાર્થીઓની ઘણીબધી મૂંઝવણો દૂર થતાં યુનિવર્સિટી સાથે ગાઢ અનુબંધ જાળવવામાં મદદરૂપ નીવડ્યું. આ સાથે યુનિવર્સિટી ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓ માટે સાપ્તાહિક ચર્ચાવર્તુળ 'બુધવારિયું' શરૂ કર્યું અને તેમાં પોતે અનિવાર્યપણે હાજર રહે. આ 'ચર્ચાવર્તુળ'ની ફલશ્રુતિ એ કે આ પ્રવૃત્તિના માધ્યમથી ઘણા વિદ્યાર્થીઓ પોતાની વક્તૃત્વ શક્તિ કેળવી શક્યા અને આ પૈકીના કેટલાક I.R.S., લશ્કરમાં મેજર, ડેપ્યૂટી સેક્રેટરી, પ્રિન્સિપાલ, અધ્યાપક વગેરે પદો શોભાવી રહ્યા છે અને કેટલાકે પોતાના ત્યાં આ પ્રવૃત્તિ શરૂ કરી છે. અભ્યાસક્રમને પૂરક એવી બહુવિધ શિબિરોનું યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નિયમિત આયોજન અને તેમાં કુલપતિ - ઉપકુલપતિશ્રીની અચૂક હાજરી પણ ધ્યાનાકર્ષક પ્રવૃત્તિ બની રહી હતી. વળી, સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટી વિસ્તારના અગ્રણીઓ સાથે પ્રસંગોપાત્ત અનૌપચારિક શુભેચ્છા મુલાકાતો લઈને પારિવારિક ભાવના અને અસ્મિતા જાળવવા માટેનું કાર્ય કરતાં જમીન પ્રાપ્તિ સંબંધી પ્રશ્નો હલ કરવામાં, દાન મેળવવા વગેરેમાં આ સંબંધો ભારે ઉપકારક નીવડ્યા, જેનાં સુફળ આજે પણ મળી રહ્યાં છે. ખાસ કરીને પાટણના જૈન શ્રેષ્ઠીઓ સાથેના સૌહાર્દપૂર્ણ સંબંધોથી યુનિવર્સિટીને બે

કરોડથી અધિકનાં દાન મળી શક્યાં. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ કે ઉચ્ચશિક્ષણની રાષ્ટ્રીય સ્તરની કેટલીક સંસ્થાઓ જેમ કે NCERT, IGNOU, EDCIL, TTTI, Tinmurti Bhavan, Bharat Bhavan વગેરે ઉપરાંત રણપ્રદેશના વિસ્તારોના વિકાસ માટે જોધપુરની સેન્ટ્રલ એરિડ ઝોન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વગેરેની તથા વ્યક્તિગત રીતે ડૉ. વી. વી. જ્હોન, ઉમાશંકર જોશી, ડૉ. રામ રેડ્ડી વગેરેની રૂબરૂ મુલાકાતો લઈ યુનિવર્સિટીના વિકાસ માટે માર્ગદર્શન મેળવ્યું અને તેને કાર્યાન્વિત કરવા પ્રયાસરત રહ્યા. આ બધી પ્રવૃત્તિઓનાં વિસ્તારથી વર્ણનો કરવા ઉપરાંત કેટલીક પરંપરિત પ્રવૃત્તિઓ જેમ કે યુવક મહોત્સવ, NSS, NCC વગેરેને જીવંત અને સાર્થક બનાવવાના પ્રયાસોને પણ આવરી લઈ તેની ચર્ચા કરવામાં આવી છે. સમગ્રતયા, આ વિભાગમાં વર્ણિત પ્રવૃત્તિઓ કોઈ પણ યુનિવર્સિટી માટે અનુકરણીય બની રહે તેવી છે.

વિભાગ-૩ : 'વિદાય' માં લેખકનો ૧૯૮૯થી ૧૯૯૨ સુધીનો કુલપતિશ્રી તરીકેનો કાર્યકાળ પ્રથમ કે દ્વિતીય ટર્મ ગણાય તે સંબંધી ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ દષ્ટિએ આ બાબત વ્યક્તિગત જણાય, પરંતુ અહીં યુનિવર્સિટી તથા યુજીસીના કાનૂનના અને ગુજરાતની અન્ય એક યુનિવર્સિટીના આ પ્રકારના કેસમાં કરેલ નિર્ણયના પરિપ્રેક્ષ્યમાં તેમજ સર્ચ કમિટિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હોય તે સંદર્ભે ચર્ચા કરવામાં આવી છે, જે યુનિવર્સિટી સાથે સીધો સંબંધિત બની રહે છે, જેમાં યાજ્ઞિકસાહેબનો પક્ષ વધુ તર્કસંગત જણાઈ આવે છે. પરંતુ, કુલાધિપતિશ્રીનો I.A.S. લાંબી તરફનો કંઈક અગણમો હોઈ છેલ્લા દિવસે આકસ્મિક રીતે જ ટર્મ સમાપ્ત થયા સંબંધી જાણ તથા કેટલાક હિતધારકો દ્વારા આ સંદર્ભે પી.આઈ.એલ.માં રિટ કરવી અને આ સંબંધિતો દ્વારા જ છેહ દેવો વગેરે વિગતો તટસ્થ દૃષ્ટા તરીકે - નિરપેક્ષ ભાવે - નાગરી આભિજાત્ય સાથે નિરૂપતિ થયેલ જોવા મળે છે. અંતિમ વિભાગ-૪ : 'સભારણાં'માં અનુભવજન્ય થોડાક રસપ્રદ કિસ્સાઓ વર્ણવવામાં આવ્યા છે, જે બોધપ્રદ બની રહે છે. આ બધા વિભાગોનાં કેટલાંક પ્રકરણોના અંતમાં 'પ્રસંગરંગ'ના મથાળા હેઠળ કેટલીક નોંધપાત્ર ઘટનાઓ ઉદા. તરીકે સત્તામંડળોના સભ્યો દ્વારા કર્મચારીઓ / અધિકારીઓ પાસે ફાઈલો માગવી અને ઉગ્ર ચર્ચા કરવી, યુનિયન પ્રવૃત્તિ, કીલાચંદ પરિવાર અને નિરમા દ્વારા યુનિવર્સિટી સાથે પોતાના પરિવારનું નામ જોડવાની શરતે એક-એક કરોડ રૂપિયાના દાનનો પ્રસ્તાવ વગેરે સંબંધી સંક્ષેપમાં વર્ણનો અને તેના સુચારુ ઉકેલો દર્શાવ્યા છે, જે રસપ્રદ બની રહ્યા છે.

યુનિવર્સિટી સંબંધી આ બધાં સંભારણાંની સાથે સાથે કર્મચારીઓની ભરતીમાં પોતાની સામે ગેરરીતિઓ થયા સંબંધી ગર્ભિત આક્ષેપો, નાંદોલિયા દ્વારા થતો અપપ્રચાર, ચર્ચાવર્તુળ 'બુધવારિયા'માં પોતાના દ્વારા અનાયાસ કોઈ કહેવત સરી પડતાં એકાદ વિદ્યાર્થીને દુઃખ થયું હશે તેવી ધારણા કરીને બીજા જ દિવસે વિદ્યાર્થીને ઘેર બોલાવીને 'મિચ્છામી દુક્કડમ' કહેવાનો વિવેક દાખવવો, સંસ્કૃતના પ્રોફેસર માટે વરણી સમિતિ દ્વારા ખરા અર્થમાં સુયોગ્ય વ્યક્તિની પસંદગી કરવા છતાં કારોબારી દ્વારા આ બાબત મુલતવી રાખવી અને કુલપતિશ્રીની વિદાય બાદની બેઠકમાં પણ કોઈ કારણ આપ્યા સિવાય ભલામણ મંજૂર ન રાખવી તે માટે ખેદ વ્યક્ત કરવો વગેરે બાબતોના ઉલ્લેખો તેમનાં પારદર્શક અને પ્રામાણિક વ્યક્તિત્વનાં પરિચાયક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે દેશ-વિદેશની યુનિવર્સિટીઓ ઉદા. તરીકે બનારસ હિંદુ યુનિવર્સિટી, મુંબઈ, કલકત્તા, ઓક્સફર્ડ, કેમ્બ્રિજ વગેરે યુનિવર્સિટીઓના ઇતિહાસ-ગ્રંથો લખાયા છે. પરંતુ, આ પૂર્વે ગુજરાતની એક પણ યુનિવર્સિટીનો ઇતિહાસ લખાયો - પ્રકાશિત થયો નથી. જો કે કેટલાંક વિદ્યાધામો ઉદા. તરીકે રમેશ દવે કૃત લોકભારતી સણોસરા, રમેશ ત્રિવેદી કૃત ચરોતર વિદ્યામંડળ - વલ્લભવિદ્યાનગર, મોહનલાલ પટેલ કૃત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર વગેરેના સ્વાધ્યાય-પૂત ઇતિહાસ ગ્રંથો રચાયા છે અને વખણાયા પણ છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત ગ્રંથ ગુજરાતની યુનિવર્સિટીઓના ઇતિહાસ-લેખન માટે નવપ્રસ્થાનકારક અને સવિશેષતઃ યુનિવર્સિટી એટલે શું ? કુલપતિ - ઉપકુલપતિઓની શિક્ષણના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રહેલી ભૂમિકા, યુનિવર્સિટીને ક્રિયાશીલ અને સાર્થકત્વ બક્ષવા કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ વગેરે માટે

દિશાસૂચક બની રહેશે. અને આ સાથે આ પ્રકારનો ગ્રંથ તૈયાર કરવા માટે પ્રાયઃ એકાદ દશક પૂર્વે યાજ્ઞિકસાહેબ પાસે ટહેલ નાખનાર તત્કાલીન દૃષ્ટિવંત ઉપકુલપતિ અને કાર્યકારી કુલપતિ (૨૦૦૬ – ૨૦૦૭), પ્રવર્તમાન કુલપતિ તથા મેનેજમેન્ટ વિદ્યાશાખાના પ્રતિભાશાળી પ્રોફેસર ડૉ. બાબુભાઈ પ્રજાપતિએ આ ગ્રંથને આવકારતાં અને તેની મહત્તા ઉજાગર કરતાં નોંધેલ શબ્દો : ‘કોઈ પણ સંસ્થાના ઇતિહાસને શબ્દદેહે અવતારવો એ ભાવિ પેઢી માટે ચિંતન અને અભ્યાસનું પ્રાથમિક ભાથું પૂરું પાડે છે. યુનિવર્સિટીની સ્થાપનાના ઇતિહાસનાં સંસ્મરણોથી સંસ્થાના શરૂઆતના સમયના પડકારો તથા તેમાંથી વિકાસની કેડી કંડારી શિક્ષણધામને સંસ્થાગત કરવા માટે કેવી વિશાળ દૃષ્ટિ રાખી વિવિધ કૉલેજો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, દાતાઓ તથા તમામ હિતધારી પક્ષકારોને જોડવા તેનું ચિંતન સૌ અભ્યાસીઓ માટે પ્રેરણાદાયક બની રહે છે... તેમના કાર્યકાળનો સ્થાપનાનો વૃત્તાંત (સંભારણાં સહ) તેમણે ખૂબ જ ચીવટ સાથે તૈયાર કરી આપ્યો તેનો યુનિવર્સિટી પરિવાર ઋણ સ્વીકાર કરે છે’ - સુચિંતનીય બની રહે છે. આમ, આવા બહુમૂલ્ય ગ્રંથના સર્જક અને પ્રેરક આપણાં અભિનંદનનાં અધિકારી બની રહે છે. આપણે ઇચ્છીએ કે યાજ્ઞિક- સાહેબની ઇતિહાસ - લેખન પરંપરાના અનુસંધાન કુલપતિશ્રી ડૉ. પ્રજાપતિ સાહેબ પણ આપણને છેલ્લાં ૨૫ વર્ષનો અર્થાત્ ૧૯૯૨ - ૨૦૧૭ના સમયનો યુનિવર્સિટીનો ઇતિહાસ આપે. આ અપેક્ષા તેમની પાસે એટલા માટે કે આ સમયગાળાના તેઓશ્રી પ્રત્યક્ષ દ્રષ્ટા તથા યુનિવર્સિટી કારોબારી-તંત્રનો લાંબા સમય સુધીનો હિસ્સો રહ્યા છે, તેમજ યુનિવર્સિટીની બહુવિધ ગતિવિધિઓના સર્વાધિક જ્ઞાતા પણ છે.

નોંધવું રહ્યું કે લેખકે આ પૂર્વે પોતાની વ્યાવસાયિક કારકિર્દી (૧૯૫૧ - ૧૯૮૬)નાં સંસ્મરણો ‘વહીવટની વાતો’ (૨૦૧૫)માં અને નિવૃત્તિ બાદ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકેના કાર્યકાળ (૧૯૮૬- ૧૯૯૨) દરમિયાનનાં સંસ્મરણો પ્રસ્તુત ગ્રંથમાં આલેખિત કર્યાં છે, જે શબ્દાન્તરે લેખકનાં આત્મવૃત્તાંતો હોવા છતાં અહીં જે કંઈ અભિવ્યક્ત થયું છે તે ‘પૂર્વાર્ધ’માં ગુજરાતના વહીવટીતંત્ર - રાજકારણ અને સમાજકારણનો તથા ‘ઉત્તરાર્ધ’માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વિશેષ પરિપ્રેક્ષ્યમાં યુનિવર્સિટી શિક્ષણનો માર્ગ પ્રશસ્ત કરનાર દિશા - નિર્દેશ રજૂ કરવામાં આવ્યો છે, જે સંબંધિત ઘટકો માટે સુચિંતનીય ભાથું પૂરું પાડે છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્મૃતિલોપ થતા જતા ઇતિહાસને શબ્દબદ્ધ કરીને યુનિવર્સિટી પ્રત્યેનું ઋણ અદા કરીને યુનિવર્સિટીની મહતી સેવા કરવા બદલ યાજ્ઞિકસાહેબના આપણે આભારી છીએ.

મણિભાઈ પ્રજાપતિ

**એ મને હંમેશાં યાદ રહેશે** / આનંદીબહેન પટેલ. અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૫. ૧૪૧ પૃ. કિં. રૂ. ૧૦૦/- ISBN : 978-93-5200-226-9

પ્રથમ દર્શને કંઈક અંશે ભાવુક નહીં અને કડક હોવાની છાપ ધરાવતાં શ્રીમતી આનંદીબહેન પટેલ એમના સહૃદયી દસ્તાવેજી સંસ્મરણાત્મક ગંથ ‘એ મને હંમેશાં યાદ રહેશે’માં ખરા અર્થમાં તેઓશ્રી એક સંવેદનશીલ માતૃહૃદયા નારી, શિક્ષકનો આકંઠ જીવ અને વિચક્ષણ પ્રશાસિકા / પ્રજાસેવક તરીકેના ત્રિવેણી સંગમનું મૂર્તિમંત સ્વરૂપ અથવા કહીશું કે નારીકેલફલસમાં જોવા મળે છે. અહીં જીવતરનું સંતર્પક ભાથું પૂરું પાડે તેવા પ્રેરક, સ્મરણીય અને અનુકરણીય ૩૫ અનુભવો ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ પૈકી ૬ અનુભવો શિક્ષક - આચાર્ય તરીકેની કારકિર્દીના સમયગાળાના છે, જે આ બંને પાસાંઓ સાથે સીધો અનુબંધ ધરાવે છે, જ્યારે બાકીના ૨૯ અનુભવો પ્રાયઃ ગુજરાત રાજ્યનાં મહિલા અને બાળકલ્યાણ મંત્રી, શિક્ષણમંત્રી, મહેસૂલમંત્રી અને મુખ્યમંત્રીશ્રી તરીકેના સેવાકાળ દરમિયાનના છે, છતાં તેમાં એક સંવેદનશીલ અને જાગરૂક શિક્ષકનો જીવ ધબકતો જોવા મળે છે. આ અનુભવોની નોંધપાત્ર બાબત એ છે કે આનંદીબહેન તેમના વહીવટીય કાર્યક્ષેત્ર સંબંધી સમસ્યાના સુચારુ ઉકેલ માટે એક કેબિનેટ-મંત્રી કે મુખ્યમંત્રી તરીકે પ્રાપ્ત સત્તા - અધિકારોને સીધા આદેશાત્મક સ્વરૂપે પ્રયોજતાં જોવા મળતાં નથી. આ પાછળનું મૂળભૂત કારણ તેમણે એક શિક્ષક - આચાર્ય તરીકેની સુદીર્ઘ અને યશસ્વી કારકિર્દી દરમિયાન ખરા અર્થમાં શિક્ષકત્વ - આચાર્યત્વ દીપાવ્યું છે એટલે કે તેમના

લોહીનો લય બની ગયો છે, જે તેમની રાજકીય કારકિર્દી ઉપર હાવી થઈ ગયું છે. અર્થાત્ વહીવટીય પ્રશ્નના ઉકેલમાં પણ તેમનું સંવેદનશીલ અને માનવતાનું ઉપાસક શિક્ષકહૃદય સ્વાભાવિક રીતે જ પ્રશ્નના મૂળમાં જઈને તેનો સુચારુ નિર્ણય લેવા ટેવાઈ ગયું છે. આ જ તેમની પ્રકૃતિ છે અને તેમાં જ તેમનાં આગવાં ગૌરવ અને ઓળખ સંનિહિત છે. અને તેથી જ ખુલ્લા મને સમાજજીવનના વિવિધ સ્તરની વેદનાને અનુભવી શક્યાં છે અને તેને વાચા પણ આપી શક્યાં છે, જે હૃદય સોંસરવી ઉતરી જાય તેટલી ઉત્કટ હોઈ વાચકના આંતરમનને ઝણઝણાવી જાય છે. તેમણે સ્વયં એકરાર કરતાં 'મારી વાત'માં જણાવ્યું છે કે 'આ શબ્દો ઠાલા શબ્દો નથી, મારી લાગણીઓનો દસ્તાવેજ છે, મારા અનુભવોનું નવનીત છે. આ બધી સત્યઘટનાઓ છે, ખાલી નામ બદલ્યાં છે' - જે દૃષ્ટવ્ય બની રહે છે.

અહીં આલેખિત અનુભવ-કથાઓ સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રો / પાત્રો જેમ કે શાળા, શિક્ષણપ્રણાલી, શિક્ષક, આચાર્ય, વાલી, વિદ્યાર્થી, આરોગ્ય, મહિલા ઉત્કર્ષ અને સમસ્યાઓ, અધિકારીઓ, સરકારી યોજનાઓ, પક્ષના પાયાના કર્મચારી વગેરે આધારિત છે. આ પૈકી 'સોનામાં સુગંધ ભળે', 'છોરું કછોરું થાય પણ માવતર ન થાય' અને 'દીકરીના મોતનો સોદાગર' તો કઠોર હૃદયના માનવીને પણ હચમચાવી દે તેવા હૃદયવિદારક અનુભવો છે. 'વિધવા વિવાહમાં નિમિત્ત...'માં પ્રજાસેવક તરીકેની કામગીરીનાં પ્રારંભિક વર્ષોમાં રૂઢિગત કુરિવાજોનો હિંમત, કોઠાસૂઝ અને મુત્સદ્દીગીરીથી સામનો કરતાં, 'લફંગા મજનૂને પાઠ ભણાવ્યો' માં પોતે આચાર્ય હોવા છતાં પોલીસ પદ્ધતિ અપનાવવાના સ્થાને લફંગાને પકડવા જાતે જ કામગીરી કરતાં, 'શિક્ષણ દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય, હનન નહીં' માં એક શિક્ષણમંત્રી તરીકે અધિકારીને પાઠ ભણાવવા કઠોર અનુશાસનાત્મક કાર્યવાહી કરતાં, 'પડકારરૂપ કામગીરી હોય ત્યારે....'માં નવું શીખવામાં આતુરતા દાખવતાં અભ્યાસુ મહેસૂલમંત્રી તથા અધિકારીઓનું ક્રોસ ચેકિંગ કરતાં, 'કાર્યદક્ષતાને દંડ નહીં'માં અધિકારીઓની લાપરવાહી અને અણઆવડતના કારણે નીચલા વર્ગના કર્મચારીની વહારે ધાતાં વગેરે તેમના વ્યક્તિત્વનાં બહુવિધ પાસાંઓ જોવા મળી રહે છે. આમ આ બધી અનુભવ-કથાઓના માધ્યમથી આનંદીબેનની જીવનશૈલી અને બહુઆયામી વ્યકિતત્વની રૂપરેખા ઊપસી આવી છે. આ ઉપરાંત પ્રત્યેક કથાના પ્રારંભમાં જે તે વિષય-સમસ્યા વિશેનું તેમનું અવલોકન - મૂળગામી ચિંતન અને કથાના અંતમાં સંબંધિત સમસ્યા ફરી પેદા ન થાય તે માટે કરવામાં આવેલાં સૂચનો કે સમાજને કરવામાં આવેલ અપીલ વિશેષ ધ્યાનાર્હ બની રહે છે, જેમાં લેખિકાના આધિકારિક જ્ઞાન અને તત્ક્ષેત્ર સંબંધી અભ્યાસનિષ્ઠાનાં સહજમાં દર્શન થાય છે. આ સાથે સમાજના રૂઢિગત ખ્યાલો સામે ક્વચિત વિદ્રોહ કરતાં પણ જોવા મળે છે, ઉદા. તરીકે વિધુર પુરુષ અને વિધવા મહિલાના પુનર્લગ્ન સંબંધી સમાજનાં બેવડાં ધોરણો સામે આક્રોશપૂર્વક નોંધે છે કે : 'પુરુષની પત્ની મૃત્યુ પામે અને તે ફરીથી પરણે તો સમાજને વાંધો નથી આવતો, પણ વિધવા ફરી લગ્ન કરે તો સમાજને મંજૂર નથી હોતું. આ કેવો સમાજ અને આ કેવા રિવાજ કે લગ્ન કરી ઘરસંસાર શરૂ કરનાર માટે, પુરુષ અને મહિલા માટે બેવડાં ધોરણો જોવા મળે... !'

માનવજીવન ઘડતરમાં સીમાસ્તંભ બની રહેલાં 'લખી રાખો આરસની તકતી પર' જેવાં ૩૦૦થી અધિક મૂલ્યવાન પુસ્તકોના સર્જક જૈનાચાર્ય મુનિભગવંત રત્નસુંદરસૂરિ મહારાજસાહેબે આ ગ્રંથને આવકારતાં તેનું સારદોહન કરીને તથા સર્જકના વ્યક્તિત્વને ઉજાગર કરતાં નોંધેલ શબ્દો : 'કરુણ માહોલ વચ્ચે મૂલ્યોની માવજત કરનારા શિક્ષિતોના અને શિક્ષકોના જીવંત દૃષ્ટાન્તો જ્યારે જોવા મળે કે સાંભળવા મળે ત્યારે આંખો સાચે જ વિસ્મયથી પહોળી થઈ જાય અને મનમાં આશા બંધાય કે ના હજી ઘણું સારું બચ્યું છે અને સારું બચાવનારાં પણ ઘણાં બચ્યાં છે. ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી પદે બિરાજમાન માતૃહૃદયા શ્રીમતી આનંદીબહેન પટેલના જીવનમાં બનેલા પ્રસંગો જ્યારે વાંચવામાં આવ્યા ત્યારે આવી જ વિસ્મયની અને આનંદની લાગણી અનુભવી. નિ:સહાયને સહાય કરવાની એમની તત્પરતા, નિરુત્સાહનો શિકાર બનેલાંને ઉત્સાહમાં લાવી દેવાની એમની તાલાવેલી, દુર્જનને દંડ દેવાની એમની ક્ષમતા, સજ્જનને સન્માનિત કરતા રહેવાની એમની ઉદાત્તતા, મૂલ્યહ્રાસના સ્થાને

મૂલ્યપ્રતિષ્ઠા માટેની એમની આગ્રહશીલતા, આંગળી માગનારને આંગળી આપી દેવાની વંદનીય ઉદારતા, અપરિચિતને પણ આત્મીય બનાવી દેવાની એમનામાં પડેલ સંવેદનશીલતા - આ બધું ચિત્તને વિસ્મયભાવમાં ગરકાવ ન કરી દે તો જ નવાઈ ! પદ ચાહે શિક્ષણમંત્રીનું હોય, કે મુખ્યમંત્રીનું હોય, અરે, પદ કદાચ કોઈ પણ ન હોય પણ એમના માતૃહૃદયે એમને આવા બધા પ્રસંગોમાં નિમિત્ત બનાવીને એમના જીવનને સાચે જ ગજબનાક ઊંચાઈ અર્પી છે' - આનંદીબહેનના વ્યક્તિત્વનાં અને તેમના આ ગ્રંથની આગવી ઓળખનાં પર્યાય બની રહે છે.

સમગ્રતયા, માનવતાને ઉજાગર કરતી આ મર્મસ્પર્શી અનુભવ-કથાઓ સાથે સાથે ગ્રંથનાં નયનરમ્ય અને કલાત્મક સાજ-સજ્જા, પ્રત્યેક લેખનું ધ્વન્યાત્મક અને બોધાત્મક શીર્ષક ઉદા. તરીકે 'બાળક પ્રત્યે શંકા નહીં, શ્રદ્ધા', 'શ્રદ્ધા મોટું બળ છે', 'શિક્ષણ દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય, હનન નહીં', 'વિદ્યાર્થીઓમાં ગૌરવ પ્રગટાવે તે ગુરુ' વગેરે અને જે તે લેખના પ્રારંભમાં લેખના કેન્દ્રવર્તી વિચારને વાચા આપતું સરસ ચિત્ર, ઉચ્ચગુણવત્તાશીલ કાગળ, મુદ્રણ, બાંધણી વગેરે ચિત્તને હર્યું - ભર્યું કરી દે તેવું છે. આ નાનકડા, સોહામણા અને મૂલ્યનિષ્ઠ ગ્રંથના આધારે લેખિકાની ચિંતન અને અભિવ્યક્તિ શક્તિના - સામર્થ્યનાં દર્શન થાય છે, ત્યારે બહેનની પાસે અપેક્ષા બની રહી છે કે તેઓશ્રી આપણને તેમની Full length આત્મકથા આપે કે જે સૌના માટે અને સવિશેષતઃ ગુજરાતના નારી જગત માટે તેમનાં સઘર્ષો, પુરુષાર્થ, વ્રજથી કઠોર અને સંવેદનશીલ વ્યક્તિત્વ અને ઉપલબ્ધિઓ રોલ મોડેલ બની રહેશે ! આ તબક્કે એક પ્રશ્ન ઉદ્ભવે છે કે આવા અનુભવો - પ્રેરણાદાયી કાર્યોને આપણા અન્ય રાજકીય અગ્રણીઓ અને અધિકારીઓ વાચા આપે તો સંભવ છે કે જાહેર વહીવટ અને સમાજજીવન માટે એક આદર્શ પ્રસ્તુત થાય ! પ્રજાસેવકો અને નાગરિકોને સ્વધર્મ પાલન માટે દિશાસૂચક દીવાદાંડી પુરવાર થઈ રહે ! જો કે તેમાં આદર્શ અને વ્યવહાર નિતર્યા નીર જેવાં હોય તે પ્રાથમિક શરત છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**જૈન વિશ્વકોશ : જૈન ધર્મનો સર્વપ્રથમ એન્સાઈકલોપીડિયા** : ખંડ-૨ : 'ક'થી 'ઘો' / પ્રેરક : યુગદિવાકર શ્રી નમ્રમુનિ મહારાજ; સંપાદકો : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા, પરામર્શક : સાધ્વી આરતી. મુંબઈ : શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, વિક્રેતા : અમદાવાદ : ગૂર્જર, ૨૦૧૭. XXII, ૪૨૨p. કિ. રૂ. ૧૫૦૦.૦૦ ISBN : 978-93-83814-78-7

એક હકીકત છે કે 'કોઈપણ પ્રજાની પ્રગતિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિનું માપ એની જ્ઞાનસજ્જતા અને જ્ઞાનસાધનોની વિપુલતાથી નીકળે છે'. આ એક બાબત અને વિશ્વના ધર્મોમાં પોતાની આગવી ઓળખ ધરાવનાર જૈનધર્મ પાસે પોતાનો એક અધિકૃત તથા ખરા અર્થમાં વિશ્વકોશના હાર્દને ચરિતાર્થ કરે તેવા 'જૈન વિશ્વકોશ'ના અભાવની યથાર્થ પૂર્તિ કરવાના હેતુ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી કર્મઠ અને પ્રબુદ્ધ સંપાદકો સર્વશ્રી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયાના ધ્યેયનિષ્ઠ પ્રયાસોથી 'જૈન વિશ્વકોશ'નો દ્વિતીય ખંડ સંવત્સરીપર્વમાં સુલભ થયો, જે ભારતીય વિદ્યાજગત અને સવિશેષતઃ જૈનવિદ્યાક્ષેત્રની એક ગૌરવપ્રદ ઘટના છે. આ ખંડમાં 'ક'થી 'ઘો' સુધીના અકારાદિક્રમમાં આવતાં જૈનવિદ્યા વિષયક ૩૪૪ અધિકરણો, અર્થાત્ 'કટારિયા તીર્થ'થી શરૂ કરી 'ઘોષણા' સુધી તથા ખંડ-૧ માં સમાવિષ્ટ ન થયેલાં ૧૯ અધિકરણો પરિશિષ્ટમાં સમાવિષ્ટ છે. નોંધપાત્ર બાબત એ કે કુલ ૩૬૩ અધિકરણો પૈકી ૧૬૮ (૪૬%) અધિકરણો વિદુષીઓ દ્વારા સ્વતંત્ર યા અન્યના સહયોગમાં તૈયાર કરવામાં આવ્યાં છે, જે એક નોંધપાત્ર ઉપલબ્ધિ છે. સંબંધિત અધિકરણ સાથે જૈન તીર્થો, શિલ્પ-સ્થાપત્યો અને પ્રતિભાશીલ વ્યક્તિઓના રંગીન ફોટોગ્રાફ્સ તથા ધાર્મિક ક્રિયાઓ અને અન્ય આનુસંગિક બાબતોનાં સુંદર બહુરંગી અને આકર્ષક ૨૧૬ ચિત્રો / ફોટોગ્રાફ્સ આપવામાં આવ્યાં છે, જેથી કોશનું દસ્તાવેજી અને કલાત્મક મૂલ્ય અનેકગણું વધી ગયું છે. આ ઉપરાંત પ્રત્યેક અધિકરણ લેખકના નામ સાથે આપવામાં આવ્યું છે, જેનું આગવું બની રહે મૂલ્ય છે. આ બધાં અધિકરણો જૈનવિદ્યાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સઘળા વિષયોને આવરી લે છે, જેમાં જૈન આગમો અને અન્ય

નોંધપાત્ર - ધાર્મિક - દાર્શનિક સાહિત્ય, જૈન પારિભાષિક પદો, તીર્થસ્થળો, તીર્થંકરો, મુનિભગવંતો, સાધ્વી મહારાજો, શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, રાજપુરુષો, સ્વાતંત્ર્યસેનાનીઓ, વિશિષ્ટ પ્રતિભાઓ - પ્રાચીનકાળથી સામ્પ્રતકાળ સુધી તથા ઉદાહરણસ્વરૂપ કેટલાંક પૌરાણિક / સાહિત્યિક - ધાર્મિક કૃતિઓનાં ચરિત્રો ઉદા. તરીકે કલાવતી, ક્ષુલ્લકમુનિ, ખંધકમુનિ, ગજસુકુમાર વગેરે સહિત, લૌકિક સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, જૈન ધર્મ અને વિજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય અને અન્ય કળાઓ વગેરે પ્રમુખ ૯૪ જેટલા આ મુખ્યવિષયો પેટાવિષયો હેઠળ પણ વર્ગીકૃત કરવામાં આવ્યા છે, પરિણામે જૈન ધર્મ-દર્શન સંબંધી સામાન્ય કે નાનામાં નાની કે ગહનતમ દાર્શનિક સિદ્ધાંત વિષયક બાબત પણ સંપાદકોની દૃષ્ટિ ઓઝલ રહી શકી નથી, ઉદા. તરીકે ધાર્મિક ઉપકરણો-કટાસણું વગેરે, સૂત્રો જેમકે સામાયિક ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા સંબંધી સૂત્ર - 'કરેમિભંતે' વગેરે, મંત્રવિદ્યા - 'કર્ણપિશાચિની' વગેરે, વ્રતો - 'કવલચાન્દ્રાયણવ્રત' વગેરે, પરિભાષાઓ / પદો - 'કાજો કાઢવો', 'ગણિપિટક' વગેરેનાં હાર્દ, વિધિવિધાન વગેરે સંબંધી સમજૂતી સરસ રીતે આપવામાં આવી છે, પરિણામે જૈન ધર્મ-દર્શનના અધ્યેતાઓ અને સામાન્ય જિજ્ઞાસુઓને આ કોશ વિશેષ ઉપકારક બની રહે છે. આ બધા વિષયો ઉપરથી પસાર થતાં ખાસ ધ્યાનપાત્ર બાબત એ ઊપસી આવે છે કે અહીં, જૈન ધર્મના સઘળા સંપ્રદાયો-શાખાઓ, મતો વગેરેને કોઈ પણ જાતના પૂર્વગ્રહ સિવાય એક સમાન ધોરણે તથા તટસ્થપણે આવરી લેવામાં આવ્યાં છે, પરિણામે જૈન ધર્મની કોઈ પણ શાખાના અનુયાયીને આ કોશ પોતીકો લાગ્યા વગર ન રહે.

પ્રસ્તુત ખંડમાં સવિશેષતઃ કર્મસાહિત્ય, કલ્પસૂત્ર, કાવ્યશાત્ર, કુંદકુંદાચાર્ય, કેનેડામાં જૈન ધર્મ, કોશ સાહિત્ય, ક્ષમા, ગચ્છ, ગુફાઓ, ગણિત (જૈન) અને ગણિતશાત્ર, ગણધરવાદ અને તેની વિશેષતા, ગૌતમસ્વામી અને ઘાતીકર્મ વિષય શીર્ષક હેઠળનાં અધિકરણોમાં સંબંધિત વિષય ક્ષેત્રની વિસ્તારથી વિશદ ચર્ચા કરવામાં આવી છે, જે માટે આ અધિકરણોના લેખકો સર્વશ્રી સાધ્વી આરતી, શ્રી આત્માનંદજી, રમણીક શાહ, કેતકી શાહ, પારુલ માંકડ, નગીન શાહ, કુમારપાળ દેસાઈ, મુનિશ્રી નંદીઘોષવિજયજી, પ્રવીણ શાહ, કનુભાઈ શાહ, ગુણવંત બરવાળિયા વગેરે તેમની અધ્યયશીલતા અને પ્રતિબદ્ધતા માટે વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે. અત્રે નોંધવું રહ્યું કે ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ આ 'જૈન વિશ્વકોશ'માં 'ગુજરાતમાં જૈન ધર્મ'નું અધિકરણ એક વ્યાપ્તિલેખ - મોનોગ્રાફ સમાન હોવું જોઈએ, કે જેમાં પ્રસ્તુત વિષયક બહુવિધ પાસાંઓને આવરી લેતી સારગર્ભિત અને સંતર્પક માહિતી હોય તે અપેક્ષિત છે. અહીં આ અધિકરણમાં બહુઆયામી માહિતી વિસ્તારથી આપવા ઉપરાંત ગુજરાતમાં જૈન ધર્મની વર્તમાન સ્થિતિનું અવલોકન અને ભાવિ દિશા નિર્દેશ રજૂ કરવામાં આવેલ છે. આમ છતાં માહિતીનાં સંતર્પકતા, વિશદતા, પ્રમાણભાર તથા સુગ્રથિત રજૂઆતમાં શિથિલતા જોવા મળે છે, તેમજ આધારસ્રોતનો ઉલ્લેખ પણ નથી. આ ઉપરાંત સમગ્ર જૈન સમાજ અને દેશ માટે ગર્વરૂપ એવો અંદાજિત ૬થી ૮ લાખ જેટલી હસ્તપ્રતો ગુજરાતના જૈન જ્ઞાનભંડારોમાં સંગૃહીત હોવા સંબંધી અહીં કોઈ નિર્દેશ પણ જોવા મળતો નથી. જોકે ગુજરાતનાં જૈન તીર્થો, મુનિ ભગવંતો, ગ્રંથો, શ્રેષ્ઠીઓ, વિદ્યાપુરુષો વગેરે વિશે અલગ અલગ લેખકો કૃત સ્વતંત્ર અધિકરણો આ કોશમાં આપવામાં આવેલાં છે તે જોકે અલગ બાબત છે. અહીં ગ્રંથસ્થ અધિકરણો પૈકી ફક્ત ૮૦ જેટલાં અધિકરણોમાં માહિતીનો આધારસ્રોત / સંદર્ભનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જો કે આ અધિકરણો પ્રાયઃ જૈન ધર્મ-દર્શન, જૈન પરિભાષા, સંજ્ઞાઓ - પદો વગેરે સંબંધી છે કે જેમાં જૈન આગમો અને અન્ય ધાર્મિક / દાર્શનિક ગ્રંથોનો સંદર્ભ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિશ્વકોશનું અવલોકન કરતાં સ્પષ્ટ તરી આવે છે કે કેટલાંક ઐતિહાસિક ચરિત્રો સંબંધી અધિકરણોમાં જે-તે વ્યક્તિના જીવનની નોંધપાત્ર ઘટનાને રજૂ કરતી વિગતોના આધારસ્રોતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઉદા. તરીકે કુમારપાળ રાજા વિશે ઉલ્લેખિત વિસ્તૃત માહિતી, આચાર્ય કુમુદચંદ રાજમાતા મીનળદેવીના પિતાના ગુરુ હોવા તથા પાટણમાં આચાર્ય દેવસૂરિ સાથે વાદવિવાદ સંબંધી ઘટના વગેરે, કર્પદી મંત્રીને રાજાર્ષિ કુમારપાળના ઉત્તરાધિકારી અને જૈન ધર્મના વિરોધી અજયપાળ દ્વારા ઉકળતા તેલની કડાઈમાં નાખીને મારી નાખવો અને અન્ય ઘટનાઓ, શત્રૃંજય તીર્થની રક્ષા કાજે મહમ્મદ

બેગડાનો સામનો કરતાં કાભઈ બારોટ વગેરે ૧૦૧ બારોટો દ્વારા જાન કુરબાન કરવા, તેમજ આ બારોટો કયા પ્રદેશના હતા તે વગેરે, ખેમો દેદરાણી દ્વારા વિ.સં. ૧૪૫૦ના કારમા દુષ્કાળમાં જીવમાત્રને બચાવવા પોતાના ધન-ધાન્યના કોઠાર ખુલ્લા મૂકી દેવા વગેરેમાં આ માહિતી કયા સ્રોતના આધારે વર્ણવવામાં આવી છે તેનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. હકીકતમાં મહત્ત્વનાં તમામ અધિકરણો પસંદગીના આધારસ્રોતથી અલંકૃત હોવાં જોઈએ. વિશ્વકોશની અધિકૃતતા માટે પણ આધારસ્રોતનો ઉલ્લેખ જરૂરી બની રહે છે. આ જ રીતે તીર્થસ્થળો, સ્વાતંત્ર્યસેનાનીઓ, પ્રતિભાશાળી પુરુષો વગેરેનાં અધિકરણો પણ સંદર્ભસ્રોત વિહીન છે. કમ સે કમ આ વિષયો સંબંધી પ્રકાશિત એકાદ-બે-ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ જિજ્ઞાસુને વિસ્તૃત માહિતી મેળવવા માટે ઉપકારક નીવડશે, જે ધ્યાને લેવા જેવું છે. વધુમાં, મુનિ ભગવંતો, સર્જકો વગેરેનાં ચરિત્રાલેખનમાં અને સવિશેષતઃ પ્રાચીન - મધ્યકાલીન સમયનાઓની તેમની મહત્ત્વપૂર્ણ કૃતિઓના નિર્દેશ સાથે પ્રકાશન વર્ષનો પણ ઉલ્લેખ કરવામાં આવે તે જરૂરી અને આવશ્યક છે. ઉદા. તરીકે કે. ભુજબલી શાસ્ત્રી, ડૉ. કસ્તૂરચંદ કાસલીવાલ વગેરેનાં ચરિત્રાલેખનોમાં કૃતિઓના ઉલ્લેખો છે, પરંતુ પ્રકાશન વર્ષ ક્યાંય નોંધ્યું નથી. આ ઉપરાંત શાસ્ત્રીજી દ્વારા સંપાદિત કન્નડપ્રાન્તીય જૈન જ્ઞાનભંડારોની ૩૫૩૮ હસ્તપ્રતોની સૂચિ (૧૯૪૮) તથા ડૉ. કાસલીવાલના સંશોધન ગ્રંથ રાજસ્થાનના જૈન જ્ઞાનભંડારો (૧૯૬૭) જેવા ખૂબ જ મહત્ત્વના ગ્રંથનો સંબંધિત અધિકરણોમાં ઉલ્લેખ જ નથી.

આ જ રીતે કૃતિ વિષયક કેટલાંક અધિકરણોમાં એક સમાન માહિતીની સાતત્યતાનો અભાવ જોવા મળે છે, ઉદા. તરીકે અહીં સમાવિષ્ટ કૃતિઓ, કપ્પૂરમંજરી, કપ્પુસુડ (બૃહતકલ્પ), 'કલ્પસૂત્ર', 'કુમારપાલચરિયં', 'કુમારપાળપ્રતિબોધ', 'કુવલયમાલાકહા', 'કીર્તિકૌમુદી', 'ગુણરત્નછંદ', 'ગોમ્મટસાર' વગેરેનાં અધિકરણોમાં પ્રાયઃ એક આ અન્ય માહિતીનો અભાવ જોવા મળે છે. આમ છતાં આ બધાં અધિકરણો પૈકી પ્રેમસુમન જૈન કૃત 'કુવલયમાલાકહા'નું અધિકરણ કૃતિ પરિચય માટે રોલ મોડેલ સમાન છે, જ્યારે 'કીર્તિકૌમુદી'નું અધિકરણ કેટલીક મર્યાદાઓવાળું અને શિથિલ છે, ઉદા. તરીકે કર્તા 'સોમેશ્વર ગૂર્જરેશ્વરના રાજપુરોહિત' પણ કયા ગૂર્જરેશ્વરના ?, વસ્તુપાળ-તેજપાળ કોના અમાત્ય હતા ? આ કૃતિની ભાષા કઈ ? તેનાં સંસ્કરણો, તાજેતરમાં જ સાધ્વી ચંદનબાળા મહારાજ સાહેબ દ્વારા સંવર્ધિત સંસ્કરણ સંપાદિત કરવું, આચાર્ય ગિરજાશંકર વલ્લભજી કૃત સમશ્લોકી ગુજરાતી અનુવાદ વગેરે સંબંધી માહિતીનો અહીં અભાવ છે.

આ કોશનાં ચિત્તાકર્ષક દેખાવ, સાજસજ્જા, કાગળ, મુદ્રણ વગેરે પ્રશંસનીય, પરંતુ 'વિશ્વકોશીયસ્તર'ની બાંધણી જરૂરી બની રહે છે. આ ઉપરાંત આ કોશના પૃ. XVIII ઉપર કોશમાં આવરી લેવામાં આવેલા વિષયોની યાદી આપવામાં આવી છે, જેમાં સરતચૂકથી પ્રથમ કોલમની યાદી પુનઃ દ્વિતીય કોલમમાં અને દ્વિતીય કોલમની તૃતીયમાં મુદ્રિત થતાં તૃતીય કોલમનાં વિષય - મથાળાંની યાદીનો લોપ થયો છે.

સમગ્રતયા, આ વિશ્વકોશ જૈન ધર્મ-દર્શનના વિવિધ વિષય ક્ષેત્રોના, તેની વિવિધ શાખા-પ્રશાખાઓના તથા દેશ-પરદેશના પસંદગીના અભ્યાસુઓના સહયોગથી તૈયાર કરવામાં આવી રહેલ હોવાથી અને તેમાં જૈન ધર્મ-દર્શનની વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સર્વાંગીણ, અધિકૃત અને તટસ્થતાપૂર્ણ માહિતી આપવામાં આવેલ હોવાથી જૈન-જૈનેતર ધર્માવલમ્બીઓ માટે તેમજ વિશ્વનાં ધર્મ-દર્શનો તથા સંસ્કૃતિઓ સાથે જૈન ધર્મ-દર્શનનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત બની રહેશે. આવા બહુપરિમાણી જ્ઞાનકોશ માટે આપણે ગુરુવર્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ, પ્રતિબદ્ધ સંપાદકો, ઉવસગ્ગર સાધના ટ્રસ્ટ વગેરેના આભારી છીએ. આ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ બાદ ઉવસગ્ગર ટ્રસ્ટ અને કર્મશીલ સંપાદકો પાસે અપેક્ષા બની રહે છે કે જૈન સાહિત્યના દસ્તાવેજીકરણ તથા સંશોધન માટે ખૂબ જ ઉપયોગી છતાં A Guerinot (૧૯૦૬), Chhotelal Jain (૧૯૩૬) વગેરેના પ્રયાસોને બાદ કરતાં પ્રાયઃ ઉપેક્ષિત એવી વ્યાપક ફલક ઉપરની 'જૈન વાઙ્મયસૂચિ'નું કાર્ય હાથ ધરવામાં આવે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના ૩૫ વિદ્યાર્થીઓનું બજાજ ફિનસર્વિસ પ્રા. લિ. માં ૩૦ દિવસ માટે ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ થયું. આ વિદ્યાર્થીઓને ૬૭૫૦/- રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે.

### ઉદ્યોગ સાહસિકતા શિબિર

● સેન્ટર ફોર ઑન્ટ્રપ્રનરિઅલશિપ ડેપલપમેન્ટ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને ઑન્ટ્રપ્રનરિઅલશિપ ડેપલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા, ભાટના સંયુક્ત ઉપક્રમે વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગર ખાતે સપ્ટેમ્બર માસમાં વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવવા, સરકાર દ્વારા અપાતી પ્રોત્સાહક યોજનાઓ અને પોતાનો ઉદ્યોગ કેવી રીતે સ્થાપવો તે વિશે માહિતી આપવામાં આવી હતી. આ શિબિરમાં શ્રી મયંક મહેતા (ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજર, સીઈડી, ગાંધીનગર), શ્રી સંદિપ પટેલ (સહાયક પ્રોજેક્ટ લીડર, ઈડીઆઈ, ગાંધીનગર) અને અન્ય ઉદ્યોગ સાહસિકોએ તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી.

### એક્ષ્પોર્ટ પ્રોસીઝર... કોર્સ

●બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા ૨ મહિનાનો એક્ષ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોકયુમેન્ટેશન સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો, જેમાં એકસપોર્ટ માટે જરૂરી પરવાનગી, સરકારી ડોકયુમેન્ટસ તેમજ કાયદાકીય જોગવાઈઓનું વ્યવહારિક જ્ઞાન આપવામાં આવશે. કોર્સનું ઉદ્ઘાટન કરતાં યુનિવર્સિટીના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશનની મહત્તા જણાવીને આજના યુગમાં વિદ્યાર્થીઓએ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મૂકવો આવશ્યક છે તથા મેનેજમેન્ટનો વિદ્યાર્થી સફળતા ત્યારે જ હાંસલ કરી શકે જ્યારે ધંધાકીય કાર્યોમાં દરેક ક્ષેત્રે નિપુણતા કેળવેલ હોય. પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિએ આભારવિધિ કરી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના પ્રથમ દ્વિતીય વર્ષના ૩૬ વિદ્યાર્થીઓએ અમદાવાદના મોરઈયા સ્થિતિ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી હર્ષા ઈલેક્ટ્રોનિક્સ ગ્રૂપ ઑફ કંપનીની તા. ૧૮ ઓગષ્ટના રોજ મુલાકાત લીધી હતી. આ કંપની (૧૯૭૨)નો મુખ્ય ઉદ્દેશ ઈલેકટ્રોનિક પ્રોડકટ્સ ગુણવત્તા સાથે વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય તે રહ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રના સફળતાના ઉતમ નમૂના સ્વરૂપ સાબર ડેરી, હિંમતનગરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેમજ "પ્લાન્ટ લે આઉટ"ની ગોઠવણી કેવી રીતે કરવી, ગુણવત્તા, સ્વચ્છતા વગેરે અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ ગુજરાતની પ્રતિષ્ઠિત કંપની વાડીલાલ આઈસ્ક્રીમ (૧૯૦૭)ના પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પ્લાન્ટ લે આઉટ અને તેની ગોઠવણી તથા ઉત્પાદનના વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેની વિગતે માહિતી આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૪.૫ અબજનું

છે અને તેમાં ૧૦૦૦ કર્મચારીઓ કાર્યરત છે.

## કાનૂની દિવસ ઉજવણી

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ, સેકટર-૨૩ માં તા. ૧૨/૮/૧૭ ના રોજ મહિલા સશક્તિકરણ કાનૂની દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ સ્ટેશન સે-૧૬નાં P.I. શ્રી મીનાક્ષીબહેન પટેલ, P.S.I. શ્રી તોરલબહેન તેમજ કાનૂની દિવસ ઉજવણી સેલનાં વક્તા શ્રી સેજલબહેન અને શ્રી જીજ્ઞાબહેન ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી મીનાક્ષીબહેને સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવનો હિંમતપૂર્વક સામનો કરી તેને ક્રમશઃ કેવી રીતે દૂર કરી શકાય તેની ઉદાહરણ સાથે સમજણ આપી હતી અને સમાનાધિકાર માટેના સંકલ્પ લેવડાવ્યા હતા. શ્રી જીજ્ઞાબહેને ઘરેલુ હિંસા, છેડતીના બનાવો, સ્ત્રી અત્યાચાર તેમજ સ્ત્રીભ્રૂણ હત્યાના બનાવોનો સામનો કયા કાયદા દ્વારા કરી શકાય તેની તેમજ અસામાજિક તત્ત્વોનો સામનો કરવા માટે ટોલ ફ્રી ૧૮૧ નંબરની તેમજ 'જીવન આસ્થા હેલ્પલાઈન'ની માહિતી આપી હતી. આ શિબિરનો લાભ હોસ્ટેલની પ્રાથમિકથી કૉલેજ કક્ષાઓની ૩૦૦થી અધિક વિદ્યાર્થિનીઓ, ગૃહમાતાઓ તથા શિક્ષિકાબહેનોઓએ લીધો હતો.

## કાવ્યરચના અને વાર્તાલેખન

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે તા.૮/૯/૧૭ના રોજ કાવ્યરચના અને વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા-કૉલેજોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ખેલ મહાકુંભ

● તા. ૦૪/૦૯/૨૦૧૭ ના રોજ સાઈ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત હેન્ડબોલ (બહેનોની) જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા થઈ.

## જળપ્રલય રાહત કામગીરી

● એ. એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટ દ્વારા પૂર અસરગ્રસ્તો માટે ચોખા, ઘઉં, બાજરી, તેલ, મરી મસાલા, બિસ્કીટ, કપડાં જેવી ચીજવસ્તુઓ એકઠી કરીને ૩૦૦ જેટલી કિટ તૈયાર કરી બનાસકાંઠા અને પાટણ જિલ્લાનાં ગામોમાં વહેંચવામાં આવી હતી. આ કાર્યક્રમ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીના નેતૃત્વ હેઠળ સંપન્ન કરવામાં આવ્યો હતો. પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓને સમાજ પ્રતિ સંવેદના વ્યક્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## થેલેસેમિયા

● એ. એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટ દ્વારા થેલેસેમિયા જાગૃતિ અંગે પરિસંવાદનું આયોજન તા. ૩૦/૮/૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના જિજ્ઞેશ રાવલ અને હિતેશ રાવલે થેલેસેમિયા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી સૌનો આભાર માન્યો હતો.

## દાંડી કુટિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજ તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૦૯/૦૯/૧૭ના રોજ મહાત્મા મંદિર પરિસરમાં સ્થિત દાંડીકુટિરની મુલાકાત દરમિયાન ગાંધીજીનું બાળપણ, તેમના જીવનને અસર કરતાં પરિબળો, વકીલાત તરીકેનો અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, સ્વતંત્રતા સંગ્રામ માટે યોજેલી વિવિધ ચળવળો વગેરેનું પ્રદર્શન નિહાળ્યું હતું. આ ઉપરાંત તા. ૫/૯/૧૭ના રોજ ઇન્ડિયન રીનલ ફાઉન્ડેશન, અમદાવાદના શ્રી જયેશભાઈ પટેલે તાલીમાર્થીઓને કિડનીનું મહત્ત્વ, કિડની ફેલ થવાનાં કારણો, કિડનીની જાળવણી માટે શું કરવું જોઈએ ? તેમજ નેફ્રોન અને તેનાં કાર્યો તથા બ્લડ પ્રેસર નિયંત્રણ, વિશે સમજ આપી હતી.

## નેક મૂલ્યાંકન A : ગ્રેડ

● ઉમા આર્ટ્સ અને નાથીબા  કોમર્સ મહિલા

કૉલેજ, ગાંધીનગરને યુ.જી.સી.ની સ્વાયત્ત સંસ્થા નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (નેક) દ્વારા તાજેતરમાં તેના સતત ત્રીજી વારના મૂલ્યાંકનમાં 'A' ગ્રેડ અને ૩.૩૨ સી.જી.પી.એ. પ્રાપ્ત થયેલ છે. આ સાથે નેક દ્વારા મૂલ્યાંકન કરાયેલ સમગ્ર ભારતની ૪૨ કૉલેજોમાંથી આ કૉલેજને આઠમું સ્થાન મળ્યું છે. વળી, સમગ્ર ભારતની આ પૈકીની આર્ટ્સ અને કોમર્સ કૉલેજોમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે. રાષ્ટ્રીય સ્તરની આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા સંસ્થાના તમામ સન્માનનીય હોદ્દેદારો દ્વારા આચાર્યા ડૉ. અમૃતા પરેશ પટેલ, ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા, IQAC કોઓર્ડિનેટર ડૉ. રૂપાબહેન ચાવડા, નેક સ્ટિયરિંગ કમિટીના કોઓર્ડિનેટર પ્રા. ફાલ્ગુનીબહેન પટેલ તેમજ શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફના સભ્યોની ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં.

## પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Economics :**

1. Patel, Alpeshkumar Jayantibhai : "Role of Water Supply in Human Development: A Study with Reference to North Gujarat" / Guide : Dr. Jayendra J. Bhatt. Ref. N0. Ph.D. / 302/ 2017. 26/08/2017.

**Education :**

2. Mehta, Devang Natubhai : "A Study of the Effectiveness of Special Training Programme in Ahmedabad District" / Guide : Dr. Veenaben Patel. Ref. N0. Ph.D. / 295/ 2017. 06/07/2017.

**Electrical Engineering :**

3. Upadhyay, Vipulkumar Jeshanker : "Protection Strategies to Mitigate Major Power Swings and out-of-step Conditions of Power System" / Guide : Dr. Ashit S. Pandya. Ref. N0. Ph.D. / 305/ 2017. 14/09/2017.

4. Maheshwari, Dharmesh Pitambarbhai : "Design, Development and Implementation of Embedded DSP Controllers for Cascaded H-Bridge Multi Level Inverter Based Drives" /Guide : Dr. Ashit S. Pandya. Ref. N0. Ph.D. / 306/ 2017. 14/ 09/2017.

**English :**

5. Pathak, Sujalkumar Janakray : "Diasporic Sensibility in the Poetry of Sujata Bhatt" / Guide : Dr. Hitesh D. Raviya. Ref. N0. Ph.D. / 297/ 2017. 14/07/ 2017.

**Gujarati :**

6. Chaudhary, Varshaben Narsinhbhai : "અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તામાં સમાજદર્શન" / Guide : Dr. Bababhai S. Patel. Ref. N0. Ph.D. / 300/ 2017. 18/08/2017.

**Instrumentation & Control :**

7. Bhoyania, Kunal Babulal : "Musculoskeletal Modeling and Control in Using Functional Electrical Stimulation (FES) for Upper Extremity" / Guide : Dr. Chetan B. Bhatt. Ref. N0. Ph.D. / 298/ 2017. 16/08/ 2017.

**Management :**

૮. Ranjani, Srinivasan : "Microfinance Outreach and Impact on Poverty: Evidence from Gujarat" / Guide : Dr. M. Mallikarjun. Ref. NO. Ph.D. / ૨૯૬/ ૨૦૧૭. ૧૧/૦૭/૨૦૧૭.

9. Vanara, Manoj Batukbhai : "Dimensions and Avenues of Broadband Ser-

vices in Gujarat'' / Guide : Dr. A. C. Brahmbhatt. Ref. N0. Ph.D. / 301/ 2017. 24/08/2017.

**Mechanical Engineering :**

10. Bhojak, Kedar Nitinbhai : ''Investigation of Metallurgical Behaviour of Alloyed Aluminium for Ultrasonic Degassing Process'' / Guide : Dr. Nilesh M. Bhatt. Ref. N0. Ph.D. / 303/ 2017. 06/09/2017.

11. Patdiwala, Umang Jayeshbhai : ''Secondary and Tip-Clearance Flows: Their Study, Analysis, Loss Reduction and Flow Visualization Using Fences in A Linear Turbine Cascade'' / Guide : Dr. Pravinchandra K. Shah. Ref. N0. Ph.D. / 304/ 2017. 09/09/2017.

**Pharmaceutical Science :**

12. Patel, Vishal Jagjivanbhai : ''Studies on GLP-1 and Glucagon-Mediated Regulation of Lipid Metabolism'' / Guide : Dr. Mukul R. Jain. Ref. N0. Ph.D. / 299/ 2017. 16/08/2017.

## ભૌતિકશાત્ર

● નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સહયોગથી તા. ૬/૯/૧૭ ના રોજ વીપીએમપી પોલિટેક્નિક, પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ ફિઝિક્સ' વિષય હેઠળ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે ભૌતિક વિજ્ઞાનના પ્રયોગો કરીને સરળ શૈલીમાં તેની સમજ આપી હતી.

## યામાહા ટેક્નિકલ એકેડેમી

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગર અને યામાહા ઇન્ડિયા મોટર્સ વચ્ચે તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજ 'યામાહા ટેક્નિકલ એકેડેમી' સ્થાપવા માટે એમઓયુ કરવામાં આવ્યું. આ પ્રસંગે યામાહા મોટર્સ ઇન્ડિયા સેલ્સ પ્રાઈવેટ લિમિટેડના જનરલ મેનેજર શ્રી ઓગોમોરી સેન વગેરે તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા, પ્રિ. પ્રો. એ. જે. પટેલ અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ઓગોમોરી સેને એમના પ્રવચનમાં જણાવ્યું હતું કે યામાહા ટેક્નિકલ એકેડેમી કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટીનો એક ભાગ છે અને સમગ્ર દેશનું આ ૩૮મું અને ગુજરાતનું આ ત્રીજું સેન્ટર છે. એકેડેમીમાં લઘુત્તમ ધોરણ ૮ પાસ વિદ્યાર્થીઓને એક વર્ષ માટે પ્રશિક્ષણ આપવામાં આવશે, ત્યારબાદ યામાહા દ્વારા તેમને રોજગારી પૂરી પાડવાનું પણ આયોજન છે. આ કોર્સ ઓટોમોટિવ સ્કિલ્સ ડેવલમેન્ટ કાઉન્સિલ, નવી દિલ્હી દ્વારા માન્યતા પ્રાપ્ત છે. ડાયરેક્ટર શ્રી કાપડિયાએ પ્રસંગોચિત વક્તવ્યમાં જણાવ્યું હતું કે દેશના યુવાનોને સ્કિલ્ડ બનાવવા માટે આ પ્રકારના તાલીમ કેન્દ્રોની તાતી જરૂરિયાત છે, જ્યારે પ્રિ. પ્રો. એ. જે. પટેલે સંસ્થા વતી ખાતરી આપી હતી કે ટેક્નિકલ એકેડેમી એક શ્રેષ્ઠ એકેડેમી તરીકે ખ્યાતિ પામે તેવા અમારા પ્રયત્નો રહેશે.

## યુવા સશક્તિકરણ

● વિદ્યાર્થીઓનાં જીવન ઘડતરને ધ્યાને લઈ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રિદિવસીય યુવા સશક્તિકરણ કાર્યક્રમ વીપીએમપીના હૉલમાં ઑક્ટોબર માસમાં યોજાઈ ગયો, જેમાં યોગાચાર્ય અને ટ્રેનર શ્રી જે. સી. પટેલે અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, જૂથ સંવાદ, ધ્યાન, સુસ્વાસ્થ્ય, નેતૃત્વ, સમય અને ઘટના વ્યવસ્થાપન, અને સમૂહમાં કાર્ય કરવાની ક્ષમતાને ઉજાગર કરવા પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત આરોગ્ય, સમય, માનસિક તાણ વ્યવસ્થાપન, મનની શકિત વગેરે વિષયો ઉપર  ઊંડાણપૂર્વક સમજ આપી હતી. સમાપન સમાંરભમાં ડૉ. આનંદ પટેલ અને ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ સારા સંસ્કારો થકી ઉત્કૃષ્ટ પરિણામો મેળવ્યાં હોય તેવી વ્યક્તિઓનાં ઉદાહરણો આપ્યાં હતાં અને પોતાના જીવન દરમિયાન કરવામાં આવેલ સંઘર્ષોની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. આ શિબિરમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૯ કોલેજોના ૬૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને પ્રા. સોનલ લેન્ડે દ્વારા કરવામાં આવ્યું હતું.

## રક્તદાન શિબિર

● તા. ૯/૮/૧૭ના રોજ ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીના જન્મદિવસ નિમિત્તે રાજ ભવન ખાતે યોજાયેલ રક્તદાન શિબિરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની વિવિધ કૉલેજોના ૪૫ વિદ્યાર્થીઓએ તથા પ્રા. ડૉ. રણછોડ રથવી અને ડૉ. ધર્મેન્દ્ર પટેલે રક્તદાન કર્યું હતું.

## રમતગમત

● ગુજરાત યુનિવર્સિટી આયોજિત આંતર કૉલેજ બોક્સિંગ સ્પર્ધામાં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ કુ. રાજપુત તુલસી ૬૧ કિલો ગ્રૂપમાં પ્રથમ, સુવા ૫૧ કીલો ગ્રૂપમાં દ્વિતીય ક્રમે અને કુ. નિરલ એચ. મકાણીએ કુસ્તી સ્પર્ધા-૫૩ કે. જી. વજન ગ્રૂપમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો.

## વિશ્વ ઓઝોન દિવસ

● વીપીએમપી પોલિટેક્નિક દ્વારા તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બૉર્ડ, ગાંધીનગર અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ભરતભાઈ પાઠક (ડાયરેક્ટર, આઈ.આર.ડી., અમદાવાદ) શ્રી નરેશ ઠાકર (પૂર્વ પી. આર. ઓ., જી. પી. સી. બી., ગાંધીનગર) ડૉ. અનિલભાઈ પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર) અને પ્રિ. એ. જે. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં ઓઝોન વિશે સમજૂતી આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા નવીન પોસ્ટર રજૂ કરવામાં આવ્યું હતું.

## વ્યસનમુક્તિ જાગૃતિ

બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના ઉપક્રમે સર્વ નેતૃત્વ ટીમ તેમજ 'શતાયુ' દ્વારા યોજાયેલ ડ્રગ અવેરનેસ તેમજ અંગ-દાન કાર્યક્રમનું તા. ૯/૧૦/૧૭ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમના હેતુઓ તેમજ મહત્ત્વ વિશે જાણકારી આપ્યા બાદ સર્વ નેતૃત્વ ટીમના શ્રી સંકેત પટેલ તેમજ શ્રી રોનક કડિયા દ્વારા વ્યસનથી થતા શારીરિક, માનસિક તેમજ અન્ય નુકસાન બાબતે ઊંડાણપૂર્વક સમજ ઓડિયો વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. શતાયુ ઓર્ગેનાઈઝેશન વતી પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી મૌલિક શાહ દ્વારા અંગ દાન તથા વ્યક્તિના બ્રેન ડેડ થયા પછી તેનાં કયાં કયાં અંગોનું દાન કરી શકાય તે બાબતે માહિતી આપવામાં આવી હતી.

## વ્યાખ્યાન

● એ. એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા "Scope & Opportunities in the Field of Marketing & Sales વિશે શ્રી વૈભવ ધોળકિયાનું અને બેન્કિંગ અને વીમા વિશે શ્રી નિશ્ચલ બૂચનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષકપર્વ

● તા. ૩૦/૮/૧૭ ના રોજ ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કૉલેજનું શૈક્ષણિક તેમજ વહીવટી કાર્ય વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષણકાર્ય સંપન્ન કરનાર વિદ્યાર્થિનીઓ (અધ્યાપકો)ની પસંદગી પણ કરવામાં આવી.

## સર્વ નેતૃત્વ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત સર્વ નેતૃત્વ-૨૮મી નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગઈ. શિબિરમાં મેનેજમેન્ટ ટ્રેનર શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી અમિતભાઈએ ટ્રાફિકની સમસ્યાઓ અને ઉકેલ, અને યોગાચાર્ય શ્રી જે. સી. પટેલે શિક્ષણ, સ્વાસ્થ્ય, યોગ અને સંસ્કાર વિશે સમજણ આપી હતી. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણ સંસ્થા (ESI) સુગડ અને સફાઈ વિદ્યાલય, અમદાવાદની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં આત્મન ફાઉન્ડેશનનાં શ્રી પ્રજ્ઞાબહેન પટેલે વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરેલ વિવિધ પ્રોજેક્ટસની છણાવટ કરી પ્રેરણા પૂરી પાડી હતી. **'સર્વ નેતૃત્વ-૨૯'** શિબિર કડી ખાતે યોજાઈ ગઈ, જેમાં શ્રી અનુરાગ મહેતાએ નેતૃત્ત્વ વિકાસ હેતુ તાલીમ આપી સ્વવિકાસથી શરૂ કરી રાષ્ટ્રવિકાસમાં યુવાઓ કેવી

રીતે સહભાગી થઈ શકે, જીવનમાં નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું અને સમાજોપયોગી પ્રોજેક્ટ તૈયાર કરવા માર્ગદર્શન આપ્યું હતું. અતિથિવકતા શ્રી જે. સી. પટેલ અને શ્રીમતી નિષ્ઠાબહેન ઠાકરે પણ પોતાના જીવનના પ્રસંગો વર્ણવી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું. સમાપન સમારંભમાં સી.આઈ.આઈ. (ગુજરાત) સી.એસ.આર. ચેરમેન - શ્રી નીરજલાલ અને શ્રીરામચંદ્ર સેન્ટર ફોર મેડિટેશનના ઝોનલ હેડ - શ્રી કેજલ કંસારા, ડૉ. યોગેશ પટેલ અને પ્રો. ઉમેશ કોલ્હેએ સફળ જીવન જીવવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે પૂર્વ તાલીમાર્થી ધવલ મહેતાને લવારપુર ગામ ખાતે ‘સ્વચ્છતાનાં પગલે’ પ્રોજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. વધુમાં શિબિરાર્થીઓને અમદાવાદ ખાતે માનવ સાધના કેદ્રની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ બંને શિબિરોનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સિદ્ધ યોગ શિબિર

● અધ્યાત્મ વિજ્ઞાન સત્સંગ કેન્દ્ર, જોધપુર (રાજસ્થાન) દ્વારા વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય સિદ્ધ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ એ જ વિજ્ઞાન એમ સરળ સૂત્રમાં યોગનું મહત્ત્વ સમજાવતાં શ્રી અર્જુનસિંહે જણાવ્યું હતું કે મંત્રમાં રહેલી અપાર શક્તિઓ વડે મનુષ્ય પોતાની નકારાત્મક ઊર્જાને હકારાત્મક ઊર્જામાં ફેરવી શકે છે. આ પ્રસંગે યોગાભ્યાસ પણ કરાવવામાં આવ્યો હતો.

## શાળા વિભાગ

### કલા ઉત્સવ ૨૦૧૭

● ગુજરાત સરકાર દ્વારા આયોજિત ‘કલા ઉત્સવ - ૨૦૧૭’ અંતર્ગત QDC કક્ષાએ સંગીત, નૃત્ય, નાટ્ય અને દશ્યકલા સ્પર્ધાઓનું આયોજન તા. ૨૧/૦૮/૨૦૧૭ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા એન્ડ શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું. જેમાં આ શાળાએ તમામ સ્પર્ધાઓમાં પ્રથમ નંબર મેળવ્યો, તેમજ તા. ૨૨/૮/૧૭ના રોજ SVS કક્ષાએ પણ આ શાળાએ ચારેય વિભાગોમાં પ્રથમ નંબર મેળવતાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા પસંદગી પામી. તા. ૨૮/૮/૧૭ના રોજ તાલુકા કક્ષાની સ્પર્ધાઓમાં આ શાળાની ટીમો નૃત્ય, નાટ્ય, અને દશ્ય કલાઓમાં પ્રથમ નંબર મેળવી ઝોનલ કક્ષાએ પસંદગી પામી. ઝોન કક્ષાનો કલા ઉત્સવ સર્વ વિદ્યાલય, કડી ખાતે તા. ૪/૯/૧૭ના રોજ યોજાયો, જેમાં આ શાળાની ટીમોએ નૃત્ય અને દશ્ય-શ્રાવ્ય કલામાં તૃતીય નંબર, જ્યારે નાટ્ય કલામાં દ્વિતીય નંબર મેળવ્યો.

### ખેલ મહાકુંભ

● રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ નીચે મુજબ સિદ્ધિ મેળવી : ૧. કબડ્ડી : જિલ્લામાં પ્રથમ, રાજ્ય કક્ષા માટે પસંદગી, રૂ. ૩૬૦૦૦/- પુરસ્કાર, ૨. દોડ : ૧૦૦ મીટર, હઠીલા સાહિલ પારૂભાઈ, જિલ્લામાં દ્વિતીય ૩. દોડ : ૨૦૦ મીટર, ૬૦૦ મીટર, ચૌધરી ભાર્ગવ પ્રતાપભાઈ, જિલ્લામાં પ્રથમ, રાજ્ય કક્ષા માટે પસંદગી, રૂ.૩૦૦૦/- પુરસ્કાર, ૪. જુડો : પરમાર સ્નેહ નરેદ્રભાઈ, જિલ્લામાં પ્રથમ, રાજ્ય કક્ષા માટે પસંદગી, રૂ. ૫૦૦૦/- પુરસ્કાર, ૫. સ્કેટીંગ : ૨૦૦ મીટર, ૬૦૦ મીટર, ચંડીસરા ક્રિષ્ના પરબતસિંહ, જિલ્લામાં દ્વિતીય, રાજ્યકક્ષા પસંદગી રૂ. ૫૦૦૦/- પુરસ્કાર, ૬. ગોળાફેંક : દરજી દર્શિલ સંજયભાઈ, તાલુકા કક્ષાએ દ્વિતીય.

● ખેલ મહાકુંભ અંતર્ગત આર્ચરી સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની કુ. માનસી લાભુભાઈ દેસાઈ (ધોરણ ૯/બી) એ પ્રથમ નંબર, કુસ્તી ઓપન એજ ગ્રૂપની સ્પર્ધામાં સિસોદીયા ભાવના દશરથસિંહે (ધોરણ ૧૨/બી) પ્રથમ નંબર મેળવી રૂ. ૫૦૦૦/- નું રોકડ ઇનામ તેમજ સિસોદીયા કુસુમ દશરથસિંહે (ધોરણ ૧૧/બી) દ્વિતીય નંબર મેળવી રૂ. ૩૦૦૦/- નું રોકડ ઇનામ મેળવ્યું છે.

આ બંને વિદ્યાર્થિનીઓની રાજ્યકક્ષા માટે પસંદગી થઈ.

● 'ખેલ મહાકુંભ' અંતર્ગત કબડ્ડી સ્પર્ધામાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ટીમ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવીને રાજ્ય કક્ષાએ પસંદગી પામી.

● ખેલ મહાકુંભ અંતર્ગત એસ. જી. અંગ્રેજી માધ્યમથી પ્રાથમિક શાળા, ગાંધીનગરનો વિદ્યાર્થી સ્મિત પટેલ (ધોરણ-૬) અંડર-૧૪ લૉન ટેનિસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. આ ઉપરાંત ધોરણ-૪/ઈના વિદ્યાર્થી સૌરવકુમારે ૫૦ મીટર દોડ (અંડર-૧૪)માં રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો.

## ગણિત - વિજ્ઞાન પ્રદર્શન

● ૮/૯/૨૦૧૭ના રોજ ગાંધીનગર શહેર અને તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન શિક્ષકોના સહિયારા પ્રયાસથી પાંચ કૃતિઓ રજૂ કરી હતી. જેમાંથી ૧. સ્વચ્છ ભારત માટે નાવિન્યપૂર્ણ વિચારો રજૂ કરતું મોડલ અને ૨ પેન્ટોગ્રાફની પસંદગી જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે થઈ છે.

## ગણેશોત્સવ

● તા. ૨૫/૮/૧૭ના રોજ સેકટર-૨૨ ના રંગમંચ પર ગણેશોત્સવ સાર્વજનિક મહોત્સવની ઉજવણીમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના અને આદિવાસી નૃત્ય રજૂ કર્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ૨૪ જેટલાં બાળકો દ્વારા પંજાબી ફોક ડાન્સ અને જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત ગોવિંદા આલા રે... દહીંહાંડી નૃત્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે માનનીય રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ શ્રીજીની આરતી ઉતારી સર્વેને આશીર્વાદ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરમાં તા. ૨૬/૮/૧૭ ના રોજ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકોએ માથે કેસરી પટ્ટી બાંધીને ગણેશોત્સવમાં ભાગ લીધો અને "ગણપતિ બાપા મોરિયા"ના નાદથી સંસ્થાને ગજવી દીધી હતી. આ પ્રસંગે શ્રી મીનાક્ષીબહેને ગણેશ ચતુર્થીની ઉજવણીનો મહિમા સમજાવ્યો હતો. બાળકોને શંકર, પાર્વતી, ગણેશ, કાર્તિકેય, રિદ્ધિ સિદ્ધિ, પોઠિયો અને ભૂત ટોળી વગેરે પરિવેશમાં તૈયાર કરીને શિવ પરિવારની માહિતી આપી હતી.

## ચિત્ર સ્પર્ધા

● ગુજરાત એન્વાયરમેન્ટ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ઓઝોન ડે નિમિત્તે 'પોસ્ટર કોમ્પિટશન'નું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિહોલ દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ અને પંડિત કલ્પ જયભાઈએ ભાગ લઈ સમગ્ર ગુજરાતમાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરી રૂ. ૧,૫૦૦/- અને રૂ. ૧,૦૦૦/- નું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું.

## દાંડી કુટિર

● તા. ૧૯, ૨૦ અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ના દિવસોમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ધોરણ-૭નાં વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત દરમિયાન પ્રદર્શનને નિહાળી મહાત્મા ગાંધીનાં જીવન મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાન આપી એક સારા નાગરિક તરીકેની ફરજો સમજી રાષ્ટ્ર માટે સત્ય, અહિંસા અને સ્વચ્છતાનાં મૂલ્યોને મહત્ત્વ આપી ઉચ્ચ જીવન જીવવાની શીખ મેળવી હતી.

## નદી બચાવો જાગૃતિ અભિયાન

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં તા. ૧૨/૦૯/૨૦૧૭ના રોજ સમૂહ પ્રાર્થના દરમિયાન 'નદી બચાવો જાગૃતિ અભિયાન' સંદર્ભે ઈશા ફાઉન્ડેશનનાં શ્રીમતી મધુમીતીબહેને સરકાર દ્વારા નદી બચાવો જાગૃતિ અભિયાન જે કન્યાકુમારીથી દિલ્હી સુધી ૩ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર દરમિયાન આયોજિત કરવામાં આવ્યું છે તે વિશે તથા ૨૦ સપ્ટેમ્બરે અમદાવાદમાં આયોજિત 'રેલી ફોર રિવર' વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને નદી કિનારે જંગલ વિકસાવવા, ફળોનાં ઝાડ ઉગાડવાં, લોકમાતા નદીના પાણીનો કરકસર યુક્ત ઉપયોગ અને વરસાદી પાણીનો સંગ્રહ કરવા સમજાવ્યું હતું.

## નાટ્ય સ્પર્ધા

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા નાથીબા હૉલમાં શેરી નાટ્ય સ્પર્ધાનું

આયોજન તા. ૨૩/૮/૧૭ના રોજ કરવામાં આવતાં ભારત દેશ, ગ્રીન હાઉસ, બેટી બચાવો, શિક્ષણ, સ્વચ્છતા અને રોડ સેફ્ટી પર નાટકો રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાં 'શિક્ષણ' વિષયક નાટકે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ટીમ ગુજકોસ્ટ અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨૯/૮/૧૭ના રોજ આયોજિત જિલ્લા કક્ષાની વિજ્ઞાન નાટ્ય સ્પર્ધામાં સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. આ નાટકનો વિષય 'નદી શુદ્ધિકરણ' હતો, જેમાં ૧૧ નાટકો રજૂ થયાં હતાં.

## નિબંધ લેખન

● ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ઓઝોન ડે નિમિત્તે 'વૈશ્વિક ઉષ્ણતામાનની અસરો અને કારણો' વિષય અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી હર્ષ ભાવિનકુમાર વ્યાસે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી રૂ. ૧૨૦૦/- ઇનામ પેટે પ્રાપ્ત કર્યાં.

## નૃત્ય

● તા. ૧૪/૯/૨૦૧૭ના રોજ જાપાનના વડાપ્રધાન સિન્ઝી આબેના આગમન સમયે ગાંધીનગરના સરગાસણ સર્કલ પાસે આદિવાસી નૃત્ય ટિપ્પણી ડાન્સ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની એન.સી.સી., સ્કાઉટગાઈડ અને એન.એસ.એસ.ની ૩૦ વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યું, જેના ગીતના શબ્દો 'મારે ટોલડે બેઠો મોર' હતા.

## પરીક્ષા - પરિસંવાદ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં તનાવ મુક્ત શિક્ષણ અને પરીક્ષાનો માનસિક ભય દૂર કરવા વિશે પરિસંવાદનું આયોજન તા. ૨૯/૮/૧૭ના રોજ ખીમજી વિસરામ હૉલમાં કરવામાં આવ્યું હતું, જેમાં કનોરિયા હૉસ્પિટલનાં ડૉ. રાજેન્દ્ર આનંદ, અભિષેક ત્રિપાઠી અને અર્ચના ભાટીયાએ પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી અને વિદ્યાર્થી જીવનનો રોલ કેવો હોવો જોઈએ, સોશ્યલ મીડિયાથી દૂર રહેવા તથા નકારાત્મક પરિબળો કેવી માઠી અસર ઉપજાવે છે તે વિશે સમજાવ્યું હતું. આભારવિધિ આચાર્યાશ્રી સુધાબહેન પટેલે કરી હતી.

## માર્ગ સુરક્ષા સપ્તાહ

● માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી અંતર્ગત શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧૮/૮/૧૭ના રોજ તથા શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં તા. ૨૪/૮/૨૦૧૭ ના રોજ માર્ગ સુરક્ષા કાર્યક્રમ હેઠળ આર.ટી.ઓ. ઑફિસ ગાંધીનગરના શ્રી દીક્ષિતભાઈ પટેલ દ્વારા અકસ્માત નિવારવા, લાયસન્સ કઢાવવા અને અકસ્માત થયા પછી શું કરવું જોઈએ તેની માહિતી આપી હતી.

## રમતગમત

● આણંદ ખાતે યોજાયેલ 'નેશનલ ટેકવોન ચેમ્પિયનશિપ-૨૦૧૭'માં એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી મલ્હાર આર. પરમારે (ધોરણ-૭/સી) આ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે બ્રૉંઝ મેડલ અને રાજ્ય સ્તરે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. ધોરણ ૬ના વિદ્યાર્થી સ્મિત નિલેષભાઈ પટેલે મધ્ય પ્રદેશ ટેનિશ એસોસિએશન આયોજિત All India Tennis Tournament Talent Series – ૨૦૧૭ લૉન ટેનિસ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયા.

## રાષ્ટ્રીય બાળવિજ્ઞાન

ગાંધીનગર જિલ્લાના અમરપુરા બુનિયાદી કન્યા વિદ્યાલય ગ્રામભારતી ખાતે રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સમયે હેમ રેડિયો સંલગ્ન GIAR સંસ્થાની ભૂમિકા સંદર્ભમાં પ્રોજેક્ટ રજૂ કરાયો હતો, જેની રાજ્યકક્ષાએ પસંદગી કરવામાં આવી.

## લોકનૃત્ય

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ ધોરણ- ૫થી ૮ના વિદ્યાર્થીઓ વચ્ચે લોકનૃત્યની સ્પર્ધાનું આયોજન

કરવામાં આવતાં તામિલનાડુ, રાજસ્થાન, પંજાબ, ગુજરાત અને આસામ રાજ્યોનાં લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યાં હતાં જેમાં આસામનું લોકનૃત્ય પ્રથમ નંબરે વિજેતા થયું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

● શિક્ષણ, માહિતી અને રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે 'કારકિર્દી આયોજન સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની મિર્ઝા હફીજુનીશાની (ધો. ૧૨/સી કોમર્સ) એ SVS કક્ષાએ તથા જિલ્લા કક્ષાઓ પ્રથમ નંબર મેળવ્યો તથા તા. ૨૨/૯/૧૭ના રોજ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશન (ગાંધીનગર) દ્વારા "Google Generation" વિષય હેઠળ આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવી કુલ ત્રણ શિલ્ડ પ્રાપ્ત કર્યાં.

## વિદાય સમારોહ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરના શિક્ષકો શ્રી રમેશભાઈ માલવિયા તથા શ્રીમતી પ્રીતિબહેન શુક્લા વયમર્યાદાને લીધે સેવાનિવૃત્ત થતાં તેમનો વિદાય-શુભેચ્છા સમારંભ તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. આ નિમિત્ત આ બંને શિક્ષકોની સેવાઓને બિરદાવીને સન્માનપત્રો તથા સ્મૃતિચિહ્નો અર્પણ કરવામાં આવ્યાં. વિદાય લઈ રહેલા બંને શિક્ષકોએ પોતાના અનુભવો અને પ્રતિભાવો લાગણીસભર હૈયે રજૂ કર્યા હતા. આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે તેમની સેવાઓની સરાહના કરીને નિવૃત્તજીવન સુખમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થિનીઓએ વિદાય ગીતો પણ ગાયાં હતાં. શ્રી ગીતેષભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

## શાળા સ્તરે IAS પ્રશિક્ષણ

● શ્રી એમ. એમ. પટેલ IAS સેન્ટર ફોર સ્કૂલ, ગાંધીનગર દ્વારા શાળા કક્ષાએથી જ વિદ્યાર્થીઓને IASની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ટ્રેનિંગ આપવામાં આવે છે, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ૨૦ વિદ્યાર્થીઓએ લેખિત - મૌખિક પરીક્ષા પાસ કરતાં ત્રણ વર્ષની ટેનિંગ માટે પસંદગી પામ્યાં.

## શિક્ષકપર્વ

● વિશ્વવિખ્યાત ફિલસૂફ અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના જન્મદિન તા. ૫ સપ્ટેમ્બરને સમગ્ર રાષ્ટ્રમાં 'શિક્ષકદિન' તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં આયોજિત સમાપન સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતુ કે આજનો 'શિક્ષક દિન' ગ્લોબલ છે, કારણ કે AFS અંતર્ગત આપણી શાળામાં નેપાળ, થાઈલેન્ડ અને ઈટાલીમાંથી અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થીઓએ પણ પ્રિન્સિપાલ અને શિક્ષકો તરીકે જવાબદારી નિભાવી છે. વધુમાં, લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સારા સંસ્કારો અને જીવનઘડતર સાથે સંસ્થાની પ્રગતિમાં સિંહ ફાળો આપનાર ભૂતપૂર્વ પ્રિન્સિપાલશ્રીઓ અને શિક્ષકોને તેમણે યાદ કરી વંદન કર્યાં હતાં. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. અજયભાઈ ગોરે જણાવ્યું હતું કે જો શિક્ષક પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવે તો આપણી અપેક્ષા મુજબનાં સારા પરિણામો મળી શકે. એમ. પી. પટેલ કોમર્સ કૉલેજનાં વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલશ્રી, પ્રોફેસરશ્રીનાં પરિવારોનાં સભ્યોને રૂબરૂ મળી એક શિક્ષક અને નાગરિક તરીકે કેવા તે સંબંધી પ્રતિભાવ જાણીને કોલેજનાં વિદ્યાર્થીઓ સાથે વિચાર-વિમર્શ કર્યા હતો. આ પ્રસંગે કેમ્પસમાં સ્થિત સમગ્ર શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ પૈકી ૨૨ પ્રિન્સિપાલશ્રીઓ, ૨૨ વાઈસ પ્રિન્સિપાલશ્રીઓ અને ૮૧૦ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ભૂમિકા અદા કરી હતી. આ કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઑફ મેનેજમેન્ટના ડીન ડૉ. ભાવિનભાઈ પંડ્યા અને તેમની ટીમે કર્યું હતું.

● ગાંધીનગર કેમ્પસની વિવિધ શાળાઓ પૈકી શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, એસ. કે. પટેલ કે. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, અને શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરમાં સ્વંય

શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે શિક્ષણનિધિનો ફાળો એકત્ર કરવા માટે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, વિદ્યાર્થિનીઓ, આચાર્યા અને ઉ. મા. વિભાગના શિક્ષકશ્રી દ્વારા માનનીય રાજ્યપાલશ્રી તથા રાજ્યના મંત્રીશ્રીઓ તથા વિવિધ અધિકારીશ્રીઓ વગેરેની મુલાકાત લઈને તથા શાળા-પરિવાર દ્વારા એકઠો કરેલ કુલ રૂ. ૨૧૭૮નો ફાળો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવામાં આવ્યો.

## શૈક્ષણિક મુલાકાત

● એસ. કે. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ધોરણ ૫નાં ૩૬૦ બાળકોએ રાંધેજા ગામે આવેલ ગૌશાળા, યજ્ઞ શાળા તથા આયુર્વેદ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

● એસ. જી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૬નાં બાળકોએ સેક્ટર - ૧૬માં આવેલ બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાત લઈ બ્રેઈન લિપિ તેમજ અંધ બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ વિશે તથા ધોરણ-૮નાં બાળકોએ 'ઈસરો'ની મુલાકાત લઈ તેની કામગીરી વિશે માહિતી મેળવી હતી.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા એન્ડ શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ વિભાગની વિદ્યાર્થિનીઓએ તા.૭/૯/૧૭ના રોજ ઈન્દ્રોડા પાર્કમાં ડાયનાસોર પાર્ક, પક્ષીઘર, સર્પગૃહ, પ્રાણી સંગ્રહાલય તથા બોટનીકલ ગાર્ડનની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થિનીઓ સાથે બે શિક્ષકો શ્રી વિશ્વાસભાઈ શાહ તથા શ્રી અનિલભાઈ રાવલ જોડાયા હતા.

● એસ. જી. પ્રાથમિક શાળાના ધોરણ-૭ના બધા જ વર્ગોનાં વિદ્યાર્થીઓએ સેકટર-૧૨ માં આવેલ સી. એમ. પટેલ ફિઝિયોથેરાપી અને નર્સિંગ કૉલેજની મુલાકાત લઈ કૉલેજના વિવિધ વિભાગો તથા તેના અભ્યાસક્રમની ઉપયોગિતા વિશે જાણકારી મેળવી હતી.

● તા. ૧૮, ૧૯ સપ્ટેમ્બરના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ધોરણ-૬નાં વિદ્યાર્થીઓએ મધુર ડેરીની મુલાકાત લઈ દહીં, માખણ, છાસ, ઘી, પનીર, આઈસક્રીમ જેવી દૂધની વિવિધ બનાવટો વિશે તથા વિવિધ પ્રોડક્ટની સાચવણી માટેનાં કોલ્ડ સ્ટોરેજ તથા પેકિંગ માટેની મશીનરી નિહાળી તેમાં કયા વૈજ્ઞાનિક અભિગમોનો ઉપયોગ થયો છે તેની માહિતી મેળવી હતી.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિદ્યાર્થિનીઓને સપ્ટેમ્બર માસ દરમિયાન દાંડી કુટિર, 'સાયન્સ એક્સપ્રેસ' ગ્રામભારતીમાં સ્થિત આદિજાતિ આશ્રમશાળા, મધર ડેરી વગેરેની મુલાકાતે લઈ જવા ઉપરાંત 'અમરનાથ'ની યાત્રા પણ કરાવી હતી.

● એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા તા. ૧૨/૧૦/૨૦૧૭ ના રોજ ધોરણ ૧થી ૫ ની ૧૨૦ વિદ્યાર્થિનીઓ માટે વિજાપુર ઋષિવનના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્વચ્છતા અભિયાન સપ્તાહ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળામાં તા. ૨૫ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર સુધી ગાંધીજયંતીને અનુલક્ષીને 'સ્વચ્છતા માટે હું શું કરીશ' તે વિષય ઉપર નિબંધસ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્વચ્છતા અભિયાન અને શાળાના બુલેટીન બૉર્ડ ઉપર સ્વચ્છતાનાં સૂત્રો લખવામાં આવ્યાં. તથા પ્રયોગશાળા વગેરેની સફાઈ કરવામાં આવી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૭, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૭, સળંગ અંક : ૪૧**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર સંચાલિત વિવિધ બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક – ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કેટલીક સાંસ્કૃતિક / શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં દ્રશ્યો.


















Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 7, Issue No. 5 September-October 2017
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર દ્વારા લોકહિતાર્થે શરૂ કરવામાં આવેલ 'ફરતો આરોગ્ય રથ' = 'Physiotherapy on Wheels, Nursing on Wheels'ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી રહેલા ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ. તેમની બાજુમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.

